
અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
તમન્ના ભાટિયાએ વિજય વર્મા સાથે રિલેશનશિપમાં હોવાની...



પેજ-09
જોકોવિચ સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ટેનિસ પ્લેયર બન્યો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 28.00 |
| વડોદરા | 36.00 | 28.00 |
| સુરત | 33.00 | 28.00 |



પેજ 5 — દ્વિપક્ષીય વેપાર:ભારત-યુએઇ વચ્ચે ટ્રેડ 100$ અબજને આંબશે...

14 JUNE-2023 WEDNESDAY



પેજ 10 — ઇટલીના પૂર્વ વડાપ્રધાન બર્લુસ્કોનીનું નિધન: 17 વર્ષ સુધી સત્તા...

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 63143.16 | ▲ | 418.45 |
| નિફ્ટી | 18716.20 | ▲ | 114.70 |
| સોનું | 59,441.00 | ▼ | 200.00 |
| ચાંદી | 72,690.00 | ▼ | 284.00 |


વર્ષ-11 । અંક-212 । વિક્રમ સંવત-2079 । જેઠ વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## 15 જૂને બિપરજોય વાવાઝોડું કચ્છના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ટકરાશે તેવી આગાહી

# વાવાઝોડું આંશિક દૂર ગયું પણ સંકટ હજુ યથાવત્

- **બિપરજોય વાવાઝોડાની અસર પગલે દ્વારકામાં ગોમતી ઘાટ પાસે દરિયાએ ધારણ કર્યું રૌદ્ર સ્વરૂપ**
- **માંગરોળના દરિયાકાંઠે બોટને થતું નુકસાન અટકાવવા માછીમારો મરણિયા બન્યા**

ગાંધીનગર, તા. 13

ગુજરાત પર સંકટ બનીને આવી રહેલું વાવાઝોડું બિપરજોય અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. આ વાવાઝોડું દરિયામાં 8 કિલોમીટરની ઝડપે આગળ વધી રહ્યું છે, જે અગાઉ 10 કિલોમીટર પ્રતિ કલાકે આગળ વધી રહ્યું હતું. હાલ મળતા અહેવાલો મુજબ દરિયાઈ સીમામાં ગુજરાત કોસ્ટ વિસ્તારથી વાવાઝોડું થોડુ જ દૂર નોંધાયું હોવાના અહેવાલો મળી રહ્યા છે. બિપોરજોય વાવાઝોડું પોરબંદરથી 320 કિમી દૂર હતું, જે હવે 330 કિમી દૂર ગયું છે. જ્યારે દ્વારકાથી 290 કિલોમીટર દૂર કહેવાતું વાવાઝોડું 300 કિલોમીટર દૂર ગયું છે. જ્યારે જખૌથી પહેલાની જેમ જ 320 કિલોમીટર દૂર છે. એટલે કે વાવાઝોડું આંશિક જ દૂર ગયું છે અને તે ફરી વળાંક લઈને નજીક આવી શકે છે.


**વધુ સમાચાર માટે વાંચો પાના નં. 12**


### સૌરાષ્ટ્રનાં ગામડાંમાં દરિયાનાં પાણી ઘૂસ્યાં માછીમારોનાં ગામો ખાલી થઈ ગયાં



### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાવાઝોડા સામે સુરક્ષાની તૈયારીઓની સમીક્ષા કરી

## અમિત શાહની ગુજરાત સરકારને શક્ય તમામ મદદની ખાતરી



ગાંધીનગર: કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ચક્રવાત વાવાઝોડા સામે સરકાર અને વહીવટી તંત્રની તૈયારીઓની સમીક્ષા કરવા માટે આજે નવી દિલ્હીમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી હતી.તેમણે કહ્યું કે, અમારો ઉદ્દેશ્ય ચક્રવાતી તોફાન 'બિપરજોય' દ્વારા થતા સંભવિત નુકસાનને ઘટાડવાનો અને એક પણ જાનહાની ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે.12 જૂને પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી સમીક્ષા બેઠકમાં આપવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્દેશો પર ઝડપથી કાર્ય કરવાની જરૂર છે.

### કેન્દ્રની ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે રૂ. 8 હજાર કરોડની જાહેરાત

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના મંત્રીઓ સાથે બેઠક કરી હતી. અમિત શાહે વાવાઝોડાને પહોંચી વળવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે રૂ. 8 હજાર કરોડની 3 મોટી યોજનાની જાહેરાત કરી હતી, જેમાં ફાયરબ્રિગેડનું આધુનિકીકરણ, પૂર નિયંત્રણ અને ભૂસ્ખલનની ઘટનાઓને રોકવાનો સમાવેશ થાય છે.

**Quick Read**

### ભોપાલના સતપુડા ભવનમાં 16 કલાક બાદ આગ પર કાબૂ: 12 હજાર ફાઈલો બળીને રાખ

ભોપાલ : ભોપાલમાં મધ્યપ્રદેશ સરકારની બીજી સૌથી મોટી સતપુડા બિલ્ડિંગમાં સોમવારે સાંજે 4 વાગ્યે લાગેલી આગ મંગળવારે સવારે 8 વાગ્યા સુધીમાં કાબૂમાં આવી હતી. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણના નિર્દેશ પર રચાયેલ અધિકારીઓની ટીમ તપાસ માટે સતપુડા ભવન પહોંચી હતી. તપાસ ટીમના સભ્ય એસીએસ હોમ રાજેશ રાજૌરાએ કહ્યું, 'આગ લાગવાના કારણ અંગે કંઈપણ કહેવું ઉતાવળભર્યું ગણાશે. તમામ માળે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

### માતાની હત્યા કરી, સૂટકેસમાં લાશ ભરીને પોલીસ સ્ટેશન પહોંચી: પુત્રીએ ગુનો કબૂલ્યો

બેંગલુરુ : 39 વર્ષીય ફિઝિયોથેરાપિસ્ટે તેની માતાની હત્યા કરી હતી. હત્યા બાદ લાશને સૂટકેસમાં ભરીને પોલીસ સ્ટેશન પહોંચી હતી, જ્યાં તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસે મહિલાની ધરપકડ કરી તેની પૂછપરછ શરૂ કરી છે. તપાસમાં જાણવા મળ્યું કે મહિલાનો તેની માતા સાથે અવારનવાર ઝઘડો થતો હતો, જેનાથી કંટાળીને તેણે આ હત્યા કરી નાખી હતી. આરોપી મહિલાની ઓળખ સેનાલી સેન તરીકે થઈ છે. તે પશ્ચિમ બંગાળની છે.

### લિવ-ઈન-રિલેશનશીપ કાયદાકીય રીતે લગ્ન ગણાતા નથી : કેરળ હાઈકોર્ટ

તિરુવંતપુરમ : કેરળની હાઈકોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટની જસ્ટિસ એ મુહમ્મદ મુસ્તાક અને સોફી થોમસની બેન્ચે નોંધ્યું કે લિવ-ઈન-રિલેશનશીપને હજી સુધી કાયદાકીય રીતે માન્યતા મળી નથી. કાયદો કોઈ પણ સંબંધને ત્યારે જ માન્યતા આપે છે, જ્યારે લગ્ન પર્સનલ લો મુજબ કે વિશેષ વિવાહ અધિનિયમ જેવા ધર્મનિરપેક્ષ કાયદા મુજબ થયા હોય. કોર્ટે કહ્યું કે એક સામાજિક સંસ્થાના રૂપમાં લગ્નને કાયદાકીય માન્યતા પ્રાપ્ત છે.

### કુપવાડામાં LOC નજીક સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ, 2 આતંકી ઠાર

કુપવાડા : જમ્મુ-કાશ્મીર પોલીસે મંગળવારે જણાવ્યું કે, ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલના ડોબનાર વિસ્તારમાં નિયંત્રણ રેખા (LOC) પાસે આતંકવાદીઓ સાથે અથડામણ થઈ હતી. પોલીસે જણાવ્યું છે કે આ આતંકવાદી અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. કાશ્મીર પોલીસ ઝોને જણાવ્યું કે, ભારતીય સેનાના જવાનો અને કુપવાડા પોલીસે એલઓસી નજીક ડોબનાર વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં બે આતંકવાદીઓ ઠાર થયા છે.

### બંગાળમાં વિપક્ષી પાર્ટીઓને હાઈકોર્ટે આપ્યો ઝટકો : તારીખ લંબાવવાનો કર્યો ઈનકાર

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં વિરોધ પક્ષોને કોલકાતા હાઈકોર્ટે મોટો ઝાટકો આપ્યો છે. હાઈકોર્ટે રાજ્યમાં પંચાયત ચૂંટણી માટે નોમિનેશનની તારીખ લંબાવવાનો ઈન્કાર કરી દીધો છે. બંગાળ પંચાયતની ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ કોલકાતા હાઈકોર્ટમાં બે જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેમાં એક અરજી પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અધિરંજન ચૌધરીએ અને બીજી અરજી શુભેન્દુ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવી હતી.

### વિપક્ષી એકતા મીટિંગ પહેલા નીતીશ કુમારને ઝટકો

## માંઝીના પુત્ર સંતોષ સુમનનું રાજીનામું

પટના, તા. 13

બિહારમાં વિપક્ષી એકતા મીટિંગ પહેલા નીતીશ કુમારને મોટો ઝટકો લાગ્યો છે. તેમના મંત્રીમંડળમાં સામેલ જીતન રામ માંઝીના પુત્ર એસસી, એસટી કલ્યાણ મંત્રી ડો.સંતોષ સુમને મંત્રી પદેથી રાજીનામુ આપી દીધુ છે. રાજીનામુ આપ્યા બાદ ડો સંતોષ સુમન અને તેમની પાર્ટી હમ તરફથી કહેવામાં આવ્યુ કે મુખ્યમંત્રી નીતીશ કુમારના સ્તરેથી તેમની પાર્ટીને જેડીયુમાં ગઠબંધન કરવાનું દબાણ કરવામાં આવી રહ્યુ હતુ, પરંતુ જીતન રામ માંઝી આ માટે તૈયાર નહોતા. આ કારણે સુમને મંત્રી પદેથી રાજીનામુ આપ્યુ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે જીતન રામ માંઝીની નારાજગીને લઈને નીતીશ કુમારે વિજય ચૌધરીને મેનેજ કરવા માટે કામે લગાડ્યા હતા.



**NDAમાં જવા અંગે હજુ કોઈ નિર્ણય નથી**

NDAમાં જવાના સવાલ પર સંતોષ સુમને કહ્યું- હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. અમે એકલા પણ ચૂંટણી લડી શકીએ છીએ. અત્યારે અમે મહાગઠબંધનની સાથે છીએ. અમે રહેવા માંગીએ છીએ, પરંતુ મોટા પક્ષો જેડીયુ અને આરજેડી અમને રાખવા માંગતા નથી. મહાગઠબંધનમાં ઉપેક્ષાના આરોપો પર તેમણે કહ્યું કે જ્યારે લોકો પીછેહઠ કરે છે ત્યારે તેઓ ઉપેક્ષાનો આરોપ લગાવે છે.


**રાજીનામા પર JDU અને RJDએ શું કહ્યું :** સંતોષ સુમનના રાજીનામા પર JDU અને RJDનું નિવેદન આવ્યું છે. JDU મંત્રી લેશી સિંહે કહ્યું- નીતિશજીએ જીતનરામ માંઝીને સીએમ બનાવ્યા હતા. આવા લોકો આવતા-જતા રહે છે. કોઈ વાંધો નહીં આવે. RJD પ્રવક્તા શક્તિ સિંહે કહ્યું- પદ પરથી રાજીનામું આપવું એ કોઈ આંચકો નથી.

### RSS ચીફના નિવેદન પર ભડક્યા ઔવેસી

## ભારતમાં મુસ્લિમ સુરક્ષિત છે એવું બોલનારા ભાગવત કોણ?

નવી દિલ્હી, તા. 13

AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ RSS ચીફ મોહન ભાગવતની તાજેતરના નિવેદન અંગે ઝાટકણી કાઢી હતી. સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સોમવારે અમેરિકામાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે આ વારંવાર જે RSS દ્વારા બોલવામાં આવે છે કે, મુસ્લિમો ભારતમાં જ સુરક્ષિત છે. આ બોલનારા તમે કોણ છો.



ઔવેસીએ કહ્યું આ તો સંવિધાન છે. સંવિધાન છે તો અમે સુરક્ષિત છે. તેમણે આગળ કહ્યું કે, તમે અમને આક્રમણકારી કહો છો. જો આક્રમણકારી હોય તો તે આર્યો છે. આ દેશ કોઈનો છે તો આદિવાસીઓ અને દ્રવિડનો છે. માનવશાસ્ત્રીઓ દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી છે. ખુદ બાલ ગંગાધર તિલકે કહ્યું છે કે, અમે બ્રાહ્મણ લોકો આર્કટિકથી આવ્યા છે.

**● આ દેશ આદિવાસીઓ અને દ્રવિડનો છે : AIMIM ચીફ**

ઔવેસીએ પોતાના ભાષણમાં કહ્યું કે, મુસ્લિમો અંહી હતા. હાલમાં RSS ચીફનું નિવેદન આવ્યું કે, ઈસ્લામ ત્યાં ગયો અને ખતમ થઈ ગયો. પરંતુ ક્યાંક તે સુરક્ષિત છે તો તે ભારતમાં છે. મુસ્લિમો ભારતમાં જ સુરક્ષિત છે. આ બોલનારા તમે કોણ છો. ઔવેસીએ કહ્યું આ તો સંવિધાન છે. સંવિધાન છે તો અમે સુરક્ષિત છે.

## મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર કેમિકલના ટેન્કરમાં આગ: 4નાં મોત નિપજ્યા

**કેટલાક વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા, ભડભડ સળગતું ટેન્કર બળીને ખાખ**

મુંબઈ, તા. 13

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર મંગળવારે એક કેમિકલ ભરેલું ટેન્કર પલટી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ટેન્કરમાં આગ લાગી હતી. જેમાં 4 લોકોના મોત થયા છે, જ્યારે 3 લોકો ઘાયલ થયા છે. ઘટના બપોરે 12 વાગ્યે ખંડાલા બાયપાસ પર ફ્લાયઓવરની છે. અહેવાલો અનુસાર, આગ એટલી ભયાનક હતી કે થોડી જ મિનિટોમાં સળગતું આખું ટેન્કર બળીને ખાખ થઈ ગયું હતું. ટેન્કરમાંથી નીકળતું કેમિકલ ફ્લાયઓવરની નીચે પડતું હતું. જ્યાં- જ્યાં કેમિકલ પડ્યું ત્યાં આગ ફેલાઈ ગઈ હતી. અકસ્માત દરમિયાન



ટેન્કરમાં સવાર બે લોકો અને ફ્લાયઓવર નીચેથી પસાર થતા બે બાઈક સવારો આગની ઝપેટમાં આવી ગયા હતા. ભીષણ આગમાં દાઝી જવાથી તેમનું મોત થયું હતું. ફ્લાયઓવરની નીચે કેટલાક વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા છે. ઘાયલોને સોમાટણેની પવન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના બાદ મુંબઈ અને પુણે જતો ટ્રાફિક સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.

### દિલ્હી-NCRમાં ભૂકંપના જોરદાર આંચકા

નવી દિલ્હી, તા. 13

મંગળવારે દેશના ઉત્તર ભાગમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હી-NCRમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર એની તીવ્રતા 5.4 માપવામાં આવી હતી. દિલ્હી-NCR ઉપરાંત પંજાબ, ચંદીગઢ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ મંગળવારે બપોરે 1: 33 વાગે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમ્મુ-કાશ્મીરના ડોડામાં છે. તેની ઊંડાઈ જમીનની અંદર 6 કિલોમીટર હતી.પાકિસ્તાન અને ચીનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

## કાનપુરના બારા પોલીસ સ્ટેશનમાં ભાજપના કાર્યકરોએ હંગામો મચાવ્યો

### પોલીસકર્મીઓને ગાળો આપી અને ધક્કો માર્યો, અખિલેશે કહ્યું- ભાજપના શાસનમાં ભ્રષ્ટાચારનું તોફાન

કાનપુર, તા. 13

કાનપુરના બારા પોલીસ સ્ટેશનમાં ભાજપના કાર્યકરોએ હંગામો મચાવ્યો હતો. બીજેપી કાર્યકર વિરુદ્ધ એફઆઈઆર નોંધવાના મામલે તેમણે સોમવારે રાત્રે પોલીસને ધક્કા-મુક્કી કરી અને ગાળો આપી. એટલું જ નહીં, પોલીસ સ્ટેશનમાં પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલા એડીસીપી સાઉથ અંકિતા શર્માએ બીજેપી કાર્યકરની ફરિયાદ પર અન્ય પક્ષ વિરુદ્ધ ક્રોસ એફઆઈઆર નોંધી છે. તપાસ ACP નૌબસ્તાને સોંપવામાં આવી હતી. ત્યારબાદ જ ભાજપના આગેવાનો અને કાર્યકરો શાંત થયા હતા.



**બીજેપી કાર્યકર વિરુદ્ધ FIR નોંધાયા બાદ હોબાળો થયો**

જરૌલી ફેઝ-2ના રહેવાસી શશાંક દ્વિવેદીનો ભાજપ કાર્યકર શોભિત દીક્ષિત સાથે ઝઘડો થયો હતો. પરંતુ, પોલીસ સ્ટેશનમાં બેસીને બંને પક્ષોએ સમાધાન કરી લીધું હતું. આરોપ છે કે 5 જૂને ફરીથી શોભિત દીક્ષિત, કરણ દીક્ષિત, રવિ પ્રકાશ પાંડે અને અનુજ પાંડેએ શશાંક દ્વિવેદીને એટલો માર માર્યો કે તેમના હાથમાં ફ્રેક્ચર થયું.

**બ્રિજભૂષણ Vs રેસલર્સ વિવાદ** કુસ્તીબાજોએ આરોપોની પુષ્ટિ માટે ઑડિયો અને વિઝ્યુઅલ પુરાવા આપ્યા હતા

## જાતીય શોષણ સાબિત કરવા માટે પુરાવા પૂરતા નથી : પોલીસ

પાનીપત, તા. 13

રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહ સામે જાતીય સતામણીનો આરોપ મૂકનારા છ મહિલા કુસ્તીબાજોમાંથી ચારે તેમના આરોપોની પુષ્ટિ માટે ઑડિયો અને વિઝ્યુઅલ પુરાવા આપ્યા છે. દિલ્હી પોલીસે આ દાવો કર્યો છે. દિલ્હી પોલીસના એક અધિકારીએ પ્રથમ ઘટનાને ટાંકીને દાવો કર્યો હતો કે બંને ફરિયાદીએ બ્રિજભૂષણ સામેના તેમના આરોપોને સાબિત કરવા માટે પૂરતા પુરાવા આપ્યા નથી. જોકે બે મહિલા કુસ્તીબાજો, એક આંતરરાષ્ટ્રીય રેફરી અને રાજ્ય સ્તરના કોચે પોલીસ સમક્ષ કુસ્તીબાજોના સમર્થનમાં જુબાની આપી છે. એના આધારે પોલીસ ચાર્જશીટ રજૂ કરશે. આ કિસ્સામાં કેસની કલમો માટે એડવાઈઝરી લેવામાં આવી રહી છે. આ કેસમાં દિલ્હી પોલીસ પુખ્ત કુસ્તીબાજોના કેસમાં 15મીએ ચાર્જશીટ રજૂ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ સગીર રેસલરના કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરી શકે છે. સગીર કુસ્તીબાજે બ્રિજભૂષણ સામેના જાતીય શોષણના આરોપો પાછા ખેંચી લીધા છે. બ્રિજભૂષણ શરણ



સિંહ આ ચૂંટણી લડી શકશે નહીં. તેઓ સતત ત્રણ ટર્મથી અધ્યક્ષ રહ્યા છે, તેથી ફેડરેશનના નિયમો અનુસાર તેઓ કોઈપણ પદ માટે ચૂંટણી લડી શકતા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર હરિયાણામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ ઓપી ધનખર અધ્યક્ષપદના ઉમેદવાર હોઈ શકે છે, પરંતુ હજુ સુધી કોઈએ આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી નથી.રેસલર વિનેશ ફોગાટે બ્રિજભૂષણ અને રેસલર્સ વિવાદમાં કહ્યું હતું કે અમે 15 જૂને ચાર્જશીટ કરાય એની રાહ જોઈ રહ્યા છીએ.

**● આવતીકાલે હરિયાણા બંધ, દિલ્હીમાં ફળો અને શાકભાજીનો સપ્લાય નહીં થાય**

આવતીકાલે ખાપ પંચાયતોનું હરિયાણા બંધ રહેશે. આ દરમિયાન રાજ્યમાં રોડ-રસ્તાઓ અને ટ્રેનો બંધ રહેશે. આ સિવાય દિલ્હીમાં ફળો અને શાકભાજીનો સપ્લાય પણ નહીં થાય. થોડા દિવસો પહેલાં ખાપ પંચાયતોએ KMP એક્સપ્રેસ વે પર જનતા સંસદમાં આ જાહેરાત કરી હતી. તેઓ બ્રિજભૂષણની ધરપકડની માગ કરી રહ્યા છે. આ સિવાય MSP સહિત કુલ 25 માગણી સરકાર સમક્ષ મૂકવામાં આવી છે.

**● 4 જુલાઈએ WFIની ચૂંટણીમાં હરિયાણા બીજેપી અધ્યક્ષ ઉમેદવાર બની શકે છે**

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની ચૂંટણી 4 જુલાઈના રોજ યોજાશે. ફેડરેશને સોમવારે આની જાહેરાત કરી હતી. જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ મહેશ મિત્તલ કુમારને ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કુસ્તીબાજો સાથેની બેઠકમાં ખેલમંત્રીએ 30 જૂન સુધીમાં ચૂંટણી કરાવવાની ખાતરી આપી હતી.

## મણિપુરમાં ફરી હિંસા, એકનું મોત

### 42 દિવસમાં 100થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા

ઈમ્ફાલ, તા. 13

મણિપુરમાં 3 મેથી કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે હિંસા ચાલુ છે. સોમવારે ઈમ્ફાલમાં શંકાસ્પદ આદિવાસીઓ અને નાગરિકો વચ્ચે ગોળીબાર થયો હતો. આ ફાયરિંગમાં એક કૂકીનું મોત થયું હતું. જ્યારે 10 લોકો ઘાયલ થયા હતા. હિંસાને કારણે રાજ્યમાં ઈન્ટરનેટ પ્રતિબંધ 15 જૂન સુધી લંબાવવામાં આવ્યો છે. મણિપુરમાં 42 દિવસથી ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં 100થી વધુ લોકોના મોત થયા છે. 320 ઘાયલ છે અને 47 હજારથી વધુ લોકો 272 રાહત શિબિરોમાં રહેવા મજબૂર છે. અને 10 જૂનના રોજ રાજ્યના

**47 હજારથી વધુ લોકો રાહત શિબિરોમાં**



11 અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જેમાં IAS અને IPS અધિકારીઓનો સમાવેશ થાય છે. અગાઉ ગૃહમંત્રી અમિત શાહ આ મહિનાની શરૂઆતમાં અહીં 4 દિવસની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન રાજ્યના ડીજીપી પી ડોંગલને હટાવવામાં આવ્યા હતા.

# વિદ્યાર્થી સંગઠને યુનિવર્સિટી માથે લીધું : સી.યુ શાહમાં એક વર્ષ એડમિશન રદ કરવા મુદ્દે ABVPએ કુલપતિને ધક્કે ચડાવ્યા



અમદાવાદ, તા. 13

સી.યુ.શાહ કોલેજનું બિલ્ડિંગ જર્જરિત હોવાથી કોલેજ ટ્રસ્ટ દ્વારા એક વર્ષ માટે એડમિશન ના ફાળવવા રજૂઆત કરતા યુનિવર્સિટીએ મંજૂરી આપી છે. જે મામલે આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં વિરોધ કરવામાં આવ્યો હતો.કુલપતિ યુનિવર્સિટીમાં પ્રવેશતા જ ABVPના કાર્યકરોએ તેમના વિરુદ્ધ નારા લગાવીને કુલપતિની ધક્કે ચડાવ્યા હતા. કુલપતિએ યુનિવર્સિટીના દરવાજા ખોલાવવા પડ્યા હતા.

આ મામલે ABVPના નેતા ઉમંગ મોજીદ્રાએ જણાવ્યું હતું કે, સી.યુ શાહ કોલેજ એક વર્ષ માટે એડમિશન ફાળવી રહી નથી તેનો અમે વિરોધ કરી રહ્યા છે. સીટ મેટ્રિક્સ બની ગયા બાદ કોલેજને એડમિશનમાંથી કેવી રીતે બાકાત રાખી શકાય,જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માંગે છે. તેમને કોલેજમાં પ્રવેશ આપવો અને હાલમાં જે વિદ્યાર્થીઓ બીજા અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે તેમને નુકસાન ન થાય તે રીતે અભ્યાસ કરાવવો તે અમારી માંગણી છે. આશ્રમરોડ પર આવેલી સી.યુ શાહ કોલેજનું બિલ્ડિંગ જર્જરિત હોવાથી કોર્પોરેશન દ્વારા કોલેજની નોટિસને ફટકારવામાં આવી છે, જેથી કોલેજે ગુજરાત યુનિવર્સિટીને રજૂઆત કરી હતી કે, કોલેજનું બિલ્ડિંગ જર્જરિત હોવાથી વિદ્યાર્થીઓના જીવનનું જોખમ રહેલું છે. માટે આ વર્ષે કોલેજને નવા પ્રવેશ ના ફાળવવા.સી.યુ શાહ કોલેજની રજૂઆતને ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સિટીની નીડ કમિટીમાં કોલેજમાં એડમિશન ના ફાળવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### મોટી સંખ્યામાં ABVPના કાર્યકરો ઉમટ્યા

કોલેજમાં એડમિશનના ફાળવવાના નિર્ણયને લઈને ABVPમાં રોજ જોવા મળ્યો હતો. ABVPના કાર્યકરો આજે મોટી સંખ્યામાં યુનિવર્સિટી પહોંચ્યા હતા. નારાબાજી સાથે કાર્યકરોએ વિરોધ કરી રહ્યા હતા. આ દરમિયાન કુલપતિ યુનિવર્સિટી ટાવરમાં આવ્યા હતા, ત્યારે કુલપતિની ઓફિસ બહાર ABVPના કાર્યકરોએ કુલપતિને ઘેરી કાઢ્યા હતા. એક તબક્કે કુલપતિ ધક્કે ચઢ્યા હતા. જેથી તેમણે તેમના ઓફિસની બહારના દરવાજા પણ તાત્કાલિક ખોલાવ્યા હતા અને ABVPના કાર્યકરોને અંદર પ્રવેશ આપવો પડ્યો હતો.

### યુનિ. લોબીમાં બેસીને રામધૂન તથા નારા

કુલપતિ પોતાની ચેમ્બરમાં જતા રહેતા ABVPના કાર્યકરોએ લોબીમાં બેસીને રામધૂન તથા નારા લગાવ્યા હતા. ABVP દ્વારા કુલપતિ પાસે માંગણી કરવામાં આવી કે, બહાર આવીને જાહેરમાં આવેદનપત્ર સ્વીકારે. જોકે, શરૂઆતમાં કુલપતિએ તમામ લોકોને અંદર આવવા કહ્યું, પરંતુ ABVPના કાર્યકરો બહાર જ રહ્યા, જેથી કુલપતિએ બહાર આવીને આવેદન સ્વીકારવું પડ્યું હતું તથા આવતીકાલે નીડ કમિટીની બેઠક બોલાવીને આ અંગે ચર્ચા કરવા પણ બાહેધરી આપી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે અમદાવાદ શહેર કોંગ્રેસના આગેવાનો અને સેલ ડિપાર્ટમેન્ટના પદાધિકારીઓની

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ શક્તિસિંહ ગોહિલના પદગ્રહણ સમારોહના આયોજન માટે બેઠક



અમદાવાદ, તા. 13

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી, શ્રીમતિ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, શ્રી કે.સી. વેણુગોપાલ અને મોવડી મંડળ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલને સક્ષમ જવાબદારી આપવમાં આવેલ છે.

આદરણીય શ્રી શક્તિસિંહ ગોહિલનો પદગ્રહણ સમારોહ તારીખ ૧૮ જુન, ૨૦૨૩ રવિવારના રોજ યોજાનાર છે. ઉપરોક્ત પદગ્રહણ સમારોહ ગાંધી આશ્રમ સાબરમતીમાં પૂજ્ય મહાત્મા ગાંધીને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ સવારે ૧૦-૦૦ કલાકે ગાંધી આશ્રમ થી રાજીવ ગાંધી ભવન સુધી વિશાળ સંખ્યામાં પદયાત્રા સ્વરૂપે કોંગ્રેસના આગેવાનો, કાર્યકર ભાઈઓ-બહેનો જોડાવાના છે. આ પદગ્રહણ સમારોહને વધુ સફળ બનાવવા અને આખરી ઓપ આપવા અમદાવાદ શહેર કોંગ્રેસના આગેવાનો અને સેલ-ડીપાર્ટમેન્ટના પદાધિકારીઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના પદગ્રહણ સમારોહના આયોજન માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને અમદાવાદ શહેરના પ્રભારીશ્રી બીમલ શાહના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, , ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી પંકજ પટેલ, શ્રી પંકજ શાહ, શ્રી અશોક પંજાબી, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, એ.આઈ. સી.સી.ના સહમંત્રીશ્રી લાલાભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એ.આઈ.સી.સી.ના પૂર્વ લઘુમતિ સેલના ચેરમેનશ્રી ખુરશીદ સૈયદ તથા મહામંત્રીશ્રી નઈમબેગ મિરઝા અને ગુજરાત પ્રદેશ મીડીયા કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# એક્સિસ બેંકે અમદાવાદમાં 'પ્લાન્ટ-અ-ટ્રી' અભિયાનનું આયોજન કર્યું

અમદાવાદ, તા. 13

ભારતમાં ખાનગીક્ષેત્રની સૌથી મોટી બેંક પૈકીની એક એક્સિસ બેંકે અમદાવાદમાં શાહીબાગ આર્મી કેન્ટોનમેન્ટ ખાતે 'પ્લાન્ટ-અ-ટ્રી', વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કર્યું હતું. આ વૃક્ષારોપણ



અભિયાનમાં બેંકની બ્રાન્ચના કર્મચારીઓ, સેનાના વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક સત્તાવાળાઓ અને સ્વયંસેવકો સામેલ થયાં હતાં, જેમણે વિસ્તારમાં 1000થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ પહેલ પર્યાવરણ સુરક્ષા અને ટકાઉપણાને પ્રોત્સાહન આપતાં બેંકના દેશવ્યાપી કેમ્પેઈનનો હિસ્સો છે અને તેનાથી સહભાગીઓ વચ્ચે પર્યાવરણીય જાગૃતિની ભાવનાને બળ અપાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિઓ - અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડના પ્રેસિડેન્ટ કમાન્ડર બ્રિગેડિયર અનિલ કાકડે, અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડના સીઈઓ ગોકુલ મહાજન અને એન્જિનિયર ઇનચાર્જ જયેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સહિયારા પ્રયાસોથી ગુજરાતને પ્રાકૃતિક ખેતી, ગોપાલન અને ગાયની નસલ સુધારણામાં રોલ મોડલ બનાવીએ : રાજ્યપાલ

ગાંધીનગર, તા. 13

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળના સંચાલકોને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે દેશી ગાયના ગોબર ગૌમૂત્રમાંથી યોગ્ય ગુણવત્તાવાળા જીવામૃત અને ઘન જીવામૃતનું ખેડૂતોની માંગ પ્રમાણે ઉત્પાદન કરવા તથા દેશી ગાયની નસલ સુધારવા મિશનની માફક કામ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, સૌના સહિયારા પ્રયાસોથી ગુજરાતને પ્રાકૃતિક ખેતી, ગોપાલન અને ગાયની નસલ સુધારણામાં સમગ્ર દેશ માટે રોલ મોડલ બનાવવું છે. ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળના સંચાલકો તથા વ્યવસ્થાપકોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે,



ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન

ગૌશાળાઓમાં-પાંજરાપોળમાં અત્યાર સુધી ગાયના સંરક્ષણનું કામ થયું, હવે સાથોસાથ સંવર્ધનની પણ આવશ્યકતા છે. ગાયને વાછરડી જ જન્મે એ માટે સેક્સ શોર્ટેડ સિમેન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. સેક્સ શોર્ટેડ સિમેનથી ગૌધનમાં બમણી ઝડપે વૃદ્ધિ થશે અને ગાયની નસલ પણ ઊંચી જશે. ગૌશાળાઓ ઉન્નત બ્રીડ બનાવે અને મોટા પ્રમાણમાં યોગ્ય ગુણવત્તાવાળું જીવામૃત અને ઘન જીવામૃત બનાવે તથા ખેડૂતોને ઉપલબ્ધ કરાવે તો ગૌશાળા પાંજરાપોળની આવક પણ વધશે અને પ્રાકૃતિક ખેતીમાં બહુ મોટું યોગદાન આપી શકાશે. પ્રાકૃતિક ખેતી શુદ્ધ દેશી ગાય પર આધારિત ખેતી છે. ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડથી વધારે સૂક્ષ્મ જીવાણું હોય છે. ગૌમૂત્ર ખનીજોનો ભંડાર છે, જે પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધાર છે. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગાયનું પાલન અને સંવર્ધન કરો. ગાય બચશે તો દેશ બચશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની દેશી ગાયના નિભાવ માટે રાજ્ય સરકાર રૂપિયા ૯૦૦ નિભાવ ખર્ચ તરીકે આપે છે. એટલું જ નહીં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે દેશ માટે રૂપિયા ૧૪૦૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના શુભારંભે રાજ્યના સંયોજક મહાત્મા શ્રી પ્રફુલભાઈ સેંજલીયાએ કહ્યું હતું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતને ઝેરમુક્ત કરવા પ્રાકૃતિક ખેતીનું અભિયાન એવા સમર્પિત ભાવથી આદર્યું છે.

# ભારતી અક્સા લાઇફ ઇન્શ્યોરન્સ ઓડિશા ટ્રેન અકસ્માત પીડિતો માટે ક્લેઈમ સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવે છે

અમદાવાદ, તા. 13

ભારતી અક્સા લાઈફ ઈન્શ્યોરન્સે ઓડિશાના બાલાસોરમાં દુ:ખદ ટ્રેન અકસ્માતમાં અસરગ્રસ્ત પરિવારો માટે ક્લેઈમ સેટલમેન્ટ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે એક સમર્પિત પહેલ શરૂ કરી છે. પરિસ્થિતિની




તાકીદને જોતાં આ પોલીસી ક્લેઈમ્સના તાત્કાલિક નિરાકરણની ખાતરી કરવા માટે મૃત્યુ અને અપંગતાના ક્લેઈમ્સ માટે સુવ્યવસ્થિત અને ઝડપી સેટલમેન્ટ પ્રોસીજર મૂકવામાં આવી છે. ભારતી અક્સા લાઈફ ઈન્શ્યોરન્સે એક સરળ ક્લેઈમ પ્રોસીજર અમલમાં મૂકી છે જેમાં ઓછામાં ઓછા દસ્તાવેજોની જરૂર છે. નીચે સૂચિબદ્ધ દસ્તાવેજો છે જે નોમિની, કાનૂની વારસદાર અથવા પોલીસીધારકોએ દાવાની પ્રક્રિયા માટે ભારતી અક્સા લાઈફ ઈન્શ્યોરન્સને સબમિટ કરવાની રહેશે. ભારતી અક્સા લાઈફ ઈન્શ્યોરન્સ ઓડિશા ટ્રેન અકસ્માત દુર્ઘટનાને કારણે વીમાધારક સભ્યનું મૃત્યુ દર્શાવતા કોઈપણ માન્ય રેકોર્ડ/પ્રૂફ સ્વીકારશે.

# જીસીએસ મેડિકલ કોલેજમાં એનેસ્થેસિયા વિભાગે ગુજરાત પોલીસ સ્ટાફ માટે CPR - COLS મેગા ઈવેન્ટનું આયોજન

અમદાવાદ, તા. 13

ગુજરાત રાજ્ય સરકાર, ઈન્ડિયન સોસાયટી ઓફ એનેસ્થેસિઓલોજિસ્ટ, ભાજપના ડૉક્ટર સેલના સંયુક્ત ઊપક્રમે યોજાયેલા સ્વાસ્થય તથા સલામતી ના ભાગરુપે CPR - COLS તથા અંગદાન ની પ્રતિજ્ઞાનો કાર્યક્રમ રાજ્યભરમાં 51 સ્થળે, તા. 11 જુન ના રોજ સવારે 10:00 થી 5:00 કલાક દરમિયાન યોજાયેલ હતો. જેમાં 55,000 પોલીસ કર્મિયો ને 2500 ડૉક્ટર દ્વારા સૈદ્ધાંતિક તથા પ્રકટીકલ તાલીમ આપવામાં આવી હતી. ડૉ નીરજા ગોત્રુ (ADGP)




તકેદારી વિભાગ સેટ. પરિક્ષિતા રાઠોડ (આઈ/સી ડીઆઈજીપી), ડીસીપી, એસીપી, ડો ધર્મેન્દ્ર ગજ્જર, ડો અતુલ ગાંધી (આઈએસએ અનેસ્થેસ્યા) કાર્યક્રમના સાક્ષી બન્યા હતા અને ઉદ્ઘાટન કર્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમ અંતરગત - જીસીએસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ તથા રિસર્ચ સેન્ટર ના માનનીય સંચાલક, શ્રી ડો. કિર્તી પટેલ, ડો. જગદીશ ખોયાની, ડો. હિના છાનવાલ, ડો.બિપીન શાહ અને કર્નલ ડો. શ્રીધર ની રાહબરી નીચે 2 સેન્ટર ની વ્હવસ્થા કરવામાં આવી હતી. એનેસ્થેસિઓલોજી ની ટીમના 18 ડોક્ટરો દ્વારા CPR - COLS ટ્રેનિંગ માં 2205 જેટલા પોલીસ કર્મીઓને આ તાલીમ આપવામાં આવી હતી. જીસીએસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ તથા રિસર્ચ સેન્ટરના ડીન - ડૉ. યોગેન્દ્ર મોદી સર, ડેપ્યુટી સૂપરિનટેન્ડન્ટ - હર્ષિલ ધારૈયા સરના સતત સમર્થન અને મદદ માટે આભારી છીએ.

# આસ્ક ઓટોમોટિવ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

અમદાવાદ, તા. 13

ભારતમાં ટુ-વ્હીલર્સ માટે બ્રેક-શૂ અને આધુનિક બ્રેકિંગ સિસ્ટમના સૌથી મોટાં નિર્માતા આસ્ક ઓટોમોટિવ લિમિટેડ ("કંપની")એ બજાર નિયામક સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી")માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("ડીઆરએચપી") દાખલ કર્યું છે. કંપની પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા ઈક્વિટી શેર કેપિટલ ઓફર કરીને ભંડોળ ઊભું કરવાની યોજના ધરાવે છે. આ જાહેર ભરણામાં પ્રત્યેક રૂ. 2ની મૂળ કિંમત ધરાવતા 29,571,390 ઈક્વિટી શેર્સ સુધીના 'ઓફર ફોર સેલ'નો સમાવેશ થાય છે. કુલ ઓફર ફોર સેલમાં કુલદીપ સિંઘ રાઠીના 20,699,973 ઈક્વિટી શેર્સ અને વિજય રાઠીના 8,871,417 ઈક્વિટી શેર્સ સામેલ છે, જેઓ પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર છે. કંપની ઈન-હાઉસ ડિઝાઈનિંગ અને ઉત્પાદન ક્ષમતાઓ સાથે ત્રણ દાયકાથી વધુ સમયથી સેફ્ટી સિસ્ટમ અને મહત્વપૂર્ણ એન્જિનિયરીંગ સોલ્યુશન્સ પ્રદાન કરી રહી છે. ક્રિસિલ રિપોર્ટ મૂજબ કંપની ટુ-વ્હીલર, ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ, ઓરિજિનલ ઈક્વિપમેન્ટ સપ્લાયર્સ અને સ્વતંત્ર આફ્ટરમાર્કેટ બાબતે નાણાકીય વર્ષ 2022માં અંદાજે 50 ટકાથી વધુ બજાર હિસ્સો ધરાવે છે.

# પ્રવેશોત્સવની અનોખી ઉજવણી : નર્મદાના ભુલકાઓનુ આંગણવાડી-બાલવાટિકામાં "સ્વેગ સાથે સ્વાગત"

રાજપીપલા, તા. 13

રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની નર્મદા જિલ્લામાં ઉજવણી ખુબ ખાસ રહી છે. બગીની જેમ સજાવીને બળદગાડામાં ભૂલકાઓને ભણવા માટે સરસ્વતિના મંદિર શાળા સુધી રંગબેરંગી ફુગ્ગા શણગાર દ્વારા બાળકોને બળદગાડામાં બેસાડી શાળા પ્રવેશ કરાવવા ઉત્સાહ સાથે સામૈયુ કરી આંગણવાડીની વર્કર બહેનો અને ગ્રામજનો, શિક્ષકો દ્વારા પ્રગતિની પગદંડી માટે આંગણવાડીમાં કુમકુમ-તિલક તથા થાળીમાં કંકુમાં પગલા ઝબોળી વર્ગમાં પાવન પગલા મંડાવ્યા હતા. હોશભેર શાળા પ્રવેશ કરાવ્યો હતો. જિલ્લાના તમામ તાલુકાઓની શાળાઓમાં ભુલકાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



હતી. જેને અનુલક્ષીને સાગબારા તાલુકા આંગણવાડી કેન્દ્ર મોવી, બેડાપાણી અને જાવલી આંગણવાડી ખાતે અનોખી રીતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ભુલકાઓને શણગારેલા બળદગાડામાં શાળાએ લઈ જવામાં આવ્યા હતા. ગ્રામિણ ક્ષેત્રની જ્ઞાનગંગા ભુલકાઓ સાથે વાજતે ગાજતે શાળાએ પહોંચી હતી. જ્યાં બાળકોનું કંકુ ચોખાથી તિલક અને મોઢુ મીઠુ કરાવીને હર્ષોલ્લાસ સાથે શાળામાં "સ્વેગ સાથે સ્વાગત" કરાવવામાં આવ્યું હતું. બાળકો માટે શાળાનો આ પ્રથમ દિવસ યાદગાર સંભારણુ બની રહેશે. સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શાળા પ્રવેશોત્સવની સાથે આંગણવાડી અને બાલવાટિકાનો શાળા પ્રવેશોત્સવ પણ ઉત્સાહભેર, અનોખી રીતે તરવરાટ સાથે ઉજવવામાં આવ્યો હતો.




# બિપરજોય વાવાઝોડા સંદર્ભે ગાંધીનગર ખાતે ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે "સ્ટેટ કંટ્રોલ રૂમ ફોર ઈન્ડસ્ટ્રીઝ" ખુલ્લો મૂકાયો


ગાંધીનગર, તા. 13

રાજ્યમાં પ્રવર્તી રહેલા 'બિપરજોય વાવાઝોડા'ની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈને ઉદ્યોગ ગૃહોને સહાયરૂપ થવા રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે ''સ્ટેટ કંટ્રોલ રૂમ ફોર ઈન્ડસ્ટ્રીઝ'' કાર્યરત કરાયો છે. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૩૨- ૫૮૩૮૫ પણ જાહેર કરાયો હતો. ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે આ કંટ્રોલરૂમનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે,રાજ્યમાં સંભવિત બિપરજોય



વાવાઝોડાનું જ્યારથી સંકટ શરુ થયું ત્યારથી જ રાજ્ય સરકારે સઘન કામગીરી આરંભી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વાવાઝોડાનું સતત મોનીટરીંગ કરીને સંભવિત થનાર નૂકસાન અંગે પણ સાવચેતીના પગલાનું આયોજન કરાયુ છે. મુખ્યમંત્રીશ્રી પટેલે દરિયાકાંઠાના આઠ જિલ્લાઓમાં વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાને લઈને ૮ અલગ અલગ જિલ્લાઓમાં મંત્રીઓને પરિસ્થિતિનો તાગ મેળવવા સૂચના આપી હતી અને તેઓ સત્વરે જિલ્લામાં પહોંચી ગયા હતા. વેપારી એસોસિએશનને અને શ્રમ અને રોજગાર વિભાગને સાથે જોડી એક સંયુક્ત અભિયાન હાથ ધર્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અતિ જોખમી ઉદ્યોગો જેમ કે સિમેન્ટ ઉદ્યોગ, પેટ્રોલિયમ, ચીમનીઓ ધરાવતા એકમો, બોઈલર ધરાવતા એકમો, રસાયણ, કેમિકલ કે ઝેરી તત્વો ધરાવતા ઉદ્યોગોને બે દિવસ બંધ રાખવાની સુચના પણ આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ વાવાઝોડુ જુનાગઢ, જામનગર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, મોરબી અને કચ્છ જિલ્લામાં ઘણી માઠી અસર કરે તેવી સંભાવનાને ધ્યાને રાખી આ વિસ્તારના નાગરિકોને તથા ઉદ્યોગોને પણ શક્ય તેટલી મદદ કરી શકાય તે માટે જી.આઈ.ડી.સી.ની વડી કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે આ ''સ્ટેટ કંટ્રોલ રૂમ ફોર ઈન્ડસ્ટ્રીઝ'' શરુ કરવામાં આવ્યો છે જેનો સંપર્ક નંબર ૦૭૯-૨૩૨-૫૮૩૮૫ રહેશે.

# IHCLએ ગુજરાતમાં તાજ ગાંધીનગર રિસોર્ટ અને સ્પા ખોલવાની જાહેરાત કરી



અમદાવાદ, તા. 13

ભારતની સૌથી મોટી હોસ્પિટાલિટી કંપની ઈન્ડિયન હોટેલ્સ કંપની (IHCL) એ આજે ગુજરાતમાં તાજ ગાંધીનગર રિસોર્ટ એન્ડ સ્પા ખોલવાની જાહેરાત કરી છે. વૈશ્વિક કક્ષાની સ્પા સહિતની અનેકવિધ સુવિધાઓથી સજ્જ અને સ્વર્ગ જેવી અનુભૂતિ કરાવતી આ એક વૈભવી હોટેલ છે. IHCLના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી પુનીત ચટવાલે જણાવ્યું હતું કે, "ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં પદાર્પણ સાથે IHCL ગુજરાતમાં પોતાનું અસ્તિત્વ વિસ્તારી રહી છે. તાજ ગાંધીનગર રિસોર્ટ એન્ડ સ્પાના અનાવરણ સાથે, અમે માત્ર મનોરંજન અને સામાજિક કાર્યક્રમોની વધતી જતી માંગને પૂર્ણ કરી રહ્યાં નથી, પરંતુ આ શહેરને વૈશ્વિક પ્રવાસી નકશા પર પણ મૂકી રહ્યા છીએ. રાજ્યના મહત્વના શહેરોની નજીકમાં આવેલો આ તાજ બ્રાન્ડેડ રિસોર્ટ મહેમાનો માટે એક ખૂબ જ શાંત અને આહલાદક અનુભવ પૂરો પાડશે.

**IndoStar Home Finance Private Limited** INDOSTAR

**Regd. Office: -** Unit No. 305, 3rd Floor, Wing 2/E, Corporate Avenue, Andheri- Ghatkopar Link Road, Chakala, Andheri (East), Mumbai – 400093
**CIN :** U65990MH2016PTC271587 **Tel:** +91 22 45107701
**Email:** contact@indostarhfc.com; **Website:** www.indostarhfc.com

**નોટિસ**

માસ્ટર ડિરેક્શન-નોનબેંકિંગ ફાઈનાન્શિયલ કંપની-હાઉસિંગ ફાઈનાન્સ કંપની (રિઝર્વ બેન્ક) નિર્દેશ 2021 ના ફકરા 93ની શરતોમાં આથી સૂચના આપવામાં આવી છે કે, કંપનીની શાખા ઓફિસ **બીજા માળે મેઘ દર્શન, મેહુલ પાર્ક, સર્કિટ હાઉસની સામે, બેંક ઓફ બરોડાની ઉપર, પાલનપુર - 385001** સ્થિત છે, તે **13 સપ્ટેમ્બર 2023** ના કામકાજના સમયની સમાપ્તિની અસરથી બંધ રહેશે કારણ કે વ્યવસ્થાપન ને **RS-No:623+624+/4B+624/ AC,625/2AB+629/1, ત્રીજો માળ, ઓફિસ નં:305,9/558/T/5, સ્થાપત્ય કોમ્પ્લેક્સ, આબુ હાઈવે, પાલનપુર, ગુજરાત-385001, GSTNo:-24AAECI0095E1ZX** પર સ્થિત નજીકની શાખા કચેરીમાં ખસેડવામાં આવી રહી છે. જો કોઈ સહાયની જરૂર હોય, તો તમે ઉપર જણાવ્યા મુજબ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકે છે અથવા contact@indostarhfc.com પર ઈમેઈલ મોકલી શકે છે.
આ નોટિસ કંપનીની વેબસાઈટ (www.indostarhfc.com) પર એક્સેસ કરી શકાય છે.

વતી ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ
Sd/-
નિધી શાહ
કંપની સેક્રેટરી

તારીખ :- 13-06-2023

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### રીક્ષા પડાવી વધુ રકમની માંગણી કરનાર વ્યાજખોર ત્રિપુટી વિરુદ્ધ રીક્ષા ચાલકની ફરિયાદ

વડોદરા | પત્નીની પ્રેગ્નન્સી માટે રૂ.50 હજારની રકમ સામે 64 હજાર ચૂકવવા છતાં રીક્ષા પડાવી લઈ વધુ 45 હજારની માંગણી કરતા વ્યાજખોર ત્રિપુટી વિરુદ્ધ રીક્ષા ચાલકે ફરિયાદ નોંધાવી છે. શહેરના અકોટા પોલીસ લાઈનની સામે આવેલ માળી મહોલ્લામાં રહેતો જીતેશ રાઠોડ રિક્ષા ચલાવે છે. તેણે ફરિયાદમાં કહ્યું હતું કે, રીક્ષા રીપેર કરાવવા માટે નાણાની જરૂરિયાત ઉદભવતા ચંદ્રમોલેશ્વર નગરમાં રહેતા ચંદ્રેશ ઉર્ફે ચકો ઠક્કર પાસેથી વ્યાજથી નાણા મેળવતો હતો. તેમજ પત્નીની પ્રેગનેન્સી સમયે પણ હોસ્પિટલના ખર્ચ માટે વ્યાજથી રકમ લીધી હતી.

**આ વખતે વિવાદ સભ્યો વચ્ચેનો નહી પરંતુ પોલો ક્લબમાં ચાલતી કોમર્શિયલ એક્ટિવિટી સંદર્ભે થયેલા આક્ષેપોનો છે**

# લગ્ન પ્રસંગે ઘર પાસે મંડપ બાંધ્યો તો પોલો ક્લબે રૂ.30 હજાર વસૂલ કર્યા

વડોદરા | તા. 13

પ્રતિષ્ઠિત લોકો જેના સભ્યો છે તે પોલો ક્લબ ફરી એક વખત વિવાદમાં આવી છે. આ વખતે વિવાદ સભ્યો વચ્ચેનો નહી પરંતુ પોલો ક્લબમાં ચાલતી કોમર્શિયલ એક્ટિવિટી સંદર્ભે થયેલા આક્ષેપોનો છે. પોલો ગેસ્ટ હાઉસ સામે, જ્યુબિલી કોટેજ પાછળ રહેતા રવિન્દ્રકુમાર હસમુખભાઇ ચૌહાણ અને સુનીલ જયંતિભાઇ ચૌહાણે કલેક્ટરને ફરિયાદ કરી છે કે કલેક્ટરે આ જમીન શહેરમાં રમચ-ગમતના વિકાસ માટે પોલો ક્લબને ૯૯૯ વર્ષના ભાડા પટ્ટે વાર્ષિક રૂ.૧ના ભાડે આપી છે. કરાર મુજબ અહી કોઇ કોમર્શિયલ એક્ટિવિટી થઇ શકે નહી તેમ છતા પોલો ક્લબની લોન લગ્નો માટે ભાડે આપવામાં આવે છે. કોમર્શિયલ ગરબાનું આયોજન થાય છે જેમાં સ્ટોલ પણ લગાવામાં આવે છે અને સ્ટોલ ધારકો પાસેથી હજારો રૂપિયા લેવામાં આવે છે. અમારૂ ઘર પોલો ક્લબને અડીને આવેલુ છે વચ્ચે કોઇ દીવાલ નથી. અમે આઝાદી પહેલાથી અહી રહીએ છીએ અમે ગાયકવાડ પરિવારના ધોબી છીએ.ગત મહિને અમારા પરિવારમાં લગ્ન હોવાથી અમે અમારા ઘર પાસે મંડપ બાંધ્યો હતો તો પોલો ક્લબે અમારી પાસેથી રૂ.૩૦ હજારની વસુલાત કરી છે અને પાવતી મેમ્બરના નામે ફાડી છે. અમારા ઘર સુધી આવતો રસ્તો પણ પોલો ક્લબે ચાર મહિના પહેલા બંધ કરી દીધો છે. બીજી તરફ આ અંગે પ્રતિક્રિયા આપતા પોલો ક્લબના સેક્રેટરી મનીષ બક્ષી અને લીગર એડવાઇઝર જરેશ શાહે કહ્યું હતું કે 'લગ્ન પ્રસંગે જે મંડપ બાંધ્યો હતો તે પોલો ક્લબના પાર્કિંગમાં બાંધવામાં આવ્યો હતો.પોલો ક્લબમાં સભ્ય ના હોય તેવા લોકોને ક્લબનો ઉપયોગ કરવાની પરવાનગી નથી એટલે સભ્યના નામે અમે પાવતી બનાવીને તેને ઉપયોગ માટે મંજૂરી આપી હતી,જેથી તેનો પ્રસંગ ના બગડે.જે અન્ય આક્ષેપો કર્યા છે તે પાયા વગરના છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## નડીયાદ : ડેટા એન્ટ્રીના નામે છેતરપિંડી કેસના આરોપીના 2 દિવસના રિમાન્ડ

નડિયાદ | તા.13

ખેડા જિલ્લામાં એક વર્ષ અગાઉ કરોડો રૂપિયાની છેતરપિંડી બહાર આવી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૨૨ હજાર લોકો છેતરાયા હતા. આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર આરોપી સહિત પાર્ટનર અને બે મેનેજરો સામે એક વર્ષ અગાઉ ફરિયાદ નોંધાઈ હતી.આ ગુનામાં નાસતો ફરતો ભાગીદાર આરોપીની વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી નડિયાદ ગ્રામ્ય પોલીસને હવાલે કર્યો હતો. નડિયાદમાં મિશન રોડ પર માસ્ટર સોલ્યુશન તથા ડિજિટલ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડના માલિક તથા કર્મચારીઓએ ભેગા મળી પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચ્યું હોવાનો એક વર્ષ પહેલા પર્દાફાશ થયો હતો.આ બનાવ સંદર્ભે નડિયાદ ગ્રામ્ય પોલીસે દિક્ષુબેન અજયભાઈ દેસાઈની ફરિયાદના આધારે કરોડો રૂપિયાનુ ફુલેકું ફેરવનાર માસ્ટર ડિજિટલ ટેકનોલોજી કંપનીના સીંગ નામનો પાર્ટનર, મુખ્ય સૂત્રધાર રાહુલ નારણભાઈ વાઘેલા (રહે. ગ્રીન સીટી, યોગીનગર, નડિયાદ), મેનેજર મિતુલ અને ચિરાગ સરવૈયા સામે ગુનો નોંધ્યો હતો. જેમા સૂત્રધાર આરોપી રાહુલ વાઘેલાની ધરપકડ થઈ હતી.

## વડોદરામાં ગોરવા તથા પાણીગેટ વિસ્તારમાં જુગાર રમતા 11 ઝડપાયા

વડોદરા | તા. 13



વડોદરા શહેરના ગોરવા તથા પાણીગેટ પોલીસ મથક હદ વિસ્તારમાં ચાલતા જુગાર ઉપર પોલીસે દરોડો પાડી જુગાર રમી રહેલ 11 શખ્સોને ઝડપી પાડી 77 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગોરવા પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, ગોરવા ગામના અનગઢ ફળિયામાં સોના સોમાભાઈ દરબારના મકાનમાં જુગાર ચાલે છે. જેના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમી રહેલ નિકુલ મહેન્દ્રભાઈ પરમાર, નારણસિંહ છત્રસિંહ પરમાર, મહેન્દ્રસિંહ અમરસિંહ રાઠોડ, જયંતી ભાઈલાલભાઈ જાદવ, પ્રકાશ મહેન્દ્રસિંહ રાજપુત(તમામ રહે-ગોરવા ગામ) અને ભરત ચંદ્રકાંતભાઈ ચૌહાણ (રહે-મારૂતિ ધામ સોસાયટી, માંજલપુર) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોન સહિત કુલ રૂ.33,600નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે બીજા બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, વાડી કોંકણ ફળિયામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમી રહેલ હિરેન સુરેશભાઈ જેઠવા, ભરત દયાલભાઈ પરમાર, વિજય સુરેશભાઈ મકવાણા, રિષભ ઉર્ફે ભયલુ ગોપાલભાઈ ચૌધરી (તમામ રહે-વાડી) અને પાર્થ સંજયભાઈ લગડ (રહે-બરાનપુરા)ને ઝડપી પાડી રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોન સહિત રૂ.43,730નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બનાવ સંદર્ભે પાણીગેટ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ટેલરપુરા પાટિયા પાસે ઉભેલા ટ્રેક્ટર ટ્રોલીની પાછળ રિક્ષા ઘુસી જતા મહિલાનું મોત

આણંદ | તા.13



આણંદ જિલ્લાના ધર્મજ-પેટલાદ માર્ગ ઉપર આવેલા ટેલરપુરા પાટીયા પાસે ગઈકાલ રાત્રિના સુમારે ઈન્ડીકેટર વિના પાર્ક કરેલા એક ટ્રેક્ટરની ટ્રોલી પાછળ એક રિક્ષા ઘુસી જતા સર્જાયેલા અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે આઠ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આણંદ જિલ્લાના સોજિત્રા ખાતે રહેતા વિશાલભાઈ અશોકભાઈ પટેલ ગતરોજ પત્ની જહાન્વીબેન સહિતના પરિવારજનો સાથે પોતાની સીએનજી રિક્ષામાં ધર્મજના જલારામ મંદિરે દર્શન કરવા માટે ગયા બાદ રાત્રિના સુમારે રિક્ષા લઈને સોજિત્રા ખાતે પરત ફરી રહ્યા હતા. દરમ્યાન રાત્રિના લગભગ સાડાનવ વાગ્યાની આસપાસ તેઓની રીક્ષા ધર્મજ-પેટલાદ રોડ ઉપર આવેલા ટેલરપુરા પાટીયા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે એક ટ્રેક્ટરના ચાલકે ટ્રોલી સાથેનંર ટ્રેક્ટર રોડ ઉપર મુક્યું હતું. જેમાં પાર્કિંગ લાઈટ કે અન્ય કોઈ ઈન્ડીકેટર ન હોવાના કારણે રીક્ષાચાલકને ટ્રોલી નજર ન આવતા રીક્ષા ટ્રોલીની પાછળના ભાગે ધડાકાભેર ધુસી ગઈ હતી. જેને પગલે રીક્ષાનો લોચો વળી ગયો હતો. આ અકસ્માતમાં જહાન્વીબેનને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે રીક્ષામાં સવાર અન્ય મુસાફરોને વધતા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ટ્રેક્ટરનો ચાલક ઘટના સ્થળેથી ટ્રેક્ટર લઈને ફરાર થઈ ગયો હતો. બીજી તરફ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે અંકુરભાઈ જ્યંતભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા ટ્રેક્ટરચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## MSUની આર્ટસ ફેકલ્ટીમાં ચાલુ પરીક્ષાએ પંખો પડતા સુપરવાઈઝર ઈજાગ્રસ્ત




વડોદરા | તા. 13

એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં ચાલુ પરીક્ષાએ પંખો પડતા સુપરવાઈઝરને ઈજા થઈ હતી અને આ ઘટનાના પગલે ભારે દોડધામ મચી ગઈ હતી. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં હાલમાં એસવાયની ફાઈનલ પરીક્ષા ચાલી રહી છે. આ માટે કોમર્સ ફેકલ્ટીની સાથે આર્ટસ ફેકલ્ટીમાં પણ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજે પરીક્ષા ચાલી રહી હતી ત્યારે આર્ટસ ફેકલ્ટીના મેઈન બિલ્ડિંગના રૂમ નંબર 18 માં પંખો પડ્યો હતો અને સુપરવાઈઝરને માથામાં ઈજા થતા દોડધામ થઈ ગઈ હતી. થોડા સમય માટે પરીક્ષા પણ રોકી દેવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત સુપરવાઈઝર ગિરિશભાઈ ભાંભણીયાને સારવાર માટે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર લઈ જવામાં આવ્યા હતા. જોકે તેમની ઈજા ગંભીર નથી તેવુ સૂત્રોનુ કહેવુ હતુ. ચોંકાવનારી વાત એ છે કે, આર્ટસ ફેકલ્ટીમાં પંખો પડવાની આ ત્રીજી ઘટના છે. અગાઉ પણ બે વખત ફેકલ્ટીમાં પંખો પડી ચુકયો છે. એક ઘટનામાં વિદ્યાર્થિની ઈજાગ્રસ્ત થઈ હતી અને તે સમયે પણ પરીક્ષા ચાલી રહી હતી. તે સમયે ફેકલ્ટીમાં તમામ લાઈટો અને પંખાનુ ઈન્સ્પેક્શન કરવાની માંગ પણ ઉઠી હતી. આમ છતા આજે પંખો પડવાની વધુ એક ઘટના બની છે. ફેકલ્ટીના અધ્યાપકોમાં પણ આ બનાવના પગલે રોષની લાગણી ફેલાઈ હતી અને આ માટે જવાબદારો સામે પગલા ભરવામાં આવે તેવી લાગણી અધ્યાપકોએ વ્યક્ત કરી હતી.

**આગોતરા જામીન અરજી નામંજૂર થઈ છે**

## દુબઈની ટુરના નામે છેતરપિંડી કરનાર દંપતિ પૈકી પત્નીની આગોતરા જામીન અરજી નામંજૂર

વડોદરા | તા. 13




દુબઈની ટુરના નામે બોગસ બુકિંગ બતાવી 11 ટુરિસ્ટ સાથે 7.43 લાખને છેતરપિંડી કરનાર રાજકોટના ટ્રાવેલ એજન્ટ દંપતિ પૈકી પત્નીએ આગોતરા જામીન માટે કરેલી અરજી અદાલતે નામંજૂર કરી છે. વાઘોડિયા રોડની વાઘેશ્વરી સોસાયટીમાં રહેતા અને સરદાર સરોવર નિગમમાંથી નિવૃત્ત થયેલા રાજેશભાઈ સહેલા તે જાન્યુઆરી 2023માં દુબઈની ટુરની ઓફર જાણી જેતલપુર રોડ પવન કોમ્પ્લેક્ષમાં આવેલી સ્માઈલ હોલીડેસની ઓફિસમાં મળવા ગયા હતા. સ્માઈલ હોલીડેઝના સંચાલક દંપતિએ તેઓને વિઝા અને ટિકિટોની વિગતો ખોટી આપી છેતરપિંડી કરી હતી. જે અંગે ગોત્રી પોલીસ સ્ટેશનમાં દીપ અને તેની પત્ની રિદ્ધિ તન્ના ( બંને રહેવાસી અનંત વર્ક પ્લેસ કાલાવડ રોડ રાજકોટ) સામે ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં જેલવાસ થી બચવા માટે રિદ્ધિ તન્નાએ સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર થઈ છે.

**લાઈન લીકેજના કારણે પાણીનો બગાડ અને લો પ્રેશરની સમસ્યા વારંવાર લીકેજ રીપેરીંગથી ખર્ચનું વધતું ભારણ**

## વડોદરાના પૂર્વ વિસ્તારમાં પાણીનું વિતરણ સુદ્રઢ કરવા માટે રૂપિયા 2.36 કરોડ ખર્ચાશે

વડોદરા | તા. 13



વડોદરામાં ઘણા વિસ્તારોમાં પાણીની વિતરણ વ્યવસ્થામાં ખામી હોવાથી ક્યાંક પૂરતું પાણી મળે છે, તો ઘણા સ્થળે પાણીનું પ્રેશર જ નથી હોતું .કોર્પોરેશનની વર્ષો જૂની પાણીની લાઈનો લીકેજ થવાથી પાણી બગાડ તેમજ વિસ્તાર અને વસ્તી વધતા જૂની લાઈનો સક્ષમ નહીં રહેવાથી પાણીના પ્રશ્નો ઊભા થાય છે. શહેરના પૂર્વ વિસ્તારમાં વોર્ડ નંબર 6 અને વોર્ડ નંબર 14માં 2.36 કરોડના ખર્ચે પાણી વિતરણનું નેટવર્ક સુધારવામાં આવશે.

આ માટે સ્ટેન્ડિંગ સમિતિમાં બે દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. શહેરના પૂર્વ ઝોન વહીવટી વોર્ડ નં. 14 માં ગાજરાવાડી વિસ્તારમાં ગાજરાવાડી પાણીની ટાંકીથી રબારીવાસ, કુંભારવાડા, ગાજરાવાડી, દાલિયાવાડી તથા પ્રતાપનગર વિહાર ટોકીઝના આસપાસના વિસ્તારોમાં પાણીનું વિતરણ કરવામાં આવે છે. જે પૈકી ગાજરાવાડી પાણીની ટાંકીથી વિહાર ટોકીઝ સુધીના વિસ્તારમાં હાલની જૂની 500 મીમી વ્યાસની પાણીની લાઈન થી પાણી વિતરણ કરવામાં આવે છે. આ જુની હયાત લાઈન વારંવાર લીકેજ થાય છે. ટાંકીથી રોડ ક્રોસ કરી વિહાર ટોકીઝ સુધીની લાઇન પર ઘણા સમારકામ કરવામાં આવેલ છે. જેથી રોડ ઉપર વારંવાર લીકેજ થવાને કારણે રોડ તોડીને લીકેજ દુરસ્તીની કામગીરી થતી હોઈ છે. વારંવાર થતા લીકેજ થી સમારકામની નિભાવણી ખર્ચનું આર્થિક ભારણ વધી જાય છે. ગાજરાવાડી ટાંકીથી વિહાર ટોકીઝ સુધી આ જૂની મુખ્ય ડીલીવરી લાઈનના સ્થાને સલાહકારની ડિઝાઈન મુજબ 600 મીમી વ્યાસની લાઈન નાખવાના કામનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે ત્રણ વખત પ્રયાસ કરી ટેન્ડર મંગાવ્યા હતા. અંતે 1.36 કરોડનું ટેન્ડર સ્ટેન્ડિંગ સમિતિએ મંજુર કર્યું. આ ઉપરાંત શહેરના પૂર્વ ઝોન વિસ્તારમાં વહીવટી વોર્ડ નં-6 માં કારેલીબાગ ટાંકીના કમાન્ડ વિસ્તારમાં મંગ્લેશ્વર ઝાંપા તથા તેની આજુબાજુના વિસ્તારોમાં ઘણા સમયથી પાણીના લો-પ્રેશરને લગતા વિકટ પ્રશ્નો છે. જેથી આજુ-બાજુના સુચિત વિસ્તારોને પાણી પૂરતા પ્રેશર થી પુરું પાડવા કન્સલ્ટનને વર્ક ઓર્ડર આપવામાં આવેલ. કન્સલ્ટન્ટ દ્વારા નવી પાણીની લાઈન નાખવાના કામનો પ્રાથમીક અંદાજ રજૂ કરવામાં આવતા તેને મંજૂરી મળ્યા બાદ ટેન્ડર મંગાવતા આશરે 1 કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવશે.

**આંગણવાડીમાં ઝીરો એડમિશન : નડિયાદના ધારાસભ્ય ગિન્નાયા**

## શાળા સંચાલકનો ઉઘડો લીધો પ્રવેશપાત્ર બાળકોનો ફરી સર્વે કરવા સૂચના

નડિયાદ | તા.13


નડિયાદ શહેરમાં આજરોજ પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. જોકે, પ્રવેશ ઉત્સવમાં બાળકોની સંખ્યાને જોઈને ધારાસભ્ય રોષે ભરાયા હતા અને જાહેરમાં જ શિક્ષકનો ઉઘડો લઈ નાખ્યો હતો .તેમ જ પ્રવેશપાત્ર બાળકોનો ફરીથી સર્વે કરવાની સૂચના પણ આપી હતી. ધારાસભ્યએ પ્રવેશ આપવા માટે મહેનત જ કરવામાં આવી નથી તેમ કહીને શિક્ષકો તેમજ શાસન અધિકારીનો જાહેરમાં ઉઘડો લઈ લીધો હતો. નડિયાદ ખાતે યોજાયેલા પ્રવેશોત્સવમાં ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા જોઈને પોતાનો પિત્તો ગુમાવ્યો હતો. આંગણવાડીમાં પ્રવેશ સંખ્યા શૂન્ય હોવાને લઈને તેમજ બાલવાટિકામાં પણ ઓછી સંખ્યાને લઈને તેઓ ભરાયા હતા અને યોગ્ય રીતે સર્વેની કામગીરી કરી ન હોવાનું કહીને શિક્ષકનો જાહેરમાં જ ઉઘડો લઈ નાખ્યો હતો .આ ઉપરાંત તેઓએ પ્રવેશપાત્ર બાળકોનો ફરીથી સર્વે કરવાની સાથે સાથે તમામ શાળા વિસ્તારોમાં શિક્ષકોને કામગીરી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર ૪૨ બાળકોને બાલવાટિકામાં પ્રવેશ મેળવનાર ૧૫૧ બાળકોને તેમજ પહેલાં ધોરણમાં પ્રવેશ મેળવનાર ૨૦ બાળકોને કીટ આપવામાં આવી હતી. આ બાબતે આંગણવાડીના પ્રજ્ઞાબેને સંપર્ક જણાવ્યું હતું કે, અમારા દ્વારા સર્વે કરવામાં આવ્યો છે. જે શૂન્ય સંખ્યા છે તે શાળા પ્રવેશની છે. એક શિક્ષકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કેટલીક જગ્યાએ નગર શિક્ષણ સમિતિની શાળાના પરિસરમાં આંગણવાડી ચલાવવામાં આવે છે. જોકે, આંગણવાડીના બાળકોને નગર શિક્ષણ સમિતિની શાળાઓમાં પ્રવેશ અપાવવાની જગ્યાએ, ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે. નડિયાદ શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પાંચ વર્ષ પૂર્ણ થતા હોય તેવા બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાં શહેરની આઠ શાળાઓમાં કુલ ૧૫૧ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત છ વર્ષ પૂર્ણ થતા હોય તેવા બાળકોને ધોરણ એકમાં પ્રવેશ આપવામાં આવ્યો છે, જેમાં આઠ શાળાઓમાં ૨૦ બાળકોએ પ્રવેશ લીધો છે. જ્યારે આંગણવાડીમાં આઠ શાળાઓમાં કુલ ૪૨ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાંથી ત્રણ શાળાઓમાં એકપણ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો નથી.

### શાસન અધિકારી શું કહે છે ?

આ બાબતે નડિયાદ શિક્ષણ સમિતિના શાસન અધિકારી ધારાબેન ઠાકરે જણાવ્યું હતું કે, નગરપાલિકા હસ્તકની જે શાળાઓમાં આંગણવાડી નથી ચાલતી ત્યાં સર્વે અને પ્રવેશની સંખ્યા ૦ બતાવવામાં આવી છે. જ્યાં નગર શિક્ષણ સમિતિની શાળાના પરિસરમાં આંગણવાડી ચાલે છે તે તમામ આંગણવાડીના બાળકોને પણ આજે કીટ આપીને પ્રવેશોત્સવમાં તેમને આવકારવામાં આવ્યા હતા. આંગણવાડી શિક્ષણ વિભાગ કે શિક્ષણ સમિતિ અંતર્ગત નથી આવતી તેનો એક અલગ અલાયદો વિભાગ છે.

## વડોદરામાંથી 80,000 ની લાંચના કેસમાં પકડાયેલા કોન્સ્ટેબલની જામીન અરજીના મંજૂર

વડોદરા | તા.13



દંતેશ્વર વિસ્તારમાંથી બિભત્સ ચેનચાળાના કેસમાં પકડાયેલા આરોપી પાસેથી 80 હજારની લાંચ લેવાના કેસમાં ઝડપાયેલા કોન્સ્ટેબલ અને તેના સાગરિતની જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે મકરપુરા પોલીસ સ્ટેશનમાં એક મહિલા સહિત ચાર વ્યક્તિઓને અશ્લીલ ચેનચાળા કરવાના કેસમાં પકડવામાં આવ્યા હતા. મકરપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કલ્પેશ નંદકિશોર સોનવણે (રહેવાસી વિષ્ણુ નગર પ્રતાપનગર દંતેશ્વર )એ સ્પાના સંચાલકને કેસની પટાવટ કરવા તેમજ મીડિયામાં તેઓના નામ ન આવે તે માટે 80 હજાર રૂપિયાની લાંચ માગી હતી. જે અંગે એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરવામાં આવતા એન્ટીકરપ્શન બ્યુરોએ છટકું ગોઠવીને સંજય લક્ષ્મણ ભરવાડ (રહેવાસી ભરવાડ વાસ દંતેશ્વર) તેમજ પ્રિન્સ રાજકુમાર શર્મા (રહેવાસી સોમનાથ નગર ડભોઇ રોડ)ને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ આ કેસમાં હેડ કોન્સ્ટેબલ કલ્પેશ સોનવણેની પણ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં જેલવાસ ભોગવતા કોન્સ્ટેબલ કલ્પેશ સોનવણે તથા તેના સાગરીત પ્રિન્સ દ્વારા જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જે અરજી અદાલતે નામંજૂર કરી છે.

### ધો.1માં માત્ર 1848 બાળકોને પ્રવેશ અપાયો

# બાળકોને પ્રવેશ અપાયો: જિલ્લાની 60 ટકા શાળામાં ધો.1નો એક પણ વિદ્યાર્થી ન મળ્યો



સુરેન્દ્રનગર: કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ અમલમાં મુકાતા ધો.1માં પ્રવેશ માટેની ઉંમર વધારવામાં આવી છે. જેથી ચાલુ સાલ 6 વર્ષ પૂરા કરનાર બાળકોને જ ધોરણ 1માં પ્રવેશ આપવાનો નિયમ અમલી બનતા જિલ્લાની 60 ટકાથી વધુ પ્રાથમિક શાળાઓમાં ધો. 1નો એકપણ વિદ્યાર્થી નથી મળ્યો. સુરેન્દ્રનગર જિલ્લામાં ગત વર્ષે ધો. 1માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 21000ની સરખામણીએ આ વર્ષે સમગ્ર જિલ્લાના માત્ર 1848 બાળકો ધોરણ 1માં પ્રવેશ મેળવી શક્યા છે.છેલ્લા 15 દિવસથી સરકારી શાળાના શિક્ષકો ધો.1માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને શોધવા ઘેરઘેર ફરી રહ્યા છે.

જે બાળકોને હાલ ધો.1માં પ્રવેશ નથી મળ્યો તેમના માટે બાલવાટિકામાં સુવ્યવસ્થિત અભ્યાસ થાય તેવું સરકારનું આયોજન છે. બાલવાટિકાના નવા પાઠ્યપુસ્તક દરેક શાળામાં મોકલી અપાયા છે. વઢવાણ તાલુકા શિક્ષણાધિકારી વિવિધ શિક્ષણ સંઘના હોદ્દેદારોએ જણાવ્યું કે આ વર્ષે 30 સપ્ટેમ્બર સુધી છૂટછાટ આપવી જોઈએ. મોટાભાગની શાળાઓમાં ધોરણ 1ના 2થી 5 બાળક મળ્યા. છૂટછાટ નહીં અપાય તો શિક્ષણજગત પર અસર જોવા મળશે.

### સિરામિકમાં કામ કરતા કાચો માલ બનાવવાના મશીનની અંદર હાથ આવી જતા કપાયો હતો

# મજબૂત મનોબળ:થાનના મહિલાનો હાથ કપાયો છતાં ચક્ર અને બરછીફેંકમાં કારકિર્દી બનાવી



થાન: કોઈપણ વ્યક્તિ જીવનમાં જ્યારે કંઈક ગુમાવે ત્યારે નિરાશ થઈને બેસી જાય છે. ત્યારે થાનના મહિલા અકસ્માતે હાથ ગુમાવ્યા બાદ રમત ગમત ક્ષેત્રે આગળ આવીને બીજાને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે. થાનગઢ શહેરમાં સર્વોદય સોસાયટીમાં રહેતા પ્રજાપતિ મંજુલાબેન સિરામિકમાં કામ કરતા હતા ત્યારે કાચો માલ બનાવવાના મશીનની અંદર હાથનો અકસ્માત બન્યો હતો. ત્યારબાદ 10 મહિના સુધી તેમના પતિ જયંતીભાઈ સતત ધ્યાન આપીને મનોબળ ઊંચું લાવીને ફરીથી જીવન વસાવા માટેની પ્રેરણા આપીને કામ કર્યું હતું.આ સિવાય તેમના 2 પુત્રે મંજુલાબેનને સતત જીવનની પ્રેરણ અને હિંમત આપી હતી. આથી 10 મહિના પછી મંજુલાબેન પોતાના ઘરનું કામ રાબેતા મુજબ કામ કરવાનું ચાલુ કર્યું હતું. સાયલાના આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટના મુન્નાભાઈ અને રાજુભાઈએ મંજુલાબેનને જોઈને એમ થયું કે આમને રમત ગમતની અંદર ભાગ લેતો કંઈક કરી શકે તેમ છે. મંજુલાબેન સાથે ટ્રસ્ટી લોકોએ વાત કરીને તેમને પ્રોત્સાહિત કર્યા અને જિલ્લાની અંદર ફોર્મ ભરીને બરછીફેંક અને ડીસ્ક થ્રો રમતમાં ભાગ લીધો જેની અંદર તેઓ પ્રથમ આવ્યા હતા.

ત્યારબાદ તેમને મે માસમાં નડિયાદમાં રાજ્યકક્ષાએ ચક્રફેંકમાં પણ ભાગ લીધો હતો. ત્યરાબદ સિરામિક કારખાનાની અંદર કોડિયાનું કામ ચાલુ કર્યું. ગુજરાતની અંદર ફર્સ્ટ આવવાથી થાન પ્રજાપતિ સમાજ અને મોરબી વાંકાનેર પ્રજાપતિ સમાજ તેમને સન્માનિત કર્યા હતા. આ રમત ગમત ની અંદર એમને કુલ ચાર વખત ભાગ લીધો 4 વખતની અંદર 2 વખત પહેલા નંબરે અને 2 વખત બીજા નંબરે રહ્યા હતા. સરકાર તરફથી પણ પ્રોત્સાહિત ઈમના મળ્યા હતા.

થાનગઢના હિંમતવાન મહિલા તાલુકા લેવલે પહેલાં ભાલા ફેંક અને ડીસ્કથ્રોમાં મેડલ જીતવા સાથે કોડિયા બનાવવાનું નાનું એવું યુનિટ ચલાવે છે. જેમાં તેમનો પરિવાર સાથ આપે છે. આ યુનિટમાં દીવાળીના ઉત્સવ માટે દીવડા અને પાણીના ગોળા માટીના બનાવાય છે. મંજુલાબેનને તેમના પતિ જયંતીભાઈ આજે પણ સમાજસેવા માટે ગરીબ માણસોના ઘરે સીધુ પહોંચાડે છે. સાથે બીજા લોકોનું પણ ગ્રુપ બનીને સાથે મળીને ગરીબ માણસોને સેવાકાર્ય કરે છે.

### પ્રથમ સંતાનમાં દીકરીનો જન્મ થતાં જ ત્રાસ ગુજાર્યો

# પાલનપુરમાં પતિ સામેથી કુલર ફેરવી લેતાં પત્નીને ત્રણ તલાક આપી દીધા




પાલનપુર: પાલનપુરની પરિણીતાએ તેના પતિની સામેથી કુલર ફેરવી લેતાં પતિએ ત્રણ તલાક આપી દીધા હતા. અગાઉ પ્રથમ સંતાનમાં દીકરી જન્મતાં સાસરિયાઓ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપ્યો હતો. આ અંગે તેણીને પતિ, સાસુ, દિયર અને નંણદ સામે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.આથી પોલીસે તપાસ હાથ ધરી છે.

પાલનપુરના ઢાળવાસ સુન્ની વોર વાસ ખાતે રહેતી 27 વર્ષીય તોહિદા મોહમંદ ફારૂકી ઉદુશીના લગ્ન ઢાળવાસ ખાતે રહેતા ઝૈદ મોહમંદ ફારૂક કલદાર સાથે 2018માં થયા હતા. જોકે, એક વર્ષના સુખી દામ્પત્ય જીવન બાદ તેણીને સારા દિવસો રહેતા તેના પિયરીયાઓને જાણ કરી હતી. ત્યારે પતિ અને સાસુ ઉશ્કેરાઈ જઈ વહેમ શંકા કરી માનસિક શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. જોકે, મહિલાના કુખે બાળકીનો જન્મ થતા સાસરિયાઓનો ત્રાસ વધતો ગયો હતો. અને બીજીવાર ગર્ભવતી બનતા દીકરી જન્મે તો તલાક આપી દેવાની ધમકી આપતા હતા.

દરમિયાન નાની નાની બાબતોએ તકરાર કરી પતિ, સાસુ, નંણદ અને દિયર દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો. 25 મે ના રોજ કુલર પોતાની સામે ફેરવનાર પતિને કહેવા જતા ઉશ્કેરાઈ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ત્રણ વાર તલાક તલાક બોલી તલાક આપી દેતા આખરે પીડિત મહિલાએ પતિ ઝૈદ મોહમંદ ફારૂક કલદાર, સાસુ કમરૂનીશા મોહમંદ ફારૂક કલદાર, દિયર ઝાહિદ મોહમંદ ફારૂક કલદાર અને નંણદ આયશાબીબી મોહમંદ ફારૂક કલદાર સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### શહેરને ગાર્ડન સિટીની ઓળખ આપવા કવાયત

# નવીનીકરણ:શહેરમાં રૂપિયા 8 કરોડના ખર્ચે વધુ 9 બગીચાઓનું નવીનીકરણ કરાશે



ગાંધીનગર: ગાંધીનગર શહેરની સ્થાપના થઇ ત્યારે વસાહતીઓને ઘરની નજીકમાં જ પરિવાર અને બાળકો સાથે બેસી શકાય, યોગ-કસરત કરી શકાય અને કુદરતી વાતાવરણમાં શાંતિથી સમય પસાર કરી શકાય તે માટે દરેક સેક્ટરોમાં ગાર્ડન બનાવવામાં આવ્યા હતા. જાળવણીના અભાવે મોટાભાગના ગાર્ડન મૃતપાયઃ સ્થિતિમાં આવી જતાં કેટલાક ગાર્ડન તો અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયા હતા. પરંતુ હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને ફરી ગાર્ડન સિટીની ઓળખ અપાવવા માટે તબક્કાવાર શહેરના તમામ ગાર્ડનના નવિનીકરણ માટે આયોજન કરવામાં આવી રહ્યું છ. ચાલું વર્ષે વધુ 9 જેટલા ગાર્ડનનું નવિનીકરણ 8 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે.

આ વર્ષના મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટમાં 9 જેટલા બગીચાઓને નવીનીકરણ કરવાની નાણાકીય જોગવાઈ કરવામાં આવી હતી. આના માટે સેક્ટર 1, 3, 21, 23, 25, 26, 28, 30 અને બોરીજના બગીચાઓની પસંદગી કરાઈ છે. સેક્ટર 21માં બે બગીચાઓનું નવીનીકરણ થશે. આ સેક્ટરના બંને બગીચાઓમાં વિશેષ સુવિધા ઉભી કરાશે.

દરેક બગીચામાં જગ્યાને ધ્યાનમાં રાખીને ગજેબો બનાવવામાં આવશે જેથી અહીં લોકો પરિવાર સાથે આવીને બેસી શકે, ક્યારેક ડબ્બા ઉજાણી પણ કરી શકે, વરસાદ દરમિયાન વાતાવરણને માણી શકે. જે બગીચાનો વિસ્તાર મોટો હશે ત્યાં બેથી વધારે ગજેબો મુકાશે. બગીચામાં આવતા લોકો માટે વોક વે પણ બનાવાશે. જેનાથી જે લોકો મોર્નિંગ વોક માટે આવતા હોય છે. તેમણે બગીચાની અંદરથી નહીં જવું પડે અને બાળકો બગીચાની અંદર રમી શકશે. જે બગીચાઓનું નવીનીકરણ થઈ રહ્યું છે, તે દરેક બગીચાઓમાં નવા રમત - ગમત માટેના સાધનો મુકાશે. જેનાથી બાળકો રમી શકશે. તે ઉપરાંત કસરત માટે જીમના સાધનો પણ મુકાશે. યુવાનોએ પૈસા ખર્ચીને જીમમાં જવું ન પડે અને ઘરની નજીકના ગાર્ડનમાં જ તેઓ કસરત કરીને પોતાના શરીરને ફીટ રાખી શકે તે માટે જીમ જેવી સુવિધા બગીચામાં જ મળશે.

### ભરૂચની ઝાડેશ્વર ચોકડીના બેકાર બનેલાં વેપારીઓની વ્યથા

# વેપારીઓની વ્યથા:ધંધો કરવા માટે બેંકોમાંથી લોન લીધી છે, હપ્તા કેવી રીતે ભરીશું ?

ભરૂચ: ભરૂચના માંડવા ટેક્સ પ્લાઝા બાદ હવે ઝાડેશ્વર ચોકડી પર હાઈવેની આસપાસ આવેલાં 75 જેટલા લારીગલ્લાઓ હટાવી લેવામાં આવ્યાં છે. લારી ગલ્લાઓના કારણે થતાં ટ્રાફિક જામ અને અકસ્માતના બનાવો રોકવા નેશનલ હાઈવે ઓથોરિટીએ દબાણો દુર કરવાની શરુઆત કરી છે. ભરૂચમાં બેકાર બનેલાં લારીગલ્લા ધારકોએ કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની માગ કરી છે. નેશનલ હાઈવે ઓથોરીટીએ સતત ત્રણ દિવસ પોલીસ બંદોબસ્ત સાથે ઝાડેશ્વર ચોકડીએ રસ્તાની બંને તરફના 75 જેટલા લારીગલ્લાઓ તોડી નાંખ્યાં છે. છેલ્લા 25 વર્ષ ઉપરાંતથી હાઈવેની બંને તરફ લારીગલ્લાઓ બિલાડીના ટોપની માફક વધ્યાં હતાં. ચાલુ વર્ષના પ્રારંભથી અકસ્માતો અને ટ્રાફિકજામ નિવારવાના આશય સાથે નેશનલ હાઈવે ઓથોરીટીએ મુંબઈથી વડોદરા સુધીના હાઈવે પરના લારીગલ્લાઓ દુર કરવાની શરૂઆત કરી છે. ભરૂચમાં તંત્રની કાર્યવાહીના પગલે 75 જેટલા લારી ગલ્લા ધારકો બેકાર બની ગયાં છે.3 દિવસ ઉપરાંતથી રોજગારી છીનવાઈ જતાં બેકાર બનેલાં લારી ધારકોએ કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે, કોરોના કાળમાં ધંધા બંધ રહેવાના કારણે આર્થિક રીતે નબળા પડતા બેંકમાંથી લોન લેવી પડી છે.પરંતુ હાલ આ ધંધો બંધ થવાથી અમે આ બેંકના હપ્તા કેવી રીતે ભરીશું સરકાર અમને વૈકલ્પિક જગ્યા આપે તેવી અમારી માગ છે. ભરૂચની ઝાડેશ્વર ચોકડીએ ફ્લાયઓવર બન્યો હોવા છતાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે.

### એકતરફી પ્રેમમાં અંધ શખ્સની કરતૂત

# યુવતીએ પીછો કરવાની ના પાડતા એકતરફી પ્રેમમાં અંધ બનેલા યુવાને પથ્થર વડે હુમલો કર્યો




ગાંધીનગર: ગાંધીનગરના ઉનાવામાં કોમ્પ્યુટર કલાસથી પરત ઘરે જઈ રહેલી યુવતીને એકતરફી પ્રેમમાં અંધ બનેલા યુવાને તું કેમ કઈ બોલતી નથી કહી રસ્તામાં ઉભી રાખી દીધી હતી. જેથી યુવતીએ બોલવાની ના પાડી પીછો કરવાની પણ ના કહી દેતા ગુસ્સે ભરાયેલા યુવકે પથ્થર વડે હુમલો કરવામાં પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ગાંધીનગરના ઉનાવામાં પરિવાર સાથે રહેતી 19 વર્ષીય યુવતી શેરથા રોડ પર આવેલ સંસ્થામાં કોમ્પ્યુટર કલાસ કરે છે.ગઈકાલે યુવતી તેની મોટી બહેન સાથે કોમ્પ્યુટર ક્લાસમાં ગઈ હતી. અને ત્યાંથી ઘરે પરત જવા માટે બપોરના સમયે બંને બહેનો નીકળ્યા હતા. આ દરમ્યાન ઉનાવા ગામના નાકે આશરે ચારેક વાગે પહોચતા મહોલ્લામાં રહેતો રાવળ રોનકભાઇ ગોવિંદભાઇ યુવતીની પાસે ગયો હતો. અને કહેવા લાગેલો કે, કેમ તુ કંઇ બોલતી નથી, તેમ કહેતા યુવતીએ તેને કહેલ કે મારે તારી સાથે નથી બોલવુ. અને હું જ્યારે ઘરેથી બહાર કામે આવું ત્યારે તુ મારી પાછળ પાછળ આવી મને હેરાન પરેશાન કરે છે.

આથી હું મારા પિતાજી બધું કહી દઈશ. આ સાંભળી રોનક એકદમ ઉશ્કેરાઇ જઇ જમીન ઉપર પડેલ પથ્થર લઈને યુવતીને છૂટો માર્યો હતો. જે પથ્થર યુવતીના કાન ના ભાગે વાગ્યો હતો. અને લોહી નીકળવા લાગતા યુવતીએ બુમાબુમ કરી મુકી હતી. જેથી રોનક ત્યાંથી ભાગવા લાગ્યો હતો. એટલે યુવતી અને તેની બહેન રોનક ને પકડવા માટે પાછળ દોડી હતી. પરંતુ તે ભાગી ગયો હતો.

બાદમાં યુવતીએ ઘરે જઈને પિતાને સઘળી હકીકતથી વાકેફ કરી સરકારી દવાખાનામાં સારવાર કરાવી હતી. બાદમાં પિતા સાથે પેથાપુર પોલીસ મથકે જઈને એકતરફી પ્રેમમાં અંધ બનેલા રોનક રાવળની કરતૂત વર્ણવી ફરિયાદ આપી હતી. જેનાં પગલે પોલીસે રોનક રાવળ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગોધરાના પોલન બજારમાં ધડાકા સાથે કેબલો સળગતાં અંધારપટ

ગોધરા: ગોધરા શહેરમાં આવેલ પશ્ચિમ વિસ્તારમાં પાછલા 3 દિવસથી વીજ પુરવઠાની સમસ્યાને લઈને લોકોને રાત્રી અંધારપટમાં વિતાવવાનો વારો આવ્યો છે. ગત શનિવારની રાત્રીથી વીજપુરવઠો ખોરવાતા ગોધરા બજાર મોહલ્લા તથા પોલન બજારના આસપાસના અનેક વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાયેલ હતો. અસમસ્ત સમસ્યા વિસ્તારમાં વિજ ઓવેર લોડને લઈને ઘણા સમયથી સમસ્યા ઉભી થવા પામેલ છે. જે સમસ્યાને દૂર કરવા માટે ગત રવિવારના રોજ ગોધરા MGVCL દ્વારા વિસ્તારમાં 200 કેવીનું વધારાનું ટ્રાન્સફર્મર લગાડવામાં આવેલ હતું. કામગીરી દરમયાન રવિવારના રોજ વિસ્તારમાં સદંતર વિજપુરવઠો બંધ કરવામાં આવેલ હતો. કામગીરી પૂર્ણ થતા સાંજે 7 વાગ્યાની આસપાસ વીજપુરવઠો ચાલુ કરવામાં આવેલ હતો.

### પાલનપુર આબુ હાઇવેના રહીશોના પ્રશ્નો હલ કરવા ધારાસભ્ય અને કલેકટરને એક સપ્તાહનું અલ્ટીમેટમ

પાલનપુર: આબુ હાઈવે પર ન્યુ પાલનપુર વિસ્તારમાં નેશનલ હાઈવે પર પાણી ભરાવા મુદ્દે, સર્વિસ રોડ તેમજ પીવાના ટાંકામાંથી પાઇપ લાઈન નાખવા મુદ્દે રહીશો દ્વારા સોમવારે કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં કલેક્ટર અને ધારાસભ્યને એક સપ્તાહનું અલ્ટીમેટમ આપી 18 જૂને હાઇવે બ્લોક કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અને બંને પાસે બાંહેધરી માંગવામાં આવી છે. પાલનપુર આબુ હાઇવે પર ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેના પગલે વરસાદી પાણીનું વહેણ રોકાઈ જતા ત્યાં પાણી ભરાઈ રહે છે.જેથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યૌ છે. તેના નિકાલ માટે તેમજ સર્વિસ રોડ બનાવવા સહિત સોસાયટીમાં બનાવેલું છેલ્લા ત્રણ વર્ષથી ટાંકામાં ધરોઇથી આવતી પાઇપલાઇનનું જોડાણ અપાયું નથી, રહીશો ક્ષાર વાળું બોરનું પાણી પીવા મજબૂર છે.

### MLA ખડેપગે | રિવાબા જાડેજા દ્વારા 10000 થી વધારે ફૂડ પેકેટ તૈયાર કરાયા

# બીપરજોય વાવાઝોડાને લઈને ધારાસભ્ય રિવાબા જાડેજાએ અસર કરતા વિસ્તારોની મુલાકાત લીધી







જામનગર: વાવાઝોડાની સંભાવના ને લઈને જામનગર 78 વિધાનસભા ના ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા 10000 થી વધારે ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે જ્યારે ચક્રવાત દરમિયાન વિચારવાળા વિસ્તારોમાં કોઈપણને અન કે જળ વિના ન રહેવું પડે તેના અનુસંધાને તકેદારીના ભાગરૂપે ધારાસભ્ય દ્વારા ખાસ 10,000 જેટલા ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે.

બીપર જોય વાવાઝોડાને લઈને જામનગરના 78 વિધાનસભા ના ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા વોર્ડ નંબર 1, 2,4 તેમજ દરિયાઈ વિસ્તાર પર રહેતા લોકોની વિસ્તારની મુલાકાત લીધી હતી તેમજ લોકો સાથે મળી વાવાઝોડાની પરિસ્થિતિને લઈને તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી હતી અને જરૂર પડે તો લોકોને સ્થળાંતર કરવાની પણ તૈયારી રાખવી હતી તેમજ વાવાઝોડાની તકેદારી રૂપે ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા વિસ્તારના લોકોને મદદરૂપ થવા માટે 10000 જેટલા ફૂટ પેકેટો તૈયાર કરાયા છે. જ્યારે જામનગર શહેરના બેડી વિસ્તાર જોડિયા ભૂંગા વિસ્તાર નવાગામ ઘેડ હાપા સહિતના વાવાઝોડાને અસર કરતા વિસ્તારોમાં થર નું નિરીક્ષણ કર્યું અને લોકો સાથે ચર્ચા કરી તેમજ વાવાઝોડા દરમિયાન વધુ અસરગ્રસ્ત કરતા વિસ્તારોમાં વાવાઝોડાની પરિસ્થિતિ સામે પહોંચી વળવા ધારાસભ્ય દ્વારા તમામ તૈયારી કરવામાં આવી છે જ્યારે 78 વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા 10000 ફૂટ પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે અને તમામ વિસ્તાર પર તેમના દ્વારા થર્ડ પર નિરીક્ષણ કરવામાં આવ્યું અને લોકો સાથે રૂબરૂ મળી પરિસ્થિતિ નો તાગ મેળવ્યો હતો અને લોકોને પણ વિપરીત પરિસ્થિતિમાં મદદરૂપ થવા જણાવ્યું હતું હાલ તો સંભવિત વાવાઝોડાને લઈને જામનગરના 78 વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજા સંભવિત વાવાઝોડાની પરિસ્થિતિ સામે લડવા તૈયારી દાખવી અને લોકોને મદદરૂપ થવા માટે પણ પ્રયત્ન કરી રહ્યા છે. વાવાઝોડાની સંભાવના ને લઈને જામનગર 78 વિધાનસભા ના ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા 10000 થી વધારે ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે જ્યારે ચક્રવાત દરમિયાન વિચારવાળા વિસ્તારોમાં કોઈપણને અન કે જળ વિના ન રહેવું પડે તેના અનુસંધાને તકેદારીના ભાગરૂપે ધારાસભ્ય દ્વારા ખાસ 10,000 જેટલા ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે.

### કોંગ્રેસની નીતિની લોકોમાં ચોતરફે ટીકા


# જામનગરમાં ડિમોલિશન સામે કોંગ્રેસના બંધના એલાનનો ફિયાસ્કો



જામનગર: જામનગરના બર્ધન ચોકમાં છેડેચોક થતાં દબાણ સામે કોંગ્રેસની બચાવની નીતિની લોકો અને સ્થાનિક વેપારીઓમાં ભારે ટીકા થઈ રહી છે. જેને સમર્થન મળતું હોય તેમ કોંગ્રેસ દ્વારા સોમવારે અપાયેલા બંધના એલાનનું સદંતર ફિયાસ્કો થયો હતો. કોંગ્રેસના આગેવાનોએ બંધ રાખવા અપીલ કરવી પડી હતી. આમ, દબાણ સામેની કોંગ્રેસની નીતિને લોકોએ વખોડી કાઢી છે.


આ વિસ્તારની 80 ટકા દુકાનો ખુલ્લી રહેતા બંધના એલાનનો ફિયાસ્કો થયેલ જોઇ કોંગ્રેસના કોર્પોરેટરો અને અન્ય આગેવાનોએ બંધની અપીલ કરવા નિકળવું પડયું હતું. દરબારગઢથી કાલાવડ નાકા તરફની કેટલીક દુકાનો બંધ રહી હતી. જયારે દરબારગઢથી બર્ધન ચોક થઈ હવાઈચોક સુધીની મોટાભાગની દુકાનો રાબેતા મુજબ ખુલ્લી રહી હતી. આમ કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા ગરીબોના ધંધા-રોજગાર ડિમોલેશનથી છીનવાઈ જશે તેવી ઉભી કરાયેલી હવાની પણ હવા નિકળી ગઈ હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ સામાન્ય રહેશે. આવક સાથે-સાથે ખર્ચ વધારે રહેશે. પતિ-પત્નીના સંબંધ સુખમય જળવાયેલાં રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**

તમારા સ્વભાવને સહજ જાળવી રાખો, ગુસ્સાના કારણે સ્થિતિ ખરાબ થઈ શકે છે. ઘરમાં મહેમાનો આવવાથી ઘરનું વાતાવરણ સુખમય રહેશે.



**મિથુન (ક,છ,ઘ)**

ભવિષ્યને લગતી યોજનાઓને ફળીભૂત કરવા માટે સમય અનુકૂળ છે. તાવ, ઉધરસ અને સિઝલન પરેશાની આવી શકે છે.



**કર્ક (ડ,હ)**

સમયની કિંમતને ઓળખો. ઘર તથા વેપારમાં જીવનસાથીનો સહયોગ તમને તણાવમુક્ત રાખશે. આજે કાર્યક્ષેત્રમાં સારી વ્યવસાયિક યોજનાઓ બનશે.



**સિંહ (મ,ટ)**

કાર્યક્ષેત્રમાં કર્મચારીઓ સાથે કોઈ વાતને લઈને મતભેદ થઈ શકે છે. સામાજિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે.




**કન્યા (પ,ઠ,ણ)**

અજાણ્યા લોકોનો સંપર્ક ન રાખો. પરિવારમાં સુખ-શાંતિ જળવાયેલી રહેશે. વધારે કામ સાથે-સાથે યોગ્ય આરામ પણ લેવો જરૂરી છે.



**તુલા (ર,ત)**

હાલ વર્તમાન પરિસ્થિતિઓ વધારે અનુકૂળ નથી. પતિ-પત્ની વચ્ચે કોઇ નાની વાતને લઇને વિવાદ થઇ શકે છે. વ્યક્તિગત સંબંધને મજબૂત કરશો.



**વૃશ્ચિક (ન,ય)**

આ સમયે કામકાજ પ્રત્યે પૂર્ણ ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂરિયાત છે. અચાનક જ થોડા બિનજરૂરી ખર્ચ સામે આવી શકે છે. ખરાબ આદતો તથા ખરાબ સંગતથી દૂર રહો.




**ધન (ભ,ધ,ફ)**

મુશ્કેલીઓ તથા વિઘ્નો સિવાય તમે તમારા આત્મવિશ્વાસને જાળવી રાખશો. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો.



**મકર (ખ,જ)**

કોઇ નવા વેપારને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. ખોટા કાર્યોમાં સમય ખરાબ ન કરો. પતિ-પત્ની વચ્ચે ઘરમાં જ કોઇ સમસ્યાને લઇને તણાવ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

તમારી જવાબદારીઓને અન્ય લોકો સાથે વહેંચતા શીખો. જીવનસાથી તથા પરિવારના લોકોનો સહયોગ તમારા મનોબળને વધારશે. આર્થિક ગતિવિધિઓમાં ધ્યાન કેન્દ્રિત રાખો.



**મીન (દ,ચ,ઝ,થ)**

વાહન સાવધાનીપૂર્વક ચલાવો. માતા-પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું તથા તેમનો આદર કરવો તમને આત્મિક સુકૂન આપશે. પરિવારજનો સાથે સમય પસાર કરવો.

# શેરબજાર 63 હજારને પાર: સેન્સેક્સ 418 પોઈન્ટ વધીને 63,143 પર બંધ

**ટોચના શેર્સમાં ઘટાડો**

મુંબઈ:આજે એટલે કે મંગળવારે (13 જૂન) શેરબજારમાં વધારો જોવા મળ્યો છે. સેન્સેક્સ 418 પોઈન્ટના ઉછાળા સાથે 63,143 પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી પણ 114 અંક વધીને 18,716 પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 19માં વધારો અને 11માં ઘટાડો જોવા મળ્યો છે. અગાઉ સેન્સેક્સ 45 પોઈન્ટ વધીને 62,779ના સ્તરે ખુલ્યો હતો. તે જ સમયે, નિફ્ટીમાં પણ 30 પોઈન્ટનો વધારો થયો હતો, તે 18,631ના સ્તરે ખુલ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 27માં વધારો જોવા મળી રહ્યો છે અને 3માં ઘટાડો જોવા મળી રહ્યો છે. MRFનો શેર 1 લાખ સુધી પહોંચ્યો MRFનો શેર આજે 1 લાખના સ્તરને વટાવીને 1 લાખ 200 રૂપિયા સુધી પહોંચી ગયો છે. જોકે, પાછળથી થોડો ઘટાડો થયો અને 931.45 (0.94%) વધીને રૂ. 99,900 પર બંધ થયો. MRF સ્ટોક ભારતીય બજારમાં રૂ. 1 લાખના આંકને સ્પર્શનાર પ્રથમ સ્ટોક બન્યો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે ડોલર સામે રૂપિયો 2 પૈસા મજબૂત થઈને 82.41 પર ખુલ્યો છે. ગઈ કાલે એટલે કે 12 જૂને રૂપિયો પ્રતિ ડૉલર 82.43 પર બંધ થયો હતો. ક્રૂડ ઓઈલના ભાવમાં આજે પણ ઘટાડો ચાલુ છે અને બેરલ દીઠ $72-71.50 પર આવી ગયો છે. છૂટક ફુગાવો બે વર્ષમાં સૌથી નીચા સ્તરે દેશમાં રિટેલ મોંઘવારી દર મે મહિનામાં ઘટીને 4.25% પર આવી ગયો છે.



## MRF રૂ. 1 લાખ સુધી પહોંચનાર પહેલો શેર બન્યો

### ગઈકાલે બજારમાં વધારો જોવા મળ્યો હતો

આ 25 મહિનામાં મોંઘવારીનો સૌથી નીચો સ્તર છે. એપ્રિલ 2021માં ફુગાવો 4.23% હતો. ફુગાવામાં આ ઘટાડો ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે થયો છે. અગાઉ એપ્રિલ 2023માં રિટેલ ફુગાવાનો દર 4.70% હતો. અગાઉ સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે એટલે કે સોમવાર (12 જૂન)ના રોજ શેરબજારમાં વધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 99 પોઈન્ટના ઉછાળા સાથે 62,724 પર બંધ રહ્યો હતો.

મોટા ભાગના બ્લુચિપ શેરો સરેરાશ એક વર્ષ સુધી સ્થિર રહ્યા કારણ કે રોકાણકારો રિટર્નના અભાવે નિરાશ હતા. 2. રિટેલ રોકાણકારો, વિદેશી રોકાણકારો અને મ્યુચ્યુઅલ ફંડોએ મિડકેપ શેરોમાં રોકાણ કરવાનું શરૂ કર્યું. 3. મોટા રોકાણકારો કે જેઓ એકસાથે નાણાંનું રોકાણ કરે છે તે 1-2 વર્ષમાં નાણાં ઉપાડી લે છે, બ્લુચિપ શેરોમાં આવું જ થયું છે. 4. જર્મની જેવી મોટી ઈકોનોમી આર્થિક સંકટમાં આવી રહી છે, આવા દેશોમાં મોટી કંપનીઓની વધુ આવક રહે છે. 18601.50 પર બંધ થયો હતો. દરમિયાન, ઈન્ફોસીસના શેર તેમના સર્વોચ્ચ સ્તરેથી 30% સુધી તૂટ્યા છે. જોકે બે તારીખો વચ્ચેના તેના બંધ સ્તરમાં તફાવત 17.78% છે. એ જ રીતે ટીસીએસના શેરમાં સર્વોચ્ચ સ્તરેથી 28%નો ઘટાડો થયો છે અને છેલ્લા 6 મહિનામાં તેના બંધ સ્તરથી તફાવત 2.51% છે.

**ન્યૂઝ કોર્નર**

### 15 વર્ષમાં પ્રથમ વખત સરકારે ઘઉં પર સ્ટોક લિમિટ લાગુ કરી

15 વર્ષમાં પ્રથમ વખત સરકારે ઘઉંના વધતા ભાવને રોકવા માટે તાત્કાલિક અસરથી 31 માર્ચ 2024 સુધી ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી છે. સરકારે ઓપન માર્કેટ સેલ્સ સ્કીમ (OMSS) હેઠળ પ્રથમ તબક્કામાં કેન્દ્રીય પૂલમાંથી જથ્થાબંધ ગ્રાહકો અને વેપારીઓને 1.5 મિલિયન ટન ઘઉં વેચવાનું પણ નક્કી કર્યું છે. Commodity Market Today : 15 વર્ષમાં પ્રથમ વખત સરકારે ઘઉંના વધતા ભાવને રોકવા માટે તાત્કાલિક અસરથી 31 માર્ચ 2024 સુધી ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી છે. સરકારે ઓપન માર્કેટ સેલ્સ સ્કીમ (OMSS) હેઠળ પ્રથમ તબક્કામાં કેન્દ્રીય પૂલમાંથી જથ્થાબંધ ગ્રાહકો અને વેપારીઓને 1.5 મિલિયન ટન ઘઉં વેચવાનું પણ નક્કી કર્યું છે. ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ કહ્યું કે છેલ્લા મહિનામાં ઘઉંના ભાવમાં વધારો થયો છે. મંડી સ્તરે કિંમતોમાં લગભગ 8%નો વધારો થયો છે. જો કે જથ્થાબંધ અને છૂટક ભાવમાં તેટલો વધારો થયો નથી.

### ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં ગંભીરતા ન દાખવનારા સામે લાલબત્તી સમાન કિસ્સો

ઈન્કમ ટેક્સ રિટર્ન મોડું ભરવું એ ગુનાની શ્રેણીમાં આવે છે અને તમને જેલ પણ થઈ શકે છે. જો તમને ખાતરી ન હોય તો આ સમાચાર તમારો ભ્રમ તોડી નાખશે. સ્પેશિયલ કોર્ટે બે કંપનીઓના ડાયરેક્ટર્સને એસેસમેન્ટ યરનું ઈન્કમ ટેક્સ રિટર્ન(ITR) સમયસર ફાઈલ ન કરવા બદલ જેલમાં મોકલી દીધા હતા. ITR Filing : ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં ગંભીરતા ન દાખવનારા સામે લાલબત્તી સમાન કિસ્સો, કોર્ટે બે ડાયરેક્ટર્સને જેલમાં ધકેલી દીધા પણ થઈ શકે છે. જો તમને ખાતરી ન હોય તો આ સમાચાર તમારો ભ્રમ તોડી નાખશે. સ્પેશિયલ કોર્ટે બે કંપનીઓના ડાયરેક્ટર્સને એસેસમેન્ટ યરનું ઈન્કમ ટેક્સ રિટર્ન(ITR) સમયસર ફાઈલ ન કરવા બદલ જેલમાં મોકલી દીધા હતા. આ બંને દાગીનાના વ્યવસાયમાં છે છે. તેમને 6-6 મહિનાની સખત છે. જો તમે પણ આવું કંઈક કરી રહ્યા છો તો સાવચેત રહો કારણ કે હવે પછીનો નંબર તમારો પણ હોઈ શકે છે.

# દ્વિપક્ષીય વેપાર:ભારત-યુએઇ વચ્ચે ટ્રેડ 100$ અબજને આંબશે: પીયુષ ગોયલ

## મુક્ત વેપાર કરારના અમલીકરણને વેગ આપવા કાઉન્સિલ રચાશે

ભારત અને UAE વચ્ચે ક્રૂડ ઓઈલ સિવાયનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2030 સુધીમાં $100 અબજને આંબશે તેવી અપેક્ષા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વ્યક્ત કરી હતી. અત્યારે ક્રૂડ ઓઈલ સિવાયનો દ્વિપક્ષીય વેપાર $48 અબજ છે. જોઈન્ટ કમિટી ઑફ યુએઈ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટની પહેલી બેઠક દરમિયાન નવું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું. ગત વર્ષે 1 મેના રોજ આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પરસ્પર સહમતિથી નક્કી કર્યું કે અમે વધુ મહત્વાકાંક્ષી બનીશું અને વર્ષ 2030 સુધીમાં સમગ્ર રીતે $100 અબજના દ્વિપક્ષીય વેપારને બદલે ઓઈલ સિવાયના દ્વિપક્ષીય વેપારને વર્ષ 2030 સુધીમાં $100 અબજ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. જેનો અર્થ છે કે આગામી સાત વર્ષમાં નોન પેટ્રોલિયમ ટ્રેડને $48 અબજથી વધારીને $100 અબજ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. યુએઈ ભારત માટે ક્રૂડ ઓઈલના મુખ્ય સપ્લાયરમાંથી એક છે. બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં ક્રૂડ ઓઈલ મહત્તમ હિસ્સો ધરાવે છે.



### રૂપી-દિરહામમાં ટ્રેડથી વેપારને વેગ મળશે

ભારત અને UAEની કેન્દ્રીય બેન્કો વચ્ચે લેવડદેવડનો ખર્ચ ઘટાડવા માટે રૂપિયા અને દિરહામમાં દ્વિપક્ષીય વેપારની ચર્ચા ઝડપી રીતે આગળ વધી રહી છે. બંને દેશોના ટોચના લીડર્સ વધુ નિર્ણાયક હોવાથી આ ચર્ચાનું સુખદ પરિણામ ટૂંક સમયમાં સામે આવશે. ભારત અને સહયોગને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી ગત મે મહિનામાં મુક્ત વેપાર કરારનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.

# જીએસટીની જટિલ પ્રક્રિયાના કારણે બિઝનેસ શરૂ કરવો મુશ્કેલ, છ વર્ષમાં 54% અરજી રદ

નવી દિલ્હી:દેશમાં નવો બિઝનેસ શરૂ કરવા માટે જીએસટી માટે નોંધણી કરાવવી સરળ નથી. જીએસટી માટે અપાયેલી અરજીના ડેટાથી એ સમજી શકાય છે. છેલ્લાં 6 વર્ષમાં દેશનાં 21 શહેરોમાં આવેલાં જીએસટી ઝોનમાં આવેલી 49.35 લાખ અરજીમાંથી 26.93 લાખ રદ થઈ છે. તે 54% છે. કેન્દ્રીય જીએસટી વિભાગે આરટીઆઈમાં આ જાણકારી આપી છે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)ના ચેરમેન વિવેક જોહરી અનુસાર લોકો રજિસ્ટ્રેશનમાં બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરે છે. તેના મારફતે કરોડોના નકલી બિલ બનાવાય છે. દેશની 1800 કંપનીઓએ 10 હજાર કરોડથી વધુનું બોગસ ધિરાણ મેળવ્યું છે. જોકે નિષ્ણાતો અને વેપારી જીએસટી વિભાગના તર્ક સાથે સહમત નથી.દિલ્હીના જીએસટી નિષ્ણાત અશોક બત્રા કહે છે કે તપાસની અત્યાધુનિક રીત બાદ પણ હાઈ કેન્સલેશન રેટ 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ'ની ભાવનાને વિપરીત



છે. આઈડી એડ્રેસ પ્રૂફનો ડેટા ઑનલાઈન છે. ડ્રાઈવિંગ લાઈસન્સ, વીજળીનું બિલ, પેન અને આધારકાર્ડ ઓથેન્ટિકેશન મુશ્કેલ કામ નથી તો પછી બોગસ ફર્મ કેવી રીતે બની જાય છે. અધિકારી અનેકવાર બિનજરૂરી અરજી રદ કરે છે. તે સ્ટાર્ટઅપ સુધીની અરજી રદ કરી હતી, જેમની પાસે નવો બિઝનેસ શરૂ કરવો મુશ્કેલ છે. અહીં જીએસટી નોંધણી માટે આવેલી 2.32 લાખ અરજીમાંથી 75% રદ કરાઈ હતી.

# 12 જૂને ઈંધણના ભાવ: ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો

આજે એટલે કે 12 જૂને પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. હાલમાં દિલ્હીમાં પેટ્રોલ 96.72 રૂપિયા પ્રતિ લીટર જ્યારે ડીઝલ 89.62 રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે. જ્યારે મુંબઈમાં પેટ્રોલ 106.31 રૂપિયા અને ડીઝલ 94.27 રૂપિયા પ્રતિ લીટરના ભાવે ઉપલબ્ધ છે. દેશના 16 રાજ્યોમાં પેટ્રોલ 100 રૂપિયા પ્રતિ લીટરની ઉપર છે. આજે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને તે પ્રતિ બેરલ 74 ડોલરની નીચે ટ્રેડ થઈ રહ્યો છે. પંજાબમાં પેટ્રોલ-ડીઝલ મોંઘુ થયું પંજાબ સરકારે પેટ્રોલ વેટના દરમાં લગભગ 1.08%નો વધારો કર્યો છે. જેના કારણે પેટ્રોલ 92 પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે. જ્યારે વેટ દરમાં 1.13% વધારાને કારણે ડીઝલ 90 પૈસા પ્રતિ લિટર મોઘું થયું છે. આ પછી, પેટ્રોલ પર પ્રતિ લિટર કુલ વેટ 14.75% થી વધીને 15.74% અને ડીઝલ પર 14.75% થી વધીને લગભગ 15.88% થઈ ગયો છે. નવી કિંમતો 10 જૂનની મધરાત 12 થી અમલમાં આવી છે.પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લો ફેરફાર 21 મે, 2022ના રોજ થયો હતો. ત્યારબાદ પેટ્રોલ પર 8 રૂપિયા અને ડીઝલ પર 6 રૂપિયા પ્રતિ લીટર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી. જેના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે 9.5 રૂપિયા અને 7 રૂપિયાનો ઘટાડો થયો છે. જુલાઈ 2022માં મહારાષ્ટ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં 5 અને 3 રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો હતો.

### RBIએ રેપો રેટમાં સતત 6 વખત વધારો કર્યો હતો

# છૂટક ફુગાવો 2 વર્ષના સૌથી નીચા સ્તરે:મે મહિનામાં 4.25% પર પહોંચ્યો, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાની અસર

## ફુગાવો ઘટાડવા માટે, બજારમાં નાણાંનો પ્રવાહ (તરલતા) ઘટાડવામાં આવે છે, આ માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) રેપો રેટમાં વધારો કરે છે

નવી દિલ્હી: દેશમાં રિટેલ મોંઘવારી દર મે મહિનામાં ઘટીને 4.25% પર આવી ગયો છે. આ 25 મહિનામાં મોંઘવારીનો સૌથી નીચું સ્તર છે. એપ્રિલ 2021માં ફુગાવો 4.23% હતો. ફુગાવામાં આ ઘટાડો ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે થયો છે. અગાઉ એપ્રિલ 2023માં રિટેલ ફુગાવાનો દર 4.70% હતો. ગ્રામીણ ફુગાવો 4.68%થી ઘટીને 4.17% થયો છે. શહેરી ફુગાવાનો દર 4.85%થી ઘટીને 4.27% થયો છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) બાસ્કેટમાં ખાદ્ય ચીજોનો હિસ્સો લગભગ અડધો છે. મે મહિનામાં ખાદ્ય મોંઘવારી દર ઘટીને 2.91% પર આવી ગયો છે. એપ્રિલ 2023માં તે 3.84% અને માર્ચમાં 4.79% હતો. અર્થતંત્ર માટે ફુગાવો સારો સંકેત છે મોંઘવારી દરમાં ઘટાડા અંગે નિષ્ણાતોનું કહેવું છે કે



અર્થતંત્ર માટે આ એક સારો સંકેત છે. સપ્લાય ચેઈનમાં સુધારો અને કોમોડિટીના ભાવમાં રાહતનો પણ ફાયદો થયો છે. જો કે, આ મહિને યોજાયેલી નાણાકીય નીતિની બેઠક વિશે માહિતી આપતા, આરબીઆઈ ગવર્નરે કહ્યું હતું કે ફુગાવા અંગે ચિંતા અને અનિશ્ચિતતા હજુ પણ યથાવત છે.ફુગાવો કેવી રીતે અસર કરે છે?

ફુગાવાનો સીધો સંબંધ ખરીદ શક્તિ સાથે છે. ઉદાહરણ તરીકે, જો ફુગાવાનો દર 7% છે, તો 100 રૂપિયાની કમાણી માત્ર 93 રૂપિયાની થશે. એટલા માટે રોકાણ ફુગાવાને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ. અન્યથા તમારા પૈસાની કિંમત ઘટી જશે. મોંઘવારી કેવી રીતે વધે છે કે ઘટે છે? ફુગાવાનો વધારો અને ઘટના ઉત્પાદનની માંગ અને પુરવઠા પર આધારિત છે. જો લોકો ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની માંગ વધશે અને જો માંગ પ્રમાણે પુરવઠો નહીં મળે તો આ વસ્તુઓની કિંમતમાં વધારો થશે. આ રીતે બજાર ફુગાવા માટે સંવેદનશીલ બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, બજારમાં નાણાંનો વધુ પડતો પ્રવાહ અથવા માલની અછત ફુગાવાનું કારણ બને છે.

### નાણા મંત્રાલયે કહ્યું- વૈશ્વિક અર્થતંત્રમાં ભારત બ્રાઈટ સ્પોટ

# ભારતનો જીડીપી $3.75 ટ્રિલિયન પર પહોંચ્યો : 2014માં તે લગભગ 2 ટ્રિલિયન હતો

**નવી દિલ્હી| તા. 14**

ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ એટલે કે જીડીપી 3.75 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. 2014માં તે લગભગ $2 ટ્રિલિયન હતો. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણના કાર્યાલયે ટ્વીટ કરીને આની જાણકારી આપી છે. સીતારમણના કાર્યાલયે એક ટ્વિટમાં લખ્યું: 'ભારત વિશ્વની 10મી સૌથી મોટી અર્થવ્યવસ્થામાંથી 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.




ભારત હવે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં એક તેજસ્વી સ્થાન તરીકે ઓળખાય છે. 2023-24માં વાસ્તવિક જીડીપી ગ્રોથ 6.5% રહી શકે છે આ મહિને નાણાકીય નીતિની બેઠકના નિર્ણયો વિશે માહિતી આપતા, RBI ગવર્નર શક્તિકાંત દાસે GDP વિશે જણાવ્યું હતું કે FY2023માં ભારતનો વાસ્તવિક GDP 7.2% જોવા મળ્યો હતો, જે અગાઉના 7%ના અંદાજ કરતાં વધુ મજબૂત છે. તમામ પરિબળોને ધ્યાનમાં લેતા, 2023-24 માટે વાસ્તવિક GDP વૃદ્ધિ 6.5% રહેવાની ધારણા છે. જીડીપી શું છે?

GDPએ અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે ઉપયોગમાં લેવાતા સૌથી સામાન્ય સૂચકાંકોમાંનો એક છે. GDP ચોક્કસ સમયગાળા દરમિયાન દેશની અંદર ઉત્પાદિત તમામ માલસામાન અને સેવાઓનું મૂલ્ય દર્શાવે છે. આમાં દેશની સીમામાં રહીને ઉત્પાદન કરતી વિદેશી કંપનીઓનો પણ સમાવેશ થાય છે. જીડીપીની ગણતરી કેવી રીતે થાય છે?

જીડીપીની ગણતરી કરવા માટે સૂત્રનો ઉપયોગ થાય છે. GDP=C+G+I+NX, જ્યાં C એટલે ખાનગી વપરાશ, G એટલે સરકારી ખર્ચ, I એટલે રોકાણ અને NX એટલે નેટ એક્સપોર્ટ્સ.

**ક્રિસ્ટીઝ જેવા આર્ટ અને ઓક્શન હાઉસ સતત નફો રળી રહ્યા**

# દેશનું આર્ટ માર્કેટ 3 દાયકામાં 600 ગણું વધ્યું, રજિસ્ટર્ડ ઓક્શન સેલ 3,000 કરોડ ક્રોસ

વિદેશમાં સોદબીઝ અને ક્રિસ્ટીઝ જેવા આર્ટ અને ઓક્શન હાઉસ સતત નફો રળી રહ્યા છે. કલાકૃતિઓની હરાજીની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. દરમિયાન ભારતમાં પણ કલા પ્રત્યે જાગૃતિ વધી રહી છે. હવે આર્ટની ગણતરી પણ સારું રિટર્ન આપતા એસેટ ક્લાસમાં થાય છે. આ જ કારણ છે કે પૈસા ખર્ચ કરીને કલાકૃતિઓ ખરીદનારા લોકો અને રોકાણકારોની સંખ્યા વધી રહી છે. તેનાથી કલાજગત, કલાકાર અને ઓક્શન હાઉસ એમ ભારતના આર્ટ હાઉસ સારી સ્થિતિમાં ન હતા. દિલ્હી સ્થિત આર્ટ એડવાઈઝરી ઈન્ડિયન આર્ટ ઈન્વેસ્ટર અનુસાર, આ વર્ષે માર્ચમાં વેચાયેલી 60%થી વધુ કલાકૃતિઓ મૂળ કિંમત કરતાં પણ વધુ કિંમતે વેચાઈ હતી.



### ભારતીય આર્ટ માર્કેટ વૈશ્વિક માર્કેટના માત્ર 0.5%

દિલ્હી આર્ટ ગેલેરીના CEO અને આર્ટ ક્લેક્ટર આશિષ આનંદ કહે છે કે ભારતીય આર્ટ માર્કેટ ઝડપી ગતિએ વધી રહ્યું છે. રજિસ્ટર્ડ ઑક્શન વેચાણ વાર્ષિક રૂ.3,000 કરોડથી વધુ છે. એટલે કે ત્રણ દાયકામાં જ માર્કેટ 600 ગણાથી વધુ વધ્યું છે. જો કે વૈશ્વિક માર્કેટ સાથે તુલના કરીએ તો તે રાયના દાણાની પણ બરાબર નથી. ગ્લોબલ આર્ટ માર્કેટ વાર્ષિક છે. આનંદ કહે છે કે 3 ટ્રિલિયન ડૉલરના અર્થતંત્ર વાળા દેશનું આર્ટ માર્કેટ તેનાથી છ ગણું વધુ હોવું જોઈએ.

### ત્યારબાદ ઘટે છે, પરંતુ આ વર્ષે તેવી સ્થિતિ જોવા મળી નથી.

જો આ વર્ષની વાત કરીએ તો નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન ભારતીય ઓક્શન હાઉસ માટે સૌથી વધુ વેચાણ નોંધાયું હતું. આર્ટ ગેલેરીઝ, ઓક્શન ફર્મ અને આર્ટ કલેક્ટર એમ દરેકના મતે કોવિડ મહામારી બાદ ભારતીય આર્ટ માર્કેટમાં એક સોનેરી દોરની શરૂઆત થઈ છે. દેશની સૌથી મોટી સ્ટૉક બ્રોકરેજ ફર્મ જીરોધાના સહ-સ્થાપક નિખિલ કામત કહે છે કે ભારતીય આર્ટ માર્કેટમાં અત્યારે અનેક અવસર અને સંભાવનાઓ છે કારણ કે તે પશ્ચિમી દેશોની તુલનામાં અંડરવેલ્યૂડ છે.

# ગૃહિણીઓ પણ તેમનો વીમો કરાવી શકે છે: મહિલાઓ માટે ટર્મ ઈન્સ્યોરન્સ 28% સસ્તો

દેશમાં વર્કિંગ વુમન વધી રહી છે. આવી મહિલાઓ ઘરનો ખર્ચ ચલાવવામાં મોટો ફાળો આપે છે. આમ છતાં ટર્મ ઈન્સ્યોરન્સ લેવાની બાબતમાં મહિલાઓ ઘણીવાર બેદરકારી દાખવે છે. પુરુષો અને સ્ત્રીઓ માટે વીમા કવરેજમાં મોટો તફાવત છે. ટર્મ પોલિસી ખરીદનારાઓમાં મહિલાઓનો હિસ્સો માત્ર 15% છે, જ્યારે પ્રીમિયમ 28% જેટલું ઓછું છે. વર્કિંગ વુમન માટે આવકના 10 ગણાનું ટર્મ કવર પણ જરૂરી છે જો કમાતા સભ્ય સાથે કંઈક કમનસીબ બને છે, તો કુટુંબ તે સભ્ય તેમજ દેવું ચૂકવવા, બાળકોને શિક્ષિત કરવા અથવા માતાપિતાની સંભાળ રાખવા માટે ઉપયોગમાં લેવાતી આવક ગુમાવે છે. ટર્મ પ્લાન્સ આ નુકસાનને એક હદ સુધી વળતર આપે છે. તેથી, વર્કિંગ પુરુષોની જેમ, કામ કરતી મહિલાઓએ પણ તેમની વાર્ષિક આવકના 10 ગણા કવર લેવું જોઈએ. ગૃહિણીઓ પણ ટર્મ ઈન્સ્યોરન્સ લઈ શકે છે

દેશમાં 15 કરોડથી વધુ ગૃહિણીઓ છે. પરિવારમાં તેમના યોગદાનનું આર્થિક મૂલ્ય પણ છે. એટલા માટે ગૃહિણીઓએ પણ ટર્મ ઈન્સ્યોરન્સ લેવો જોઈએ. 18-50 વર્ષની વય જૂથની ગૃહિણી કે જેઓ ઓછામાં ઓછું 10મું પાસ છે અને ઓછામાં ઓછી રૂ. 5 લાખની ઘરગથ્થુ આવક ધરાવે છે તે રૂ. 1 કરોડ સુધીનું કવર મેળવી શકે છે. વર્કિંગ વુમન માટે આવકના 10 ગણાનું ટર્મ કવર પણ જરૂરી છે જો કમાતા સભ્ય સાથે કંઈક કમનસીબ બને છે, તો કુટુંબ તે સભ્ય તેમજ દેવું ચૂકવવા, બાળકોને શિક્ષિત કરવા અથવા માતાપિતાની સંભાળ રાખવા માટે ઉપયોગમાં લેવાતી આવક ગુમાવે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2079, જેઠ વદ-11

# સરકાર મંદિરોના હિતોની અવગણના કરીને તેની જમીનનો ઉપયોગ ન કરી શકે

હાલમાં જ મદ્રાસ હાઈકોર્ટે આદેશ આપ્યો કે સરકાર મંદિરોના હિતોની અવગણના કરીને તેની જમીનનો ઉપયોગ ન કરી શકે. આ આદેશ અંગ્રેજોએ બનાવેલા એ કાયદાના દુરુપયોગની યાદ અપાવનારો છે, જે અંતર્ગત હિંદુના ધર્મસ્થળોનું સંચાલન સરકારો કરે છે. વાસ્તવમાં આ સંચાલનના નામે મંદિરો પર સરકારોનો કબ્જો છે. દેશનાં મોટાભાગનાં મોટાં મંદિરોનું સંચાલન સરકારો દ્વારા કરવામાં આવે છે, જે અનૈતિક અને અનુચિત છે, કારણ કે અન્ય ધર્મસ્થાનો જેમ કે મસ્જિદો કે ચર્ચોના સંચાલનમાં સરકારોની કોઈ ભૂમિકા નથી. મંદિરોનું સંચાલન સરકારો દ્વારા કરવું અને અન્ય સમુદાયોના ધર્મસ્થળોનું સંચાલન સંબંધિત સમુદાયો દ્વારા કરવું તે એક દેશ-બે વિધાનની સ્થિતિ દર્શાવે છે, એટલું જ નહીં, તે એ પણ દર્શાવે છે કે સેક્યુલરિઝમના નામે કઈ રીતે ભેદભાવ કરતા કાયદા બની ગયા છે. એ ઠીક છે કે મંદિરો પર સરકારી કબ્જાવાળા કાયદા અંગ્રેજોએ બનાવ્યા હતા, પરંતુ સ્વતંત્ર ભારતમાં પણ તે કાયદા ચાલુ રાખવાનું શું ઔચિત્ય છે, જે દેખીતી રીતે જ ભેદભાવ દર્શાવતા હોય? આખરે ધર્મસ્થળોના સંચાલન મામલે જેવા અધિકાર અન્ય સમુદાયોને મળ્યા છે, એવા જ હિંદુ સમુદાયને કેમ ન મળવા જોઈએ અને તે પણ ત્યારે, જ્યારે સાધુ-સંતો પોતાના ધર્મસ્થળોનું સંચાલન પોતે જ કરવાની માંગ કરી રહ્યા હોય? આ કેવું સેક્યુલરિઝમ છે, જેના દાયરામાં માત્ર હિંદુઓનાં મંદિરો જ આવે છે? કેટલીક રાજ્ય સરકારોએ જોકે હિંદુ સમુદાય અને સાધુ સંતોની માંગ પર મંદિરો પરથી સરકારી નિયંત્રણ દૂર કરવાની પહેલ કરી છે, પરંતુ એ પાશેરામાં પહેલી પૂણી છે. હજુ પણ કેટલીય રાજ્ય સરકારોના નિયંત્રણમાં ઘણાં મંદિરો છે. સમસ્યા એટલી જ નથી કે માત્ર મંદિરો પર જ સરકારી નિયંત્રણ છે, બલ્કે એ પણ છે કે તેને લઈને મંદિરોની સંપત્તિનો પણ મનમાફક ઉપયોગ કરાઈ રહ્યો છે. તમિલનાડુમાં તો કેટલાંય મંદિરોની સેંકડો એકર જમીન છીનવી લેવામાં આવી છે અથવા પછી તેનો ઉપયોગ બિનધાર્મિક કાર્યો માટે કરવામાં આવી રહ્યો છે. આ જ સ્થિતિ કેટલાય અન્ય રાજ્યોમાં પણ છે. એટલે સુપ્રીમ કોર્ટે એ અરજીઓ પર તાતી સુનાવણી કરવી જોઈએ, જેમાં મંદિરોને સરકારી નિયંત્રણથી મુક્ત કરવાની માંગ કરવામાં આવી છે. તેની સાથે જ એવી માંગ કરનારા સંત સમાજ માટે પણ એ જરૂરી છે કે તેઓ પોતાના માલિકી અને સંચાલનવાળા મંદિરોની વ્યવસ્થા આદર્શ રૂપે કરવાનું ઉદાહરણ રજ કરે. મંદિર માત્ર આસ્થાની સાથે જ્ઞાન અને આધ્યાત્મિકતાનાં જ કેન્દ્ર ન હોવાં જોઈએ. તે સમાજ સુધાર અને સમરસતાનાં કેન્દ્ર પણ બનવાં જોઈએ. સંત સમાજે જોવું પડશે કે મંદિરોમાં એવી પ્રથાઓનું પાલન ન થાય, જે આજના સમયમાં યોગ્ય નથી અને જે પરંપરાના નામે પ્રગતિશીલતામાં અડચણ હોય.

### ઈન્ફેક્શનનું રહે છે જોખમ, તાવની સાથે-સાથે શ્વાસ લેવામાં પણ પડી શકે છે મુશ્કેલી

# જોજો...વોટરપાર્કનો આનંદ ન પડી જાય ભારે

જૂન મહિના સુધી એક બાજુ કાળઝાળ ગરમી પડતી હોય છે તો બીજી તરફ બાળકોનું ઉનાળુ વેકેશન ચાલી રહ્યું હોય છે. તેઓ મોજ-મસ્તી, મોજશોખ અને ક્રિએટિવિટીમાં ડૂબેલા હોય છે અને વોટર પાર્ક કરતાં વધુ સારી જગ્યા ન હોઈ શકે. એક મિનિટ, શું તમે જાણો છો કે વોટર પાર્કના પાણીમાં ઈ-કોલી જેવા બેક્ટેરિયા હોઈ શકે છે? જીવાણુઓની પણ સંભાવના છે જે સીધા મગજ સુધી પહોંચી શકે છે અને તેને નુકસાન પહોંચાડે છે. ધ એસોસિએશન ઓફ એમ્યુઝમેન્ટ પાર્ક્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના એક અહેવાલ મુજબ, દર વર્ષે 3 કરોડથી વધુ લોકો વોટર પાર્કની મુલાકાત લે છે. ઘણા વોટર પાર્ક ખૂબ ગીચ છે. વોટર પાર્કના સંચાલકો ભીડ જોઈને ખુશ છે કે તેમની આવક વધી છે. પરંતુ તે લોકોના સ્વાસ્થ્યને થતા નુકસાન વિશે વિચારતો નથી.



## ક્લોરિન ગેસ ખતરનાક બની શકે છે

વોટર પાર્કમાં મ્યુરિયાટિક એસિડ અને સોડિયમ હાઈડ્રોક્લોરાઈટ ગેસનો ઉપયોગ કરવામાં આવે છે જે આરોગ્યને નુકસાન પહોંચાડે છે. તેવી જ રીતે પૂલમાં ક્લોરીનનું પ્રમાણ પણ વધુ છે. ક્લોરિનેશન હોવા છતાં ત્યાં ઘણા બેક્ટેરિયા અને પરોપજીવી હોઈ શકે છે. પાણીમાં સેંકડો લોકો, તેમનો પરસેવો, સનસ્ક્રીન, ત્વચા અને વાળના ઉત્પાદનો સાથે, ક્લોરિન હવે અસરકારક નથી.

## લેપ્ટોસ્પાયરોસિસથી પીડિત બાળકોનું જોખમ

કેરળના થ્રિસુર જિલ્લામાં અથિરપ્પીલી ખાતે સિલ્વર સ્ટોર્મ વોટર થીમ પાર્કની મુલાકાત લેતા કેટલાય બાળકોમાં લેપ્ટોસ્પાયરોસિસના લક્ષણો જોવા મળ્યા હતા. આ પછી પાર્ક બંધ કરી દેવામાં આવ્યો હતો. માઈક્રોબાયોલોજિસ્ટ ડૉ. પૂજા સહાય જણાવે છે કે લેપ્ટોસ્પાયરોસિસ એ બેક્ટેરિયલ ચેપ છે જે પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે. વોટર પાર્કમાં ઉંદર, ખિસકોલી અથવા અન્ય કોઈ પ્રાણીના પેશાબ અથવા સ્ટૂલ દ્વારા ચેપ ફેલાય છે. કેટલીકવાર તે વ્યક્તિથી વ્યક્તિમાં પણ ફેલાય છે. બેક્ટેરિયા ખુલ્લા ઘા દ્વારા અથવા આંખો દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. તે જોવામાં આવે છે કે કયા અંગમાં ચેપ લાગ્યો છે. જો તે કિડનીને અસર કરે છે, તો પછી ડાયાલિસિસની જરૂર પડી શકે છે. સગર્ભા સ્ત્રીઓએ વધુ સાવચેત રહેવું જોઈએ. લેપ્ટોસ્પાયરોસિસનો ચેપ ગર્ભના વિકાસ પર પ્રતિકૂળ અસર કરે છે.

**પૂલમાં પેશાબથી ગંદકી વધે છે...** વોટર પાર્કમાં વયસ્કોની સાથે બાળકોની સંખ્યા પણ વધુ છે. ઘણી વખત બાળકો આ પૂલમાં પેશાબ પણ કરી લેતા હોયછે. કેનેડામાં થયેલા એક સંશોધન મુજબ, 2,20,000 ગેલનનાં સ્વિમિંગ પૂલમાં લગભગ 20 ગેલન પેશાબ હોઈ શકે છે. સેન્ટર ફોર ડિસીઝ અહેવાલ આપે છે કે સાર્વજનિક પૂલમાંથી લેવામાં આવેલા 58% નમૂનાઓ પોઝિટિવ મળ્યા છે. એટલે કે, પાણીમાં ઈ-કોલી બેક્ટેરિયા મળી આવ્યા છે, જે માત્ર પેશાબ અને મળના મિશ્રણથી થઈ શકે છે.



## • વોટર પાર્કમાં ઘણા જંતુઓ હોઈ શકે છે

વોટર પાર્ક ક્રિપ્ટોસ્પોરીડિયમ જેવા જંતુઓ પણ હોઈ શકે છે. આ એક પ્રકારનો પરોપજીવી છે જે વોટર પાર્કમાં જોવા મળે છે. જેના કારણે ડાયેરિયા, ડીહાઈડ્રેશન, પેટમાં દુખાવો, તાવ, ઊલટી જેવી સમસ્યાઓ થઈ શકે છે. પૂલમાં પરોપજીવી અમીબા પણ હોઈ શકે છે જે મગજને ખાઈ જાય છે. આ પરોપજીવીઓ નહાતી વખતે અથવા નાક દ્વારા પૂલનું પાણી પીવાથી મગજમાં પણ પહોંચે છે.

## • વોટર પાર્કમાં કચરો જોવા મળે છે

વોટર પાર્કમાં સ્વચ્છતા બાબતે પણ બેદરકારી જોવા મળી રહી છે. જેમાં ગંદા ડાયપર, ખાદ્યપદાર્થો, નાસ્તાના ખાલી પેકેટ જોવા મળે છે. બાથરૂમ અને ચેન્જિંગ રૂમમાં પગની ફૂગ વધવાની પણ સંભાવના છે. તેમાં જંતુઓ પણ હોય છે. તેઓ ભેજવાળી અને અંધારાવાળી જગ્યાએ વધુ હોય છે.

### બ્રેઈન સાથે છે ખાસ કનેક્શન, વધુ ફેટ-શુગરવાળા ખોરાકથી મગજમાં ફેરફાર આવે છે : રિસર્ચમાં દાવો

# શા માટે આપણને ફાસ્ટ ફૂડનો ચટાકો આટલો પસંદ છે



**એવી ખાદ્ય વસ્તુઓ, જેમાં ચરબી અને ખાંડનું પ્રમાણ વધુ હોય છે (અનહેલ્ધી/ફાસ્ટ ફૂડ), તે આપણા મગજમાં પરિવર્તન લાવે છે. આ જ કારણ છે કે આપણે પોતાને ચોકલેટ, ચિપ્સ, ફ્રાઈસ ખાવાથી રોકી શકતા નથી**

એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે એવી ખાદ્ય વસ્તુઓ, જેમાં ચરબી અને ખાંડનું પ્રમાણ વધુ હોય છે (અનહેલ્ધી/ફાસ્ટ ફૂડ), તે આપણા મગજમાં પરિવર્તન લાવે છે. આ જ કારણ છે કે આપણે પોતાને ચોકલેટ, ચિપ્સ, ફ્રાઈસ ખાવાથી રોકી શકતા નથી. જેને રોજ ખાવાથી (ભલે થોડી માત્રામાં પણ) આપણા મનમાં આ વસ્તુઓને ફરીથી ખાવાની લાલચ પેદા થાય છે. સંશોધક શર્મિલી એડવિન થાનારાજાએ કહ્યું, ચોકલેટ, ચિપ્સ જેવી ખાદ્ય ચીજો ખાવાની આપણી પસંદગી કેવી રીતે બને? આમાં મન ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અજાણતાં તેને વધુ ચરબીયુક્ત અને ખાંડયુક્ત ખોરાક ખાવાનું પસંદ છે. આ સાબિત કરવા માટે, કેટલાક સ્વયંસેવકો પર સંશોધન કરવામાં આવ્યું હતું. સંશોધકોએ કહ્યું - વધુ ચરબી અને ખાંડ મગજની ડોપામિનેર્જિક સિસ્ટમને સક્રિય કરે છે. મગજનો ડોપામિનેર્જિક ભાગ જે આપણને ખુશીનો અનુભવ કરાવે છે. મગજની પ્રવૃત્તિના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ચોકલેટ, ચિપ્સ જેવી ખાદ્ય ચીજો ખાવાથી મગજ પોતે જ રિપેર થાય છે (રિવાયર) એટલે કે કોઈ કારણસર મગજના તૂટેલા કનેક્શન વધુ ચરબી અને ખાંડની વસ્તુઓ ખાધા પછી જોડાવા લાગે છે. મગજ બેભાનપણે (અર્ધજાગૃતપણે) ખોરાકને પસંદ કરવાનું શરૂ કરે છે જેનાથી તે ખુશ થાય છે.

## ફાસ્ટ ફૂડ ખાતા પહેલાં અને પછી મગજની પ્રવૃત્તિ પર અભ્યાસ કરો



સ્વયંસેવકોના એક જૂથને 8 અઠવાડિયા સુધી વધુ ચરબી અને ખાંડવાળી ખીર ખવડાવવામાં આવી હતી. બીજા જૂથને ઓછી ચરબી અને ખાંડ સાથે પુડિંગ આપવામાં આવ્યું હતું. ઉપરાંત, ખીર ખાતા પહેલાં અને પછી સ્વયંસેવકોની મગજની પ્રવૃત્તિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ખબર પડી છે કે ઓછી ચરબી અને ખાંડ સાથે ખીર ખાવા કરતાં વધુ ચરબી-ખાંડની ખીર ખાધા પછી મગજનો પ્રતિભાવ પણ નોંધપાત્ર રીતે વધારે હતો.

# વર્તમાન પરિસ્થિતિ અને ભૂતકાળના અનુભવો વચ્ચે કેટલીક સમાનતાઓ

તમે પહેલીવાર ક્યાંક ગયા છો, પછી અચાનક તમને લાગે છે કે તમે અહીં પહેલાં પણ આવી ગયા છો અથવા તમને ખૂબ જ વિચિત્ર ગજબની લાગણી થવા લાગે છે જાણે કે આ બધું પહેલાં તમારી સાથે થઈ ચૂક્યું હોય. આ પ્રકારની ઘટનાને 'દેજા વુ કહેવાય' છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે 'દેજા વુ' શું છે અને તે શા માટે થાય છે? ચાલો જાણીએ જવાબ... 'દેજા વુ' એ એક ફ્રેન્ચ શબ્દ છે. તેનો અર્થ થાય છે 'પહેલેથી જ જોયેલું'. આ એક એવી સ્થિતિ છે, જ્યારે આપણને એવું લાગવા માંડે છે કે કોઈ અનુભવ, ઘટના આપણી સાથે થઈ ચૂકી છે. આ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ 1876માં ફ્રેન્ચ ફિલસૂફ એમિલ બોઈરાક દ્વારા એક પેપરમાં કરવામાં આવ્યો હતો. 'લાઈવ સાયન્સ'ના રિપોર્ટ અનુસાર, 80% લોકોને દેજા વુ લાગે છે. દેજા વુનો અનુભવ શા માટે થાય છે તેના ઘણા સિદ્ધાંતો છે. ન્યુરોસાયકિયાટ્રિસ્ટ ડો.ઓહા સુસ્મિતા કહે છે કે આની પાછળ મેમરી થિયરી હોઈ શકે છે. આ મુજબ, દેજા વુ ત્યારે થાય છે જ્યારે વર્તમાન પરિસ્થિતિ અગાઉ અનુભવેલા પરંતુ ભૂલી ગયેલા અનુભવ જેવી જ હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો, વર્તમાન પરિસ્થિતિ અને ભૂતકાળના અનુભવો વચ્ચે કેટલીક સમાનતાઓ છે. આનાથી એવું લાગે છે કે વર્તમાન ઘટના પહેલેથી જ બની ગઈ છે. દેજા વુ એ આ માનવામાં આવતી સમાનતાને સમજવા અને માનવા માટે આપણા મગજનો પ્રયાસ હોઈ શકે છે. દેજા વુ એ ખૂબ જ મજબૂત લાગણી છે. આ લાગણી કેવી રીતે વિકસી રહી છે તે શોધવું ખૂબ જ મુશ્કેલ છે. આ માટે વૈજ્ઞાનિકોએ લેબમાં દેજા વૂને ફરીથી બનાવવાનો પ્રયોગ કર્યો. કેટલાક સહભાગીઓને બોલાવવામાં આવ્યા હતા. વૈજ્ઞાનિક એની ક્લેરી અને તેમની ટીમે આમાં વર્ચ્યુઅલ રિયાલિટી (VR)ની મદદ લીધી. જેમાં પાર્ટિસિપન્ટ્સને દેજા વુનો અહેસાસ કરાવે તેવું વાતાવરણ બનાવવામાં આવ્યું હતું, જે તેમના અનુભવો સાથે સંબંધિત હતું, જે તેમને સંપૂર્ણપણે યાદ નહોતું. આ પ્રયોગને ગેસ્ટાલ્ટ પરિચય પૂર્વધારણા નામ આપવામાં આવ્યું હતું. પ્રયોગમાં, ક્લેરી અને તેની ટીમે ફર્નિચર અને અન્ય વસ્તુઓને તેઓના વર્ણન પ્રમાણે બરાબર મૂક્યા હતા. જે સ્થાન પર સહભાગીઓએ દેજા વુને ટ્રિગર કરવાના અનુભવો તરીકે વર્ણવ્યા હતા. પછી સહભાગીઓને પુનઃનિર્મિત દ્રશ્ય નેવિગેટ કરવા માટે કહેવામાં આવ્યું. ટીમને જાણવા મળ્યું કે આ જોયા પછી, સહભાગીઓને દેજા વુની લાગણી થઈ હતી. એટલે કે, જ્યારે કોઈ વ્યક્તિ ભૂતકાળ સાથે જોડાયેલી વસ્તુઓ જુએ છે પરંતુ તેને યાદ રાખી શકતો નથી, ત્યારે તે દેજા વુની લાગણી અનુભવે છે.

# પતિથી અલગ થવું એટલે આઝાદીનું બીજું નામ, છૂટાછેડા લેનાર મહિલાને સમાજ માને છે બોજ


હાલમાં જ તમિલ એક્ટ્રેસ શાલિનીનું છૂટાછેડાનું ફોટોશૂટ સોશિયલ મીડિયા પર વાઈરલ થયું હતું. એક્ટ્રેસે તેના ઈન્સ્ટાગ્રામ પર ફોટોશૂટ શેર કર્યો છે. તસવીરોમાં તે તેના પતિ સાથે લાલ ગાઉન પહેરીને ક્લિક કરેલો ફોટો ફાડી રહી છે. તસવીરના કેપ્શનમાં લખ્યું, 'DIVORCE is NOT a FAILURE!!! એટલે કે છૂટાછેડા એ નિષ્ફળતા નથી.' આજે જ્યારે લગ્નએ નવો આકાર લીધો છે, લવ-કમ-એરેન્જ્ડ મેરેજ થવા માંડ્યા છે, લિવ-ઈન રિલેશનશિપમાં વધારો થયો છે, એક્સ્ટ્રા-મેરિટલ અફેર્સ જોવા મળી રહ્યા છે, સમાજમાં પણ વન-નાઈટ સ્ટેન્ડ બની રહ્યા છે અને સંબંધોમાં પણ ઘરેલુ હિંસા અને જુદ્ધાણું પણ વધ્યું છે. આજે પણ છૂટાછેડાને શરમજનક ગણવું એ કેટલી હદે યોગ્ય છે? છૂટાછેડાને શરમજનક માનવામાં આવે છે, તેથી છૂટાછેડા લીધેલ વ્યક્તિને વિશ્વની સૌથી ખરાબ વ્યક્તિ માનવામાં આવે છે. ઉપરાંત, સંબંધ જાળવવા માટે પરિવારના દબાણને કારણે, તેઓ લાંબા સમય સુધી અનિચ્છિત લગ્ન જાળવી રાખે છે.

## ભારતમાં છૂટાછેડા 1% છે.

જો વિશ્વના બાકીના દેશોની સરખામણી કરવામાં આવે તો ભારતમાં સૌથી ઓછા એટલે કે માત્ર 1% છૂટાછેડા છે. પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા ત્યારે આવે છે જ્યારે તેમની વચ્ચેનો પ્રેમ મરવા લાગે છે, નફરત વધવા લાગે છે. લગ્ન સંબંધ દરેક પ્રકારની લાચારીમાંથી પસાર થાય છે. જ્યારે કોઈ મહિલા તેની લાચારી તેના પરિવારના સભ્યોને જણાવે છે ત્યારે માતા-પિતા પણ તેને સાથ આપતાં નથી. સમાજ એક મજબૂત વિચાર રાખે છે, જેમાં એવું માનવામાં આવે છે, 'દરેક લગ્નમાં સમસ્યા હોય છે'. જ્યારે તમારી પાસે બાળક હશે ત્યારે બધું સારું થઈ જશે. ધીરજ રાખો.' આના પરથી અંદાજ લગાવી શકાય છે કે સમાજ છૂટાછેડાને કેટલો ખરાબ માને છે.

## ભારતમાં લગ્ન એક સંસ્કાર છે, કરાર નથી

દિલ્હીની તીસ હજારી કોર્ટમાં મેરેજ કાઉન્સેલર અને એડવોકેટ અનિલ કે સિંહ 'શ્રીનેટ'એ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે હિન્દુ સમાજમાં લગ્નને સંસ્કાર ગણવામાં આવે છે. લગ્નને 7 જન્મનું બંધન માનવામાં આવે છે. તેથી જ આજે પણ આપણો સમાજ છૂટાછેડાને સ્વીકારતો નથી. પરંતુ વિદેશમાં લગ્ન વખતે કાગળો પર સહી કરવામાં આવે છે. તેને કરાર તરીકે જોવામાં આવે છે. ભારતમાં છૂટાછેડાને લઈને સૌથી મોટી સમસ્યા એ છે કે પશ્ચિમી સભ્યતાના પ્રભાવ હેઠળ આપણો સમાજ ઝડપથી બદલાઈ ગયો છે, પરંતુ તેની વિચારસરણી હજુ પણ લગ્નને જાળવી રાખવા જેવી કેટલીક બાબતોમાં અટવાયેલી છે. તેથી જ ભારતમાં છૂટાછેડાને શરમજનક ગણવામાં આવે છે અને પરિવાર તેને કલંક તરીકે લે છે.



## છૂટાછેડા લીધેલી સ્ત્રીને ખરાબ નજરથી જોનારા ઘણા છે

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, 2006માં છૂટાછેડા પછી 33% મહિલાઓ જાતીય હુમલાનો ભોગ બની હતી. આ કહાની માત્ર અમેરિકાની જ નહીં પરંતુ ભારતની પણ છે. રિલેશનશિપ કાઉન્સેલર ડૉ.ગીતાંજલિ શર્મા કહે છે કે 'છૂટાછેડા લીધેલી મહિલાને ચારિત્રહીન ગણવામાં આવે છે. લોકો વિચારે છે કે જે તેના પતિને છોડી શકે છે તે કંઈપણ કરી શકે છે. તે અન્ય પુરુષો સાથે પણ આરામદાયક હશે.' છૂટાછેડા લીધેલી સ્ત્રીને ક્યારેક પડોશમાં તો ક્યારેક ઓફિસમાં પુરુષોની ખરાબ નજરનો સામનો કરવો પડે છે. છૂટાછેડા લીધેલ મહિલાઓ માત્ર સમાજની નજરમાં જ નહીં પરંતુ પરિવારના સભ્યોની નજરમાં પણ વિલન બની જાય છે.

## છૂટાછેડા શબ્દનો ઉચ્ચાર પણ અશુભ માનવામાં આવે

જો કોઈ છોકરી છૂટાછેડા લે છે, તો તેને કહેવામાં આવે છે કે 'સંબંધીઓ સામે મોં બંધ રાખો'. કોઈને ખબર ન હોવી જોઈએ કે તમે છૂટાછેડા લીધા છે. નહિ તો આપણું માન બગડી જશે. દિલ્હીની આશ્લેષા અરોરા સાથે પણ આવું જ થયું. જ્યારે તે લગ્નમાં ગઈ ત્યારે તેને કહેવામાં આવ્યું કે છૂટાછેડાનો ઉલ્લેખ ન કર, અહીં કોઈના લગ્ન થઈ રહ્યા છે. છૂટાછેડાનું નામ લેવું એ પણ ખરાબ શુકન છે. આટલું જ નહીં, તેને નવપરિણીત દંપતીને મળવાની પણ મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે કન્યાની માતાને ડર હતો કે જો તેની છાયામાં તેની પુત્રીનો ઘરસંસાર નહીં ચાલે. આશ્લેષા કહે છે કે સમાજની આ વિચારસરણી છૂટાછેડા લીધેલી છોકરીની હિંમત તોડી નાખે છે. જ્યારે તેમના છૂટાછેડા થયા ત્યારે માતા-પિતા વહુની સામે લાચાર હતાં. તેમને પોતાના ઘરમાં રહેવાની છૂટ નહોતી. તે હવે ભાડાના મકાનમાં પોતાની રીતે પોતાનું જીવન જીવી રહી છે. તેના પતિએ તેને ક્યારેય સ્કૂટર કે કાર ચલાવવાની મંજૂરી આપી નથી. સાસરિયાઓ કહેતાં હતાં કે પુત્રવધૂએ ડ્રાઈવર તરીકે કામ ન કરવું જોઈએ. છૂટાછેડા પછી, તેણે એક કાર ખરીદી અને લોંગ ડ્રાઈવ પર જતી રહે છે.

## છૂટાછેડા લીધેલ મહિલાઓ માતા-પિતાથી દૂર રહે છે

'જર્નલ ઑફ ફાર્માકોગ્નોસી એન્ડ ફાયટોકેમિસ્ટ્રી' એ મેરઠની છૂટાછેડા લીધેલી મહિલાઓના જીવન પર એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. આ માટે કોર્ટમાંથી છૂટાછેડા લીધેલી 60 મહિલાઓનાં સરનામાં લેવામાં આવ્યાં હતાં, પરંતુ તે સરનામે માત્ર 38 મહિલાઓ જ મળી હતી. એટલે કે તે મહિલાઓને તેમના પરિવારના સભ્યોએ આશ્રય આપ્યો ન હતો. સંપર્ક કરાયેલ 38 લોકોને તેમના છૂટાછેડા પછીના અનુભવો વિશે પૂછવામાં આવ્યું હતું. એક મહિલાએ જણાવ્યું કે તેને પર પાડોશીની ખરાબ નજર હતી, જ્યારે એક મહિલાએ કહ્યું કે તે જ્યાં કામ કરતી હતી ત્યાં એક 40 વર્ષીય વ્યક્તિ તેની સાથે અભદ્ર વર્તન કરતો હતો. જ્યારે તેણે તેની સામે અવાજ ઉઠાવ્યો તો મહિલા પર આરોપ લગાવવામાં આવ્યો. પરંતુ આપણો સમાજ છૂટાછેડા લીધેલા પુરુષો પ્રત્યે વધુ ઉદાર છે. છૂટાછેડા લીધેલા પુરુષોના બીજા લગ્ન પણ સરળતાથી થઈ જાય છે. કોઈ તેના ચારિત્ર્ય ઉપર સવાલ પણ ઉઠાવતું નથી. પુરુષો જીવનમાં સરળતાથી આગળ વધે છે. જ્યારે છૂટાછેડા પછી પુરુષો શરમાતા નથી, તો પછી છૂટાછેડા લીધેલી સ્ત્રીઓને શા માટે શરમાવું જોઈએ?




# DEPRESSION

# શું શહેર અને ગામડાંના લોકોની હતાશામાં કોઈ ફેર હોય છે ખરો?

અત્યારના આધુનિક અને હાઈટેક જમાનામાં ડિપ્રેશનનું પ્રમાણ આસમાન આંબી રહ્યું છે ડિપ્રેશનના મામલે વાદવિવાદો અને ચર્ચાઓ પણ ખૂબ ચાલતી રહે છે! પર્સનલ અને પ્રોફેશનલ કારણસર કોઇ ને કોઈ કોન્ટ્રોવર્સીમાં રહેતા ફિલ્મ કલાકાર નવાઝુદ્દીન સિદ્દીકી હમણાં સોશિયલ મીડિયા પર જબરજસ્ત ટ્રોલ થયા હતા. નવાઝુદ્દીને એક ઈન્ટરવ્યૂમાં એવું કહ્યું કે, ડિપ્રેશન જેવી બીમારી ગામડાઓમાં હોતી નથી, આવું બધું શહેરોમાં હોય છે! તેમની આ વાત સાંભળીને ઘણા લોકોએ કહ્યું કે, એ ભાઈ, તમે કઈ દુનિયામાં જીવો છો? વેબ સીરિઝના જાણીતા કલાકાર ગુલશન દૈવેયાએ તો નવાઝુદ્દીન સિદ્દીકીની આ વાતને ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સિન્ડ્રોમનું નામ આપ્યું હતું. તમારી આંખો બંધ હોય અને તમને કંઈ ન દેખાય એનો મતલબ જરાયે એવો નથી કે, કોઈ વસ્તુ કે બીમારીનું અસ્તિત્વ નથી! ડિપ્રેશન યુનિવર્સલ છે. એ માણસના વિચારો, માનસિકતા, માન્યતાઓ, સંજોગો, વાતાવરણ અને પરિસ્થિતિ પર આધાર રાખે છે. ડિપ્રેશન કોઈને પણ થઇ શકે છે. ડિપ્રેશન થવાનાં હજાર કારણો છે. તમે તેને શહેર કે ગામડા સાથે સરખાવી ન શકો. નવાઝુદ્દીન સિદ્દીકી પર ભલે માછલાં ધોવાતાં હોય, પણ એ મુદ્દે ઘણા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે કે, ગામડાંમાં રહેતા અને શહેરોમાં વસતા લોકોની હતાશામાં કોઈ ફર્ક હોય છે ખરો? સૌથી પહેલી વાત તો એ કે, ગામડાંના લોકો ડિપ્રેશનનો ભોગ નથી બનતા એ વાત સાવ ખોટી છે. અલબત્ત,

હમણાંના એક અભ્યાસમાં એવું ચોક્કસ બહાર આવ્યું છે કે, શહેરોની સરખામણીમાં ગામડાંઓમાં રહેતા લોકોમાં ડિપ્રેશનનું પ્રમાણ ઓછું રહે છે. એટલું જ નહીં, શહેરોમાં પણ માણસ ક્યાં રહે છે અને કેવી લાઈફ જીવે છે એના પર પણ ડિપ્રેશનનો મોટો આધાર રહે છે. માણસની આજુબાજુનું વાતાવરણ પણ માણસની હતાશા અને ઉત્સાહમાં મોટો ભાગ ભજવે છે. ડિપ્રેશન વિશે અમેરિકાની યેલ યુનિવર્સિટી, સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટી અને ડેનમાર્કની કોપનહેગન યુનિવર્સિટીના રિસર્ચરોએ સાથે મળીને અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશોમાં અભ્યાસ કર્યો હતો. સાયન્સ એડવાન્સ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા આ અંગેના અહેવાલમાં એવું જણાવાયું હતું કે, ગામડાંના લોકો શાંતિનો વધુ અનુભવ કરે છે, તેના કારણે ડિપ્રેશનના ચાન્સીસ ઘટે છે. શહેરમાં ગીચ વસતી, ઘોંઘાટ, પ્રદૂષિત હવા અને ઓછા ઉજાસવાળાં રહેણાકોના કારણે માણસ બહુ ઝડપથી હતાશાનો ભોગ બને છે. દરિયાકિનારે રહેતા લોકો પણ હતાશાનો ભોગ ઓછા પ્રમાણમાં બને છે. ગામડાંનું વાતાવરણ ખુલ્લું અને ખુશનુમા હોય છે. લોકોમાં ઉચાટનું પ્રમાણ પણ ઓછું જોવા મળે છે. તેની સરખામણીમાં શહેરોમાં ભાગાભાગી અને ટેન્શનનું પ્રમાણ વધુ હોય છે. કેટલાંક શહેરોના લોકોને ધ્યાનથી જોશો તો એવું લાગ્યા વગર નહીં રહે કે, આ બધા લોકો જાણે કોઈ અજાણ્યા ભાર નીચે જીવે છે.ડિપ્રેશનનાં કારણોમાં એક સૌથી મોટું કારણ રિલેશનશિપ ક્રાઈસીસ છે. સંબંધોનાં પોત એટલાં પાતળાં પડી ગયાં છે કે, એ ગમે ત્યારે તૂટી જાય છે. હવે પ્રેમ કરતાં બ્રેકઅપ વધુ થાય છે. લોકોને એવું લાગવા માંડે છે કે, મારું કોઈ નથી. હું સાવ એકલો પડી ગયો છું કે એકલી પડી ગઈ છું. હવે લોકો વાતો ઓછી અને ચૅટ વધુ કરવા લાગ્યા છે. માણસનો માણસ સાથેનો સંપર્ક ઘટતો જાય છે. બધાને વાત કરવી છે, પણ એ સવાલ સતાવે છે કે, કોની સાથે વાત કરવી? સોશિયલ મીડિયામાં તો સારું સારું જ લખવાનું હોય છે. જિંદગીમાં કંઈક ખરાબ કે અજુગતું બને ત્યારે શું? ફેમિલી નાનાં થઈ ગયાં છે. ધનિકોના ઘરમાં સભ્યો ઓછા અને બંગલામાં રૂમ વધુ હોય છે. એક જ ઘરમાં રહેતા લોકો પણ ઓછી વાત કરે છે. પ્રાઈવસીના નામે જે ચાલી રહ્યું છે એણે માણસને એકલો પાડી દીધો છે. દરેક માણસની અંદર એક ઉકળાટ જોવા મળે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો રિપોર્ટ એવું કહે છે કે, ભારતમાં દર ત્રણમાંથી એક માણસ ડિપ્રેશનમાં જીવી રહ્યો છે. હદ તો એ વાતની છે કે, હવે નાનાં બાળકો પણ ડિપ્રેશનનો ભોગ બની રહ્યાં છે. બાળકોમાં ખુલ્લામાં રમવાનું અને મિત્રો સાથે ધિંગામસ્તી કરવાનું ઘટી રહ્યું છે. બાળકો પણ મોબાઈલ લઈને બેઠાં રહે છે અને ગેઈમ રમ્યા રાખે છે. એક સમયે એ કંટાળી જાય છે. આ કંટાળો



વધતો જાય છે અને ધીમેધીમે એ ચીડિયાં બનતાં જાય છે. શહેરોની સરખામણીમાં ગામડાંના લોકો ડિપ્રેશનનો ભોગ ઓછો બને છે એ વાત સાચી, પણ હવે ગામડાંના લોકોમાં પણ ધીમેધીમે મેન્ટલ હેલ્થના પ્રશ્નો વધતા જાય છે. નાનાં નાનાં ગામડાંઓમાં પણ હવે મોબાઈલ ફોન તો આવી જ ગયા છે. ગામડાંના લોકો પણ બધું જુએ છે. એને એવું લાગે છે કે, શહેરમાં લોકો ખૂબ મોજમજા કરે છે, અહીં તો કંઇ નથી! ગામડાંમાં રહેતો યુવાવર્ગ શહેરનાં છોકરા-છોકરીઓ કરતાં પાછળ રહી ગયાંનું પણ અનુભવે છે. હવે એક નવી સમસ્યા પણ ખડી થઈ છે. યંગસ્ટર્સ નાનાં ગામોમાં રહેવા જ તૈયાર નથી. હેરાન થવું પડે તો ભલે પણ બધાને રહેવું તો શહેરમાં જ છે. ગામડામાં બધી સગવડ હોય તો પણ એ છોડીને શહેરના નાનકડા ફ્લેટમાં રહેવા જશે. છોકરીઓ તો હવે ગામડાના છોકરા સાથે પરણવા જ તૈયાર નથી. ખેતી અને ઘરકામ કરવાને બદલે એ ભણીગણીને શહેરમાં જોબ કરવા ઈચ્છે છે. છોકરીઓમાં ભણવાનું પ્રમાણ વધ્યું છે. છોકરીઓ પણ હવે કરિયર ઓરિએન્ટેડ થઈ ગઈ છે એટલે સ્વાભાવિક રીતે જ તેનાં સપનાં પણ ઊંચાં રહેવાનાં છે. ગામડાંના છોકરાઓને પણ શહેર આકર્ષે છે. લગ્ન કરવા માટે શહેરમાં રહેવું જરૂરી છે. છોકરાઓ શહેરમાં આવીને જેવી મળે એવી નોકરી કે નાનોસૂનો ધંધો કરી લે છે. સપનાં પૂરાં થતાં નથી એટલે હતાશ થાય છે. ગામડાંઓમાં મોટી ઉંમરના લોકો એકલા પડતા જાય છે. સંતાનો દૂર હોય છે. એ લોકોને એવો સવાલ પજવતો રહે છે કે, આખરે આ બધું કોના માટે? જે લોકો માટે જિંદગી ખર્ચી નાખી એ તો છોડીને ચાલ્યા ગયા છે. હતાશ થવાનાં દરેક પાસે પૂરતાં કારણો છે. માણસના વિચારો વીજળીની ગતિથી ચાલે છે. વિચારો કંટ્રોલમાં રહેતા નથી. એક એવી દોડ ચાલે છે જેનો કોઈ અંત નથી. આ દોડ આખરે માણસને ડિપ્રેશનમાં ઢસડી જાય છે. દુનિયા જેમ જેમ આધુનિક થતી જાય છે એમ એમ સુખ વધવાને બદલે ઘટી રહ્યું છે. કોઈને શાંતિ નથી. દરેકના મોઢે કોઈ ને કોઈ ફરિયાદ છે. કોઇ ને કોઇ ઉચાટ છે. યોગ કરે તો પણ શાંતિ વળતી નથી. યોગમાં પણ ઓતપ્રોત તો થવું પડેને? સવાલો વધતા જાય છે અને જવાબ જડતા નથી. દરેક વ્યક્તિ અલગ છે, દરેકની સમસ્યા જુદી છે, દરેકે પોતે જ પોતાની શાંતિ અને સુખના રસ્તા શોધવા પડે એમ છે. રસ્તો ચૂક્યા તો હતાશા તરત જ પકડી લેવાની છે, પછી તમે શહેરમાં રહેતા હો કે ગામડાંમાં!

માણસ માણસથી જેમ જેમ દૂર જતો જશે એમ એમ એ વધુ ને વધુ હતાશા તરફ ઢસડાતો જશે. માનસિક સ્વસ્થતા સંબંધો સાથે સીધી રીતે જોડાયેલી છે. મજામાં અને સાજાનરવા રહેવું હોય તો તમારા સંબંધોને મરવા ન દો. સંબંધ મરી જશે તો આપણે જીવતાં હોઈશું તો પણ એકલતા જ અનુભવવાના છીએ!

## યુવાનોને સતત એ ભય લાગે છે કે, જો વધુ મહેનત નહીં કરીએ તો ફેંકાઈ જઈશું

ડિપ્રેશન માટે મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓ બીજાં અનેક કારણો પણ આપે છે. લોકોની ઈચ્છાઓ અને અપેક્ષાઓમાં જબરો વધારો થયો છે. સંતોષની ફિલોસોફી લોકોને હવે ઓછી ગળે ઊતરે છે. લોકોને બધું જ જોઈએ છે અને બહુ ઝડપથી જોઈએ છે. લોકોમાં ધીરજનો અભાવ છે. હરીફાઈ પણ વધી છે. યુવાનોને સતત એ ભય લાગે છે કે, જો વધુ મહેનત નહીં કરીએ તો ફેંકાઈ જઈશું. ગોલ અને ટાર્ગેટ એચિવ કરવા માટે સખત અને સતત મથ્યા રહેવું પડે છે. સોશિયલ મીડિયાએ તણાવમાં વધારો કર્યો છે. સોશિયલ મીડિયામાં લોકો મોજમજા કરતા હોય, મોંઘી મોંઘી ગાડીઓમાં ફરતા હોય અને વિદેશપ્રવાસ કરતા હોય એવા ફોટા અપલોડ કરતા રહે છે. એ જોઈને સામાન્ય વર્ગની વ્યક્તિને એમ થાય છે કે, બધા સુખી છે, માત્ર હું જ દુ:ખી છું. બધા મજા કરે છે, મારાં નસીબે જ મજૂરી લખેલી છે. એ ધીમે ધીમે પોતાની જાતને અને પોતાના નસીબને દોષ દેવા લાગે છે. અંતે એ ડિપ્રેશનમાં સરી જાય છે.

# દુનિયાની સૌથી અઘરી રેસમાં ભારતીય મહિલા મહાશ્વેતા ઘોષે રચ્યો ઇતિહાસ

દેશ અને દુનિયામાં લાખો લોકો પોતાનું વજન ઘટાડવા અને જાતને ફિટ રાખવા માટે પ્રયત્ન કરતાં હોય છે. એમાં ઘણાં સફળ થાય છે તો ઘણાં નિષ્ફળ. આજથી 20 વર્ષ પહેલાં બંગાળની મહાશ્વેતા ઘોષે વજન ઘટાડવા દોડવાનું શરૂ કર્યું હતું. મહાશ્વેતા કૉલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે જમવાની અને ઊંઘવાની અનિયમિતતાને કારણે તેનું વજન વધવા લાગ્યું હતું. શરૂઆતમાં તો તેણે ખાસ કંઇ ધ્યાન ન આપ્યું પરંતુ જ્યારે અહેસાસ થયો કે તેનું વજન હવે ઓવર થઇ ગયું છે ત્યારે વજન ઘટાડવાનું નક્કી કર્યું. વજન ઘટાડવા તેણે સૌ પ્રથમ દોડવાનું શરૂ કર્યું હતું. મહાશ્વેતાએ જ્યારે દોડવાનું શરૂ કર્યું હતું ત્યારે તેને સપનેય ખ્યાલ નહોતો કે તેની દોડ તેને નવી ઓળખ આપશે. તે દેશની પહેલી એવી મહિલા બનશે જેણે દુનિયાની સૌથી અઘરી મનાતી મેરેથોન ઓફ સેન્ડમાં ભારતને રિપ્રેઝન્ટ કરવાની અને એ મેરેથોનને પૂર્ણ કરવામાં સફળતા મળશે. મેરેથોન ઓફ સેન્ડ વિશે મહાશ્વેતા કહે છે, આ દોડ સહારાના રેગિસ્તાનમાં યોજવામાં આવે છે. જેમાં દુનિયાભરના લોકો ભાગ લે છે. 2022 માટે એમાં 1100 કરતાં વધારે લોકોએ ભાગ લીધો હતો. આ દોડ સાત દિવસ સુધી ચાલે છે અને એમાં ટોટલ 265 કિલોમીટર ચાલવાનું હોય છે. મહાશ્વેતા કહે છે કે સૌથી મોટો પડકાર એ હોય છે કે તમે એક અનોખી જગ્યા, વાતાવરણ અને અલગ ટ્રેક પર દોડો છો. રેગિસ્તાનમાં



રેતને કારણે ચાલવામાં બહુ તકલીફ પડે છે. અમુક જગ્યાએ રેતીના પર્વતો હોય છે. તાપમાન પણ વધુ હોવાને કારણે ભીષણ ગરમી અને તીવ્ર તાપનો સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં ચાલવામાં ઘણી મુશ્કેલી પડે છે. મને પણ તકલીફો પડી હતી. મારા પગમાં ફોલ્લા પડી ગયા હતા. મારી જેમ અન્ય લોકોની હાલત પણ આવી હતી. મેરેથોનમાં કન્ટેસ્ટંટે એકલા રહેવાનું હોય છે. તેની પાસે ફોન કે પરિવારના કોઈ સભ્ય હોતા નથી. રોજનો એક ટાર્ગેટ સેટ કરેલો હોય છે અને તેને પૂર્ણ કરવાનો હોય છે. ટાર્ગેટ પૂર્ણ ન થાય તો કન્ટેસ્ટંટ ડિસક્વોલિફાઇ થઈ જાય છે. કન્ટેસ્ટંટ પોતાનો સામાન પણ પોતાની સાથે રાખવાનો હોય છે એટલે કે પીઠ પર બેગમાં ખાવાનો સામાન, પાણી અને ટેન્ટ રાખવાનાં હોય છે. દિવસનો ટાર્ગેટ પૂર્ણ થાય પછી ટેન્ટમાં આરામ કરી શકો છો. મહાશ્વેતાને મેરેથોનમાં ભાગ લેવાની પ્રેરણા એક સીરિઝ જોઈને મળી હતી, પરંતુ એ વખતે કોરોનાને કારણે શક્ય ન બન્યું અને પછી મહાશ્વેતાના પગમાં વધુ પડતી ઈજા થવાને કારણે ત્રણ વર્ષ સુધી તેની ઈચ્છા અધૂરી રહી ગઈ હતી. હવે તેનું સપનું સાકાર થયું છે. મહાશ્વેતા કહે છે કે, મેરેથોન ઓફ સેન્ડમાં ભલે મને સફળતા મળી ગઇ પણ અહીંથી હું અટકી જવાની નથી. મારે હજુ ઘણું આગળ વધવાનું છે. મારા સપનાને જીવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવાનો છે. દોડવું એ મારા માટે એક સપના જેવું છે. પરિવાર વિશે મહાશ્વેતા કહે છે કે હું બંગાળી છું અને બંગાળી પરિવારના લોકો ખાવાના શોખીન હોય છે. મારી વાત કરું તો હું નાનપણથી ખાવાની ગજબની શોખીન છું. પરિણામે મારું વજન વધવા લાગ્યું હતું. મેં જ્યારે નક્કી કર્યું કે, હવે ફિટનેસ પર ફોકસ કરવાનું છે તો ઘરના સભ્યોને ખૂબ નવાઇ લાગી, કારણ કે ભૂખ્યા રહેવું મારા માટે શક્ય નહોતું. શરૂઆતમાં તેઓ મારાથી ખુશ નહોતા, પરંતુ વજન ઉતારવામાં સફળતા મળી અને આજે જ્યારે હું અહીં સુધી પહોંચી છું ત્યારે બધા મારાથી ખુશ છે. તેઓ મારા માટે ગર્વ અનુભવે છે. મહાશ્વેતા કહે છે કે આ સમગ્ર સફરમાં મારા પતિનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. પતિ ઉપરાંત મારા મિત્રોએ મને ખૂબ સપોર્ટ કર્યો છે. મહાશ્વેતા પોતાના જીવનની પહેલી મેરેથોન 2012માં દોડી હતી. એ વખતે પણ તેને મિત્રએ પ્રોત્સાહિત કરી હતી. તે કહે છે કે મારા ફ્રેન્ડ્સ હંમેશાં મને નવીનવી ચીજો માટે પ્રોત્સાહિત કરતાં રહે છે. એના લીધે જ મેં મેરેથોનમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. ચાર દાયકા વટાવી ચૂકેલી મહાશ્વેતા ઘોષ મેરેથોનમાં દોડવા ઉપરાંત જોબ પણ કરે છે. જાતને ફિટ રાખવા ગળ્યું ખાતી નથી અને હેલ્ધી ડાયટ લે છે. તેણે ટાઈમટેબલ બનાવ્યું છે અને તેને ફોલો કરે છે. મહાશ્વેતાની ફિટનેસ જર્ની લોકો માટે મિશાલ છે. છેલ્લાં 20 વર્ષથી તેણે પોતાની ફિટનેસ જર્નીને જાળવી રાખી છે. તમામ લોકોને ફિટ રહેવા માટે સમજાવે છે. તે કહે છે કે, જીવનમાં કંઈ પણ કરવું હોય તો પહેલું ડગલું આપણે જાતે ભરવું પડે છે.

# STYLIST HAIR ACCESSORIES

## સિમ્પલ હેરસ્ટાઇલમાં વૉલ્યૂમ લાવવામાં મદદ કરે હેર એક્સેસરીઝ



### સ્ટોન હેર એક્સેસરીઝ



ઓપન હેર કૂલ લાગે છે. તમે વેસ્ટર્ન આઉટફિટ કેરી કરી રહ્યાં છો તો ઓપન હેર એલિગન્ટ લાગી શકે છે, પરંતુ સિમ્પલ ઓપન હેર બોરિંગ પણ હોઈ શકે. સિમ્પલ હેર સ્ટાઈલમાં વૉલ્યૂમ લાવવા એમાં સ્ટોન હેર એક્સેસરીઝને સામેલ કરી શકો છો.

**લુકને આકર્ષક બનાવવામાં વાળનો રોલ અગત્યનો છે, તેથી આપણે તેને અલગ અલગ રીતે સ્ટાઇલ કરીએ છીએ. હેર સ્ટાઇલની સાથે ચિક લુક ઇચ્છો છો તો જરૂરી છે કે હેર સ્ટાઇલિંગની સાથે હેર એક્સેસરીઝ પર ધ્યાન આપો. વિવિધ પ્રકારની હેર એક્સેસરીઝને કારણે ફક્ત વાળને સરળતાથી મેનેજ કરી શકાય છે આ ઉપરાંત ડિફરન્ટ લુક પણ મળે છે. ડિફરન્ટ પ્રકારની હેર એક્સેસરીઝ તમારી સ્ટાઇલમાં કલર એડ કરે છે. આજે આપણે કંઇક એવી હેર એક્સેસરીઝ વિશે જણાવીશું.**

### હેરસ્કાર્ફ



સામાન્ય રીતે સ્કાર્ફનો ઉપયોગ વિન્ટરમાં કરવામાં આવે છે પરંતુ હેરમાં સ્કાર્ફનો ઉપયોગ ગમે ત્યારે કરી શકો છો. તમારા હેર શોર્ટ હોય કે લોન્ગ, તમે હેર સ્કાર્ફને તમારી સ્ટાઈલનો ભાગ બનાવી શકો છો. તેને ઓપન હેરમાં બાંધો અથવા પોનીટેલ બનાવીને યૂઝ કરો. બંનેમાં હેર સ્કાર્ફ સારો લાગશે. તેનો ઉપયોગ ચોટીમાં પણ કરી શકો.

### સ્ક્રન્ચી



આ એક પ્રકારનું ફેબ્રિક કવર્ડ ઈલાસ્ટિક બેન્ડ હોય છે. એની મદદથી તમે બ્રેડ સ્ટાઈલથી લઈને પોનીટેલ લુક બનાવી શકો છો. સ્ક્રન્ચી અનેક કલર્સમાં અવેલેબલ છે. આની મદદથી તમારા લુકમાં ડિફરન્ટ કલર્સ એડ કરી શકો છો. યુવતીઓને સ્ક્રન્ચી યુનિક લુક આપે છે.

### હેર બેન્ડ




હેર બેન્ડ પ્લાસ્ટિકથી માંડી મેટલ અને કપડાં એમ દરેક મટીરિયલમાં મળે છે. એમાં ડિફરન્ટ ડિઝાઈન અને સ્ટાઈલ ઉપલબ્ધ છે. સ્કૂલ ગોઈંગ ગર્લ્સથી લઈને ટીન એજર અને કૉલેજ ગોઈંગ ગર્લ્સ માટે યુનિક લુક આપતાં ડિફરન્ટ હેર બેન્ડ અવેલેબલ છે. વર્કિંગ વુમન અને હાઉસ વાઈફની હેરસ્ટાઈલમાં અભિવૃદ્ધિ કરે એવાં હેર બેન્ડ પણ ઉપલબ્ધ છે. એમાંય કપડાંમાંથી બનેલાં હેર બેન્ડને તમારા લુકનો ભાગ બનાવો.

### સાઇડ પિન્સ



આમ જોવા જઈએ તો આપણાં બધાની હેર કિટમાં પિન્સ હોય જ છે, પરંતુ વાત હેર સ્ટાઈલિંગની હોય તો જરૂરી છે કે તમારી પિન પણ સિમ્પલ હોવાને બદલે સ્ટાઈલિશ હોય. એ માટે તમે ડિફરન્ટ ડિઝાઈન્સની પિન્સનો ઉપયોગ કરો. માર્કેટમાં આકર્ષક અને ડિઝાઈનર સાઈડ પિન્સ અવેલેબલ છે.

### રબર બેન્ડ



વિવિધ બ્રેડ હેર સ્ટાઈલ બનાવવા રબર બેન્ડનો ઉપયોગ સામાન્ય રીતે કરવામાં આવે છે. પણ તમે બ્રેડ સ્ટાઈલમાં ચિક લુક ઈચ્છો છો તો પ્લેન અથવા બ્લેક રબર બેન્ડને બદલે કલરફુલ રબર બેન્ડનો ઉપયોગ કરો. આ તમારા બ્રેડ લુકને વધારે સ્ટાઈલિશ બનાવશે.

# આંતરડાંના રોગોનું અકસીર ઔષધ

કડાછાલ પિત્તશામક છે. શીતળ અને તુરા રસયુક્ત હોવાથી આંતરડાંનાં ચાંદાંને ઝડપથી મટાડે છે આયુર્વેદ સાથે સંબંધ ધરાવતા વનસ્પતિશાસ્ત્રના ગ્રંથોમાં અનેક કાષ્ઠૌષધીઓ (Herbal Medicines)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઔષધિઓમાંથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને સરળતાથી પ્રાપ્ત થતી એક ઔષધિનું નામ છે, 'કુટજ'. (આપણે ગુજરાતીમાં તેને કડો કહીએ છીએ.) તો અમારા વૈદ્યોના પ્રિય અને મોટા આંતરડાના રોગોમાં ખાસ ઉપયોગી એવા આ આયુર્વેદીય ઔષધ વિશે આજે થોડું નિરુપણ કરું છું.

## ગુણધર્મો

કડાના આશરે 4થી 10 ફૂટ ઊંચા છોડ ભારતના પર્વતીય પ્રદેશોમાં ખાસ જોવા મળતા હોવાથી જ તેને સંસ્કૃતમાં તથા આયુર્વેદમાં 'કુટજ' નામ આપવામાં આવ્યું છે. ઔષધ તરીકે આ કુટજના વૃક્ષની છાલ (કડા છાલ) અને તેનાં બીજ(ઇન્દ્રજવ) વધારે ઉપયોગી છે. આયુર્વેદ પ્રમાણે કડાછાલ સ્વાદમાં કડવી અને તૂરી, પચવામાં હલકી અને શીતળ છે. તે પિત્તશામક, ભૂખ લગાડનાર, રક્તની શુદ્ધિ અને સ્તંભન કરનાર, ઘા રુઝવનાર તથા મસા-પાઈલ્સ, રક્તસ્રાવ, તાવ, કૃમિ, મંદાગ્નિ, મરડો અને પેટનાં દર્દો મટાડે છે. જ્યારે ઈન્દ્રજવ સ્વાદે કડવા અને તીખા, ગરમ, ભૂખ લગાડનાર, મરડો, તાવ, કૃમિ, સંગ્રહણી, વાયુ, શૂળ, મસા, કોઢ, રક્તબગાડના રોગ મટાડનાર છે.


## ઉપયોગ

આયુર્વેદ પ્રમાણે પિત્ત દોષના બે મુખ્ય ગુણો છે, 'ઉષ્ણતા' તથા 'તીક્ષ્ણતા' અને પિત્તના આ બે ગુણોથી થતા એક રોગનું નામ છે, 'રક્તાતિસાર'. અમુક કારણોથી જ્યારે પિત્તના આ બંને ગુણોમાં અધિકતા આવે છે, ત્યારે તેને કારણે મોટા આંતરડામાં નાનાં-મોટાં અનેક ચાંદાં પડે છે. અવારનવાર લોહીયુક્ત ચીકણા ઝાડા થાય છે. જેને રક્તાતિસાર કહે છે. (Ulcerative Colitis- Crohn's Disease સાથે તેને સરખાવી શકાય.) કડાછાલ તેનું ઉત્તમ અને નિર્દોષ ઔષધ છે. કડાછાલ એક તો પિત્તશામક છે. વળી તે શીતળ અને તુરા રસયુક્ત હોવાથી આંતરડાંનાં ચાંદાંને ઝડપથી મટાડે છે. ઉપચાર માટે એક ચમચી જેટલું કડાછાલનું ચૂર્ણ બે ગ્લાસ પાણીમાં નાંખી ઉકાળવું. ઉકળતા એક કપ જેટલું દ્રવ બાકી રહે ત્યારે ગાળીને ઠંડું પાડીને આ દ્રવ પી જવું. સવાર-સાંજ આ રીતે તાજો ઉકાળો બનાવીને નિયમિત પીવાથી તીવ્ર અને ઉગ્ર રક્તાતિસારમાં પણ ફાયદો જાણવા લાગે છે. આયુર્વેદ પ્રમાણે કડો ઉત્તમ ગ્રાહી અને રક્ત સંગ્રાહક છે. લોહીવાળા મરડામાં આના બરાબર બીજી ઔષધી નથી તાજાં મૂળને અને તાજી છાલને છાશમાં ઘસીને બે-બે ચમચી આપવાથી તાવ દૂર થાય છે, વારંવાર થતા ઝાડા ઓછા થઈ જાય છે અને મળમાં લોહી જતું હોય તે પણ ઓછું થઈ જાય છે.




## તમન્ના ભાટિયાએ વિજય વર્મા સાથે રિલેશનશિપમાં હોવાની પુષ્ટિ કરી

મુંબઈ : તમન્ના ભાટિયા અને વિજય વર્માના સંબંધો અંગે ઘણા સમયથી ચર્ચા થઈ રહી છે. તમન્ના ભાટિયાએ વિજય વર્મા સાથેના પોતાના રિલેશપ મુદ્દે મૌન તોડ્યુ છે. તમન્નાએ વિજય સાથેના પોતાના સંબંધ અંગે ઘણા ખુલાસા કર્યા છે. તમન્ના ભાટિયા-વિજય વર્મા ઘણી વખત એકસાથે સ્પોટ થયા છે. તમન્ના ભાટિયા અને વિજય વર્માને ઘણી ઈવેન્ટમાં પણ સાથે જોવામાં આવ્યા છે. આ રુમર્ડ કપલ ઘણી વખત મીડિયા સામે પોઝ આપતા પણ જોવા મળે છે. દરમિયાન તમન્ના ભાટિયાએ વિજય વર્મા સાથેના પોતાના સંબંધને લઈને અમુક વાતો શેર કરી છે. આખરે તમન્ના ભાટિયાએ એક્ટર વિજય વર્મા સાથે પોતાના સંબંધની પુષ્ટિ કરી છે. એક્ટ્રેસે જણાવ્યુ કે તેની અને વિજય વચ્ચે 'લસ્ટ સ્ટોરીસ 2' ના સેટથી બધુ શરૂ થયુ હતુ. એન્થોલોજી ફિલ્મમાં બંને પહેલી વખત એક સાથે



જોવા મળ્યા હતા અને તેનું નિર્દેશન અમિત રવિન્દ્રનાથ શર્મા, કોંકણા સેનશર્મા, આર બાલ્કી અને સુજોય ઘોષે કર્યુ છે. ગોવામાં ચાલી રહેલી ન્યુ યર પાર્ટીમાં તમન્ના અને વિજયનો કિસ કરતો વીડિયો વાયરલ થયો હતો જે બાદથી બંને રિલેશનમાં હોવાની વાત શરૂ થઈ ગઈ હતી પરંતુ બંનેએ પોતાના સંબંધ અંગે મીડિયામાં સમક્ષ કંઈજ કહ્યુ નહોતુ પરંતુ હવે એક્ટ્રેસે ખુલાસો કર્યો કે અમે સાથે એક ફિલ્મ કરી છે. આ પ્રકારની અફવાઓ ચાલતી રહે છે. તે તમામને ક્લિયર કરવુ જરૂરી નથી. મારી પાસે આ વિશે કહેવા માટે કંઈજ નથી. હવે તમન્નાએ ખુલાસો કર્યો કે તે વિજયને ડેટ કરી રહી છે. તમન્નાએ કહ્યુ, મને નથી લાગતુ કે તમે કોઈ પ્રત્યે માત્ર એટલા માટે આકર્ષિક થઈ શકો છો કે તે તમારા કો-સ્ટાર છે. મને લાગે છે કે પ્રેમ ગમે ત્યારે ગમે તેની સાથે થઈ શકે છે.



## રણવીર અને દીપિકા હવે શાહરૂખનાં પડોશી બનશે

મુંબઇ : દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે બાંદરામાં શાહરૂખ ખાનના બંગલા મન્નતની બાજુમાં એક એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. જેની કિમંત ૧૧૯ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. બાંદરાના બેન્ડસ્ટેન્ડ પાસે આવલી સાગર રેશમ બિલ્ડિંગના ૧૬,૧૭,૧૮ અને ૧૯મા માળ પર તેમણે એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. જેમાં હાલ ઈન્ટિરિયલનું કામ ચાલી રહ્યું છે. રણવીર અને દીપિકા તથા રણવીરના પેરેન્ટસ આ કામ જોવા માટે એપાર્ટમેન્ટ પર ગયા હતા. આ મુલાકાતનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. રણવીર અને દીપિકા વરલીમાં પણ એક આલીશાન એપાર્ટમેન્ટ ધરાવે છે. આ ઉપરાંત તેમણે તાજેતરમાં અલીબાગમાં પણ એક વિશાળ પ્રોપર્ટી ખરીદી છે.



**119 કરોડનું એપાર્ટમેન્ટ ખરીદ્યું, મન્નત બંગલોની બાજુમાં જ આવેલાં એપાર્ટમેન્ટમાં ઈન્ટિરિયરનું કામ શરૂ**

# દેઓલ પરિવારમાં ગૂંજશે શરણાઈઓ, કરણના લગનને લઈને ઘર દુલ્હનની જેમ સજાવાયું

મુંબઈ : કરણ દેઓલના લગ્નને લઈને છેલ્લા કેટલાક સમયથી અટકળો લગાવવામાં આવી રહી હતી અને હવે આખરે તે સમય આવી ગયો છે જ્યારે દેઓલ પરિવારમાં ખુશી ફેલાઈ રહી છે. દેઓલ હાઉસમાં હવે લગ્નના ફંક્શન શરૂ થઈ ગયા છે. જેનો પહેલો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં સની દેઓલ, બોબી દેઓલ અને અન્ય મહેમાનો પણ જોવા મળી રહ્યા છે. દુલ્હનની જેમ શણગારેલું ઘર એ હકીકતની સાક્ષી છે કે દેઓલ પરિવાર માટે તે એક મોટો અને ખુશીનો પ્રસંગ છે.કહેવામાં આવી રહ્યું છે કે કરણ દેઓલના લગ્નના ફંક્શન આજથી શરૂ થઈ ગયા છે. ઘર સંપૂર્ણપણે રોશનીથી શણગારાઈ ચૂક્યું છે. આ સમયે એક વીડિયો સામે આવ્યો છે. જેમાં સની દેઓલ અને બોબી દેઓલ પણ ઘરની અંદર મહેમાનો સાથે જોવા મળે છે. આ દરમિયાન સની બ્લેક કેઝ્યુઅલ શર્ટમાં જોવા મળે છે, જ્યારે બોબી દેઓલ બ્લેક જીન્સ અને વ્હાઈટ શર્ટમાં શાનદાર



સ્ટાઈલમાં જોવા મળે છે. બંને મહેમાનોને મળી રહ્યા છે અને તમામ તૈયારીઓનું પણ નિરીક્ષણ કરી રહ્યા છે.કરણ દેઓલ તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ દ્રશા આચાર્ય સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. જેને તે ઘણા સમયથી ડેટ કરી રહ્યો હતો, પરંતુ હવે બંનેએ રિલેશનશિપમાં આવવાનો નિર્ણય કર્યો છે. જો રિપોર્ટ્સનું માનીએ તો તેઓ 18 જૂને લગ્ન કરશે અને 12 જૂનના રોજ રોકા સેરેમની સાથે લગ્નનું ફંક્શન શરૂ થઈ રહ્યું છે. 16મી જૂને અન્ય ફંકશન જેવા કે હલ્દી, સંગીત શરૂ થશે. પ્રખ્યાત કોરિયોગ્રાફર અને નિર્દેશક અહેમદ ખાને સંગીત કોરિયોગ્રાફ કર્યું છે. આ લગ્ન ધર્મેન્દ્રના ઘરે થશે. તેથી જ ઘરને સંપૂર્ણપણે ફૂલોથી શણગારવામાં આવ્યું છે. બીજી તરફ સની દેઓલ પણ પોતાના પુત્રના લગ્નને લઈને ઘણો ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.



**વર્ષ 1983માં બનેલી બેતાબ ફિલ્મમાં સની દેઓલે પહેલીવાર રોલ કર્યો હતો.**

## બચ્ચન ફેમિલી સાથે કેમ નારાજ રહે છે સની દેઓલ, બીગ બી સાથે 36નો આંકડો

મુંબઈ : અમિતાભ બચ્ચન અને સન્ની દેઓલ તેમના જમાનાના સુપર સ્ટાર્સ રહ્યા છે. આ સાથે બન્ને કલાકારો આજે પણ હિન્દી સિનેમા જગતમા રાજ કરે છે. બન્ને તેમની અપકમિંગ ફિલ્મોને લઈને સતત ચર્ચામાં રહેતા હોય છે. જો કે તમને જાણીને હેરાન થઈ જશો કે બોલીવુડમાં હોવા છતા સની દેઓલે માત્ર એક જ ફિલ્મ અમિતાભ બચ્ચન સાથે કરી છે. પરંતુ એ ફિલ્મ પછી તેમણે બિગ-બીના પત્નિ જ્યા બચ્ચન, અભિષેક બચ્ચન અને તેમની વહુ એશ્વર્યા રાય સાથે પણ ધીરે-ધીરે સંબંધ ઓછા થઈ ગયા હતા.



વર્ષ 1983માં બનેલી બેતાબ ફિલ્મમાં સની દેઓલે પહેલીવાર રોલ કર્યો હતો. અને આ ફિલ્મ પછી સની દેઓલ સ્ટાર તરીકે છવાઈ ગયો હતો. જો કે અમિતાભ બચ્ચને તેમના કરિયરની શરુઆત સાત હિન્દુસ્તાની ફિલ્મથી કરી હતી. આ ફિલ્મ વર્ષ 1969માં રિલીઝ થઈ હતી. સની દેઓલ બોલીવુડ પર રાજ કરતા આજે 40 વર્ષ થઈ ચુક્યા તો અમિતાભને 54 વર્ષ થઈ ગયા.

અમિતાભ બચ્ચન અને અન્ય સ્ટાર્સનો પણ સૌથી મોટો હરીફ નીકળ્યો. ભલે સની દેઓલે અમિતાભથી 14 વર્ષ બાદ ફિલ્મોમાં પ્રવેશ કર્યા હોય, પરંતુ તેની મહેનત અને લગનથી દર્શકોનું દિલ જીતી લીધું. આ ઉપરાંત તે અમિતાભ બચ્ચન અને અન્ય સ્ટાર્સનો પણ સૌથી મોટો હરીફ નીકળ્યો. સનીના પિતા ધર્મેન્દ્ર અને અમિતાભ વચ્ચે સારી મિત્રતા હોવાથી બન્ને વચ્ચે સારુ બનતું હતું. એક વાતની કદાચ તમને ખબર નહી હોય પરંતુ જણાવી દઈએ કે કરિયરના શરૂઆતના દિવસોમાં અમિતાભ અને સની દેઓલ સાથે સારી મિત્રતા હતી. તેનું એક સૌથી મહત્વનું કારણ સનીના પિતા ધર્મેન્દ્ર અને અમિતાભ વચ્ચે સારી મિત્રતા હોવાથી બન્ને વચ્ચે સારુ બનતું હતું. પરંતુ તે પછી જ્યારે સનીએ ધીમે ધીમે બોલીવુડ ઈન્ડ્રસ્ટ્રીમાં પોતાનો પગ જમાવી દીધો હતો. તે સમયે કેટલાક દિગ્ગજ કલાકારો તેની સાથે અસુરક્ષિત અનુભવવા લાગ્યા હતા. અને તેમા અમિતાભ બચ્ચન પણ તેમાંથી એક છે. એવી પણ વાત જાણવા મળી હતી કે અમિતાભ બચ્ચન સનીને પોતાના પુત્ર જેટલો પ્રેમ આપ્યો હોય પરંતુ તે અંદરથી થોડા- થોડા નર્વસ રહેતા હતા. તેમની ફિલિંગ્સ ઈન્સાનિયત ફિલ્મના શૂટિંગના સેટ પર જ જોવા મળતી હતી.

આ બાબતે મળતા રિપોર્ટ પ્રમાણે ફિલ્મ ઈન્સાનિયતમાં સની અને અમિતાભ સાથે જોવા મળ્યા હતા. અને આ ફિલ્મ બાદ સની અને અમિતાભ વચ્ચે ઘણી ગેરસમજ ઊભી થઈ હતી. ત્યાર બાદ એવી પણ વાત જાણવા મળી હતી કે અમિતાભે સનીને પોતાના સૌથી મોટો કોમ્પિટિટર તરીકે જોવા લાગ્યા હતા. ત્યારે સની દેઓલને લાગ્યું કે બોલિવૂડમાં સુપરસ્ટારની ડિમાન્ડ વધારે છે. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવે છે કે ફિલ્મ ઈન્સાનિયતમાં અમિતાભનો રોલ ઘણો નાનો હતો, પરંતુ પાછળથી તેમનો રોલ વધારી દેવામાં આવ્યો, જે સનીને યોગ્ય નહોતુ લાગ્યું. આટલું જ નહી ફિલ્મના પોસ્ટર પર સનીને બાજુ પર રાખીને અમિતાભ પર વધુ ફોકસ કરવામાં આવ્યું હતું. જેના કારણે સનીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. જો કે સનીએ તે વિશે કોઈને કાઈ જ કહ્યુ નહોતું, પરંતુ એ પછી સનીએ ધીમે ધીમે અમિતાભ સાથે સંબંધ ઓછા કરી દીધા હતા.

## પ્રભુ દેવા 50 વર્ષની ઉંમરે ચોથી વખત પિતા બન્યા, બીજી પત્નીએ પુત્રીને જન્મ આપ્યો

નવી દિલ્હી: કોરિયોગ્રાફર પ્રભુ દેવાના ઘરે લક્ષ્મીનું આગમન થયુ છે. પ્રભુ દેવાની બીજી પત્ની હિમાની સિંહે પુત્રીને જન્મ આપ્યો છે. પ્રભુ દેવા 50 વર્ષની ઉંમરે ચોથી વખત પિતા બન્યા છે. પ્રભુ દેવાએ વર્ષ 2011માં પોતાની પહેલી પત્ની રામલથને ડિવોર્સ આપ્યા બાદ વર્ષ 2020માં હિમાની સિંહ સાથે લગ્ન કરી લીધા હતા. પ્રભુ દેવા અને રામલથના બે દીકરા છે. ત્રીજા દીકરાનું વર્ષ 2008માં કેન્સરના કારણે મોત નિપજ્યુ હતું. હિમાની સાથે આ તેમનું પહેલું સંતાન છે. પ્રભુ દેવાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, હા એ સાચુ છે કે, હું 50 વર્ષની ઉંમરે ફરી પિતા બન્યો છું. હું પોતાને ખૂબ જ ખુશ અને કમ્પલીટ અનુભવી રહ્યો છું. એટલું જ નહીં પ્રભુ દેવાએ કરિયર થી બ્રેક લેવાની પણ વાત કહી. તેમણે કહ્યું કે, મેં પહેલાથી જ પોતાનું કામ ઓછું કરી દીધુ છે. મને લાગતુ હતું કે, હું ઘણું કામ કરી રહ્યો છું, દોડી રહ્યો છું. પરંતુ હવે મેં ઘણુ કરી લીધું. હવે હું મારી ફેમિલી સાથે સમય વીતાવવા માંગુ છું.



## ફિલ્મ રામાયણમાં 'રાવણ'નું પાત્ર ભજવવાનો KGF ફેમ યશનો ઈનકાર

મુંબઈ : આમ તો ટીવી પર રામાયણનું પ્રસારણ ઘણી વખત થઈ ચૂક્યુ છે. સૌથી પહેલા ટીવી પર રામાનંદ સાગરની રામાયણ પ્રસારિત કરવામાં આવી હતી, જેનો ક્રેઝ આજે પણ લોકો વચ્ચે જોવા મળે છે. વર્તમાનમાં ઘણી પૌરાણિક કથાઓ પર આધારિત ઘણી ફિલ્મો બની ચૂકી છે અને કેટલીક બની રહી છે. એક તરફ પ્રભાસ અને કૃતિ સેનન સ્ટારર ફિલ્મ આદિપુરુષ રિલીઝ થવાની તૈયારીમાં છે ત્યાં હવે દંગલ ફેમ નિતેશ તિવારી અને મધુ મંટેનાના નિર્દેશનમાં ફિલ્મ રામાયણના પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યુ છે. જેમાં રાવણના પાત્ર માટે યશને એપ્રોચ કરવામાં આવ્યા હતા પરંતુ તેમણે આ માટે ના પાડી દીધી છે.રિપોર્ટ અનુસાર યશ આ ફિલ્મને કરવા માટે ખૂબ ઉત્સાહિત હતા કેમ કે રામની તુલનામાં રાવણનું પાત્ર ભજવવુ વધુ પડકારપૂર્ણ છે. આ ફિલ્મમાં રામના પાત્ર માટે રણબીર કપૂરને પસંદ કરાયો છે આ જ કારણ છે કે યશ પણ આમાં કામ કરવા માટે ખૂબ ઈચ્છુક હતા પરંતુ બાદમાં તેમણે આ માટે ના પાડી દીધી છે. મળતી માહિતી પ્રમાણે યશને તેમની ટીમે આની પર કામ ન કરવાની સલાહ આપી હતી. તેમણે વિચાર્યુ કે યશના ચાહકો તેમને એક નકારાત્મક ભૂમિકા નિભાવતા જોઈને ખુશ નહીં થાય. ભલે તેઓ રાવણ જેવા શક્તિશાળી વિરોધીની ભૂમિકા જ કેમ ન હોય.



## કૃતિ સેનન એક્ટિંગની સાથે-સાથે હવે ફિલ્મ પ્રોડક્શનમાં નસીબ અજમાવશે

નવી દિલ્હી : બોલીવુડ એક્ટ્રેસ કૃતિ સેનન પાસે હાલના દિવસોમાં ઘણા પ્રોજેક્ટ્સ છે. તેની ફિલ્મ 'આદિપુરુષ' 16 જૂને રિલીઝ થઈ રહી છે જેમાં તેની સાથે પ્રભાસ અને સૈફ અલી ખાન છે. આ ઉપરાંત તે કરીના કપૂર ખાન અને તબ્બુ સાથે 'ધ ક્રૂ' અને ટાઈગર શ્રોફ સાથે 'ગણપત'માં નજર આવશે. હવે એક અહેવાલ પ્રમાણે તેની પાસે એક OTT પ્રોજેક્ટ પણ છે. પરંતુ આ પ્રોજેક્ટની ખાસ વાત એ છે કે તે આ ફિલ્મમાં માત્ર એક્ટિંગ જ નહીં પરંતુ તેને પ્રોડ્યુસ પણ કરશે.સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે અભિનય ઉપરાંત કૃતિને ફિલ્મમેકિંગ, પ્રોડક્શનમાં પણ ખૂબ રસ છે. જ્યારે તેણે ડિજીટલ ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળી ત્યારે તેણે ફિલ્મમાં અભિનય કરવાની સાથે-સાથે તેને પ્રોડ્યુસ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આગામી વર્ષે કૃતિ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દસ વર્ષ પૂર્ણ કરશે અને તેને લાગે છે કે અભિનય ઉપરાંત અન્ય કંઈકમાં હાથ અજમાવવાનો આ યોગ્ય સમય છે. આ પ્રોજેક્ટ સંબંધિત અન્ય વિગતો હજુ જાહેર કરવામાં નથી આવી. થોડા સમય અગાઉ કૃતિએ કહ્યું હતું કે પૈશન સૌથી મહત્વપૂર્ણ છે. તેણે કહ્યું હતું - હું એટલું જ કહેવા માંગુ છું કે તમારા પૈશન ઓળખો. હું હંમેશા આ કહું છું. આજે હું જે અભિનય કરું છું તે પણ પૈશનથી આવ્યો છે. જ્યારે તમને કોઈ વસ્તુ માટે પૈશન હોય છે ત્યારે તમે તે કામ તમારા દિલથી કરો છો અને જ્યારે તમે તમારા પૈશનને તમારી કારકિર્દી બનાવો છો ત્યારે તમને એવું લાગતું નથી કે તમે કામ કરી રહ્યા છો અને આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બોલીવુડ એક્ટ્રેસેસનું પ્રોડ્યુસર બનવું કોઈ નવી વાત નથી. કૃતિ અગાઉ અનુષ્કા શર્મા, આલિયા ભટ્ટ, દિપીકા પાદુકોણ, પ્રિયંકા ચોપડા પણ ફિલ્મો પ્રોડ્યૂસ કરી ચૂકી છે.



# ટેલિવિઝન તે માધ્યમ છે, જેણે મને બનાવી : રૂપાલી ગાગુલી

**અભિનેત્રી રૂપાલી ગાંગુલી 2020માં અનુપમા સાથે ટેલિવિઝન પર પાછી ફરી છે**

મુંબઈ : અભિનેત્રી રૂપાલી ગાંગુલી 2020માં અનુપમા સાથે ટેલિવિઝન પર પાછી ફરી છે. ટીવી સિરિયલમાં અભિનેત્રીના અભિનયને દર્શકોએ ખૂબ વખાણ્યો હતો. આ શો ટીઆરપી ચાર્ટમાં ટોચ પર રહ્યો અને તેને ઘણી સફળતા અને લોકપ્રિયતા પણ અપાવી છે. અભિનેત્રીએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેના શો વિશે વાત કરી હતી. રૂપાલીએ શોને વાસ્તવિક રાખવા અને 42 વર્ષની ઉંમરે મુખ્ય ભૂમિકા આપવા બદલ નિર્માતાઓનો આભાર માન્યો હતો. રૂપાલીએ કહ્યું, 'ટેલિવિઝનમાં એવું વધુ બને છે કે નાની છોકરીઓ માતાની ભૂમિકા ભજવવાનું શરૂ કરે છે. 20 કે ૨૫ વર્ષનો તમારો પુત્ર બતાવવામાં આવે છે પરંતુ રાજને તેમ ન કર્યું. તેણે એજ લાઈન ખૂબ જ વાસ્તવિક રાખી. મને લાગે છે કે તેથી જ લોકો પાત્ર સાથે જોડાઈ શકે છે. અનુપમાની સફળતા વિશે વાત કરતાં, રૂપાલી માને છે કે જીવનના આ તબક્કે આવી તક મળી તે માટે ભગવાને આશીર્વાદ આપ્યા છે. તેણે કહ્યું કે તેને માત્ર અભિનય જ નહીં પરંતુ ટીવી ઈન્ડસ્ટ્રીને પણ આ માધ્યમથી પસંદ છે. ટેલિવિઝન તે માધ્યમ છે, જેણે મને બનાવી, મને ઓળખ આપી. જેઓ કલાકારો મેળવવા ઝંખે છે. ટેલિવિઝન દરેક અભિનેતાને તેમની પ્રતિભા દર્શાવવાની પૂરતી તક આપે છે'.



# જોકોવિચ સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ટેનિસ પ્લેયર બન્યો

## ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં રૂડને 7-6, 6-3, 7-5થી હરાવ્યો, અહીં ત્રીજી વખત ચેમ્પિયન બન્યો



**પેરિસ: બિંયાના ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચે ત્રીજી વખત ફ્રેન્ચ ઓપનનો ખિતાબ જીત્યો છે. 36 વર્ષીય સ્ટારે મેન્સ સિંગલ્સની ફાઈનલમાં નોર્વેના કેસ્પર રુડને 7-6, 6-3, 7-5થી હરાવ્યો હતો. તે 7મી વખત ફાઈનલ મેચ રમી રહ્યો હતો. જોકોવિચનું આ 23મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ છે. તેણે રાફેલ નડાલના 22 ખિતાબના ખિતાબને પાછળ છોડી દીધો છે. તે મેન્સ ટેનિસમાં સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ખેલાડી બની ગયો છે.**

### ફ્રેન્ચ ઓપન જીતનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી

જોકોવિચ ફ્રેન્ચ ઓપન જીતનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો. તેણે 36 વર્ષ 20 દિવસની ઉંમરમાં આ કારનામું કર્યું છે. જોકોવિચે રાફેલ નડાલના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. રાફેલે ગયા વર્ષે 36 વર્ષ અને 2 દિવસની ઉંમરમાં આ ખિતાબ જીત્યો હતો.

### સીધા સેટમાં ફાઈનલમાં જીત મેળવી હતી

જોકોવિચને આ ટાઈટલ જીતવા માટે ઘણી મહેનત કરવી પડી હતી. 3 કલાક 16 મિનિટ સુધી ચાલેલી આ મેચમાં બંને ફાઈનલિસ્ટ વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો હતો. મેચ 7-6ના સ્કોર પર ગઈ હતી. ત્યાર બાદ જોકોવિચે ટાઈબ્રેકરમાં પોતાનો સેટ જીતીને મેચમાં 1-0ની સરસાઈ મેળવી લીધી હતી.

### જોકોવિચે સૌથી વધુ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીત્યો

**3** વખત ફ્રેન્ચ ઓપન જીતી છે

**10** ઓસ્ટ્રેલિયન ઓપન

**7** વિમ્બલ્ડન

### ઓસ્ટ્રેલિયા ઓપન 4 મહિના પહેલા જીતી હતી

જોકોવિચે સતત બીજો ગ્રાન્ડ સ્લેમ પણ જીત્યો છે. તેણે જાન્યુઆરી મહિનામાં ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ પણ જીત્યો હતો. ત્યારે જોકોવિચે ગ્રીસના સ્ટેફાનોસ સિત્સિપાસને સતત સેટમાં 6-3, 7-6, 7-6થી હરાવ્યો હતો.યુએસ ઓપન ટાઈટલ જીત્યા છે. જોકોવિચે સતત બીજો ગ્રાન્ડ સ્લેમ પણ જીત્યો છે. તેણે જાન્યુઆરી મહિનામાં ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ પણ જીત્યો હતો

**બીજા ગ્રાન્ડ સ્લેમમાં ત્રીજી વખત ચેમ્પિયન બન્યો હતો. તેણે 2 વર્ષ પહેલા 2021 સિઝનમાં આ રેડ કોર્ટનો ખિતાબ જીત્યો હતો. તેણે 2016માં તેની પ્રથમ ફ્રેન્ચ ઓપન જીતી હતી. ત્યારે જોકોવિચે ગ્રીસના સ્ટેફાનોસ સિત્સિપાસને સતત સેટમાં 6-3, 7-6, 7-6થી હરાવ્યો**

# અર્શદીપ સિંહનો કાઉન્ટી ક્રિકેટમાં દમદાર ડેબ્યૂ

નવી દિલ્હી તા 13



ટીમ ઈન્ડિયાના યુવા ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે કાઉન્ટી ક્રિકેટમાં ડેબ્યૂ કરતાની સાથે જ તબાહી મચાવી દીધી હતી. તેણે પહેલી જ મેચમાં દમદાર ડેબ્યૂ કરતાં કરકસર ભરી બોલિંગ કરી બે વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહનો કાઉન્ટી ક્રિકેટમાં દમદાર ડેબ્યૂ, પહેલી જ મેચમાં ઉડાવી બેટ્સમેનોની ઊંઘ ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈંગ્લેન્ડમાં બેટ્સમેનોને પોતાના બોલ પર નચાવ્યા હતા. તેણે કાઉન્ટી ક્રિકેટમાં તેની પહેલી મેચમાં જ કમાલ બોલિંગ પ્રદર્શન કરતા વિરોધી ટીમના બેટ્સમેનોને પરેશાન કરી દીધા હતા. અર્શદીપે ડેબ્યૂ મેચમાં જ પ્રથમ વિકેટ પણ લીધી હતી. ભારતીય બોલર અર્શદીપ પ્રથમ વખત કાઉન્ટી ક્રિકેટ રમી રહ્યો છે. IPL પછી તે કાઉન્ટી ક્રિકેટ રમવા માટે સીધો ઈંગ્લેન્ડ ગયો હતો, જ્યાં તેણે તેની બોલિંગથી તબાહી મચાવી હતી. તેણે સરે સામે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં કેન્ટ માટે ડેબ્યુ કર્યું હતું અને બેન ફોક્સને 3 રન પર આઉટ કરીને કાઉન્ટી ક્રિકેટમાં તેની પ્રથમ વિકેટ લીધી હતી. ઓવર ધ વિકેટથી બોલિંગ કરતી વખતે અર્શદીપે ફોક્સને પોતાની બોલિંગમાં ફસાવીને તેને LBW આઉટ કર્યો હતો. અર્શદીપે ખૂબ જ ચુસ્ત બોલિંગ કરી હતી. અર્શદીપની બોલિંગથી તમામ બેટ્સમેન પરેશાન અર્શદીપે બેટ્સમેનોને હાથ ખોલવાની પણ તક આપી ન હતી. તે સોમવારે સરેના બેટ્સમેનો માટે માથાનો દુખાવો બની ગયો હતો. મેડન વિકેટ લીધા બાદ તેણે ઈનિંગ્સમાં વધુ 10 ઓવર નાંખી અને 4 મેડન સહિત માત્ર 12 રન આપ્યા. અર્શદીપે તેની ઘાતક બોલિંગથી સતત બેટ્સમેનોને પરેશાન કર્યા હતા.

# ભારતના વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસની શરૂઆત ટેસ્ટથી થશે: 12 જુલાઈએ પહેલી મેચ, 27 જુલાઈથી 3 વન-ડેની સિરીઝ; 5 T20 પણ રમાશે



મુંબઈ તા 13

ભારતીય ક્રિકેટ ટીમના વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. 2 ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ 12મી જુલાઈએ રમાશે. 27 જુલાઈએ 3 વનડે અને 3 ઓગસ્ટે 5 T-20 ઈન્ટરનેશનલ મેચની સિરીઝ રમાશે. ટીમ ઈન્ડિયાનો વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ 13 ઓગસ્ટે 5મી T20 સાથે સમાપ્ત થશે.

### 20 જુલાઈથી બીજી ટેસ્ટ રમશે

ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં હાર બાદ ટીમ ઈન્ડિયા એક મહિના સુધી ક્રિકેટ નહીં રમે. ટીમ જુલાઈના પ્રથમ સપ્તાહમાં વેસ્ટ ઈન્ડિઝ જવા રવાના થશે. પ્રથમ ટેસ્ટ મેચ અહીં 12થી 16 જુલાઈ દરમિયાન ડોમિનિકાના વિન્ડસર પાર્કમાં રમાશે.

### ટેસ્ટના 2 દિવસ બાદ વન-ડે સિરીઝ શરૂ થશે

ટેસ્ટના બે દિવસ બાદ 3 મેચની વન-ડે સિરીઝ પણ શરૂ થશે. 2 વન-ડે મેચ 27 અને 29 જુલાઈએ બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ મેદાન પર રમાશે. ત્યારબાદ 1 ઓગસ્ટે ત્રિનિદાદ અને ટોબેગોમાં ત્રીજી અને છેલ્લી વન-ડે રમાશે. વન-ડેની તમામ મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7 વાગ્યે શરૂ થશે. બીજી ટેસ્ટ મેચ 20થી 24 જુલાઈ દરમિયાન રમાશે. બીજી ટેસ્ટ ત્રિનિદાદના ક્વીન્સ પાર્ક ઓવલ મેદાન પર રમાશે. બંને મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

### 3જી ઓગસ્ટથી T20 સિરીઝ રમશે

ત્રિનિદાદમાં 3 ઓગસ્ટથી 5 મેચની T20 સિરીઝ પણ શરૂ થશે. બીજી અને ત્રીજી T-20 મેચ 6 અને 8 ઓગસ્ટે ગયાનામાં રમાશે. ત્યારબાદ 12 અને 13 ઓગસ્ટે અમેરિકાના ફ્લોરિડામાં ચોથી અને પાંચમી T20 મેચ રમાશે. T20 સિરીઝની તમામ મેચ રાત્રે 8 વાગ્યાથી શરૂ થશે.

### ટેસ્ટ શેડયૂલ

| તારીખ | સ્થળ |
|---|---|
| 12-16 જુલાઈ | 1st Test ડોમિનિકા |
| 20-24 જુલાઈ | 2nd Test ત્રિનિદાદ |

### વનડે શેડયૂલ

| તારીખ | સ્થળ |
|---|---|
| 27 જુલાઈ | 1st ODIબાર્બાડોસ |
| 29 જુલાઈ | 2nd ODIબાર્બાડોસ |
| 01 ઓગસ્ટ | 3rd ODI ત્રિનિદાદ |

### ટી20 શેડયૂલ

| તારીખ | સ્થળ |
|---|---|
| 04 ઓગસ્ટ | 1st T20Iત્રિનિદાદ |
| 06 ઓગસ્ટ | 2nd T20Iગયાના |
| 08 ઓગસ્ટ | 3rd T20Iગયાના |
| 12 ઓગસ્ટ | 4th T20Iફ્લોરિડા |
| 13 ઓગસ્ટ | 5th T20I ફ્લોરિડા |

# સ્લો ઓવર રેટ માટે ભારત-ઓસ્ટ્રેલિયા ટીમને દંડ ફટકારવામાં આવ્યો

લંડન તા 13



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઈનલમાં સ્લો ઓવર રેટ માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ભારત અને ઓસ્ટ્રેલિયાને દંડ ફટકાર્યો છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાના ઓપનર શુભમન ગિલને પણ અમ્પાયરના નિર્ણયને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ દંડ ફટકાર્યો છે. WTC ફાઈનલ ઈંગ્લેન્ડના ઓવલ ગ્રાઉન્ડ ખાતે 7થી 11 જૂન દરમિયાન રમાઈ હતી. સ્લો ઓવર માટે ટીમ ઈન્ડિયાને મેચ ફીના 100 ટકા અને ઓસ્ટ્રેલિયાની ટીમને મેચ ફીના 80 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. ભારતે નિર્ધારિત સમયમાં 5 ઓવર ઓછા ફેંકી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાએ 4 ઓવર ઓછી ફેંકી હતી. શુભમન ગિલે અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરતા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી ICCએ અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા બદલ ટીમ ઈન્ડિયાના ઓપનર શુભમન ગિલને તેની મેચ ફીના 15 ટકાનો દંડ પણ ફટકાર્યો છે. જોકે, તેને 115 ટકા આપવાના રહેશે. કારણ કે ટીમને 100 ટકા દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હકીકતમાં ટીમ ઈન્ડિયાની બીજી ઈનિંગમાં ગિલ કેમરૂન ગ્રીનના હાથે કેચઆઉટ થયો હતો. આ કેચ અંગે શંકા હતી. એવું લાગતું હતું કે બોલ અગાઉ જમીન પર અડી ગયો હતો. જોકે, થર્ડ અમ્પાયરે કેચને સાચો ગણાવીને ગિલને આઉટ ગણાવ્યો. આ સોશિયલ મીડિયા પોસ્ટ માટે શુભમન ગિલને દંડ ફટકારવામાં આવ્યો છે. WTC ફાઈનલમાં ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયાએ 209 રને પરાજય આપ્યો હતો. 444 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમ અંતિમ દિવસના પ્રથમ સેશનમાં 234 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

# સચિન તેંડુલકરે WTCની હાર પર સવાલ કર્યો- અશ્વિન બહાર કેમ હતો?

## ગાવસ્કરે કહ્યું- કોહલી કેવો શોટ રમ્યો; રોહિતે કહ્યું- શોટ રમવાની છૂટ હતી

મુંબઈ તા 13



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ ભારતના ક્રિકેટ દિગ્ગજો ટીમ પર સવાલ ઉઠાવી રહ્યા છે. સચિન તેંડુલકરે આર અશ્વિન જેવા સ્પિનરને ટીમની બહાર રાખવા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. સુનીલ ગાવસ્કરે કહ્યું કે કોહલીએ ખરાબ શોટ રમ્યો. તેને પૂછવું જોઈએ કે તે શોટ રમવા કેમ ગયો?

સ્કોટ બોલેન્ડના ઓફ સ્ટમ્પ પર બહાર જઈ રહેલા બોલને રમવાનો પ્રયાસ કરી રહેલા કોહલીએ સ્મિથને સ્લિપમાં કેચ આપ્યો હતો. સ્કોટ બોલેન્ડના ઓફ સ્ટમ્પ પર બહાર જઈ રહેલા બોલને રમવાનો પ્રયાસ કરી રહેલા કોહલીએ સ્મિથને સ્લિપમાં કેચ આપ્યો હતો. તેંડુલકરનો સવાલ - ટેસ્ટ નંબર વન બોલર ટીમમાં કેમ નથી? સચિન તેંડુલકરે ટ્વીટ કર્યું, 'ભારતને રમતમાં રહેવા માટે પ્રથમ દાવમાં વધુ રન બનાવવાની જરૂર હતી. પરંતુ તેઓ કરી શક્યા નહીં. ટીમ માટે કેટલીક સારી ક્ષણો પણ હતી. પરંતુ હું સમજી શકતો નથી કે અશ્વિનને શા માટે બહાર રાખવામાં આવ્યો હતો. ટીમનો જ્યારે તે હવે વિશ્વનો નંબર વન ટેસ્ટ બોલર છે.' 'મેં મેચ પહેલા પણ કહ્યું હતું કે પ્રતિભાશાળી સ્પિનરો હંમેશા ટર્નિંગ વિકેટ પર નિર્ભર નથી હોતા. તેઓ બાઉન્સ અને ગતિમાં ભિન્નતા સાથે વિકેટનો ઉપયોગ કરે છે. એ પણ ન ભૂલવું જોઈએ કે ઓસ્ટ્રેલિયાના ટોચના 8 બેટર્સમાંથી 5 ડાબોડી હતા.' તેંડુલકરે આ પ્રશ્ન પણ ઉઠાવ્યો હતો કારણ કે વર્તમાન WTC સિઝનમાં અશ્વિને 13 ટેસ્ટમાં 61 વિકેટ ઝડપી છે. ગાવસ્કરે કહ્યું- તેણે ઓફ સ્ટમ્પની બહાર બોલ પર શોટ કેમ રમ્યો ગાવસ્કરે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું, 'કોહલીનો શોટ ખરાબ હતો. તે પૂછવાને બદલે, તમે કોહલીને પૂછો કે તે શોટ કયો હતો.

# ચીનની પોલીસે લિયોનેલ મેસ્સીની અટકાયત કરી, શું છે બેઈજિંગ એરપોર્ટ પરથી સામે આવેલા વીડિયોનું સત્ય ?

લંડન તા 13



એક વીડિયો ચાલી રહ્યો છે જેમાં લિયોનેલ મેસ્સી બેઇજિંગ એરપોર્ટ પર ચીની પોલીસકર્મીઓ દ્વારા ઘેરાયેલો છે. જાણે કે તે તેમની કસ્ટડીમાં હોય? પરંતુ જે જોવા મળી રહ્યું છે તે ખરેખર કંઈક આવું છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો જોરશોરથી ચાલી રહ્યો છે. આ વીડિયો લિયોનેલ મેસ્સીનો છે. નામ લીધા પછી તેની બાકીની ઓળખાણ કહેવાની જરૂર નથી. પરંતુ, હજુ પણ એવા અહેવાલો છે કે ચીની પોલીસે તેને કસ્ટડીમાં લીધો અને તેની પૂછપરછ કરી. વીડિયોમાં જે દેખાય છે તેના પરથી પણ એવું જ જણાય છે. મેસ્સી બેઇજિંગ એરપોર્ટ પર ચીની પોલીસકર્મીઓથી ઘેરાયેલો છે. જાણે કે તે તેમની કસ્ટડીમાં હોય ? પરંતુ જે જોવા મળી રહ્યું છે તે ખરેખર કંઈક આવું છે. આ માટે પાછળનું સત્ય જાણવું જરૂરી છે. મામલાની સંપૂર્ણ સત્યતા જાણવા માટે એ જાણવું જરૂરી છે કે મેસ્સી ચીન કેમ ગયો ? આંતરરાષ્ટ્રીય ફૂટબોલના આ સુપરસ્ટારને આર્જેન્ટિના અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ફ્રેન્ડલી મેચ માટે ચીન જવું પડ્યું. પરંતુ, જ્યારે તે આ માટે બેઇજિંગ એરપોર્ટ પર ઉતર્યો ત્યારે ત્યાં ઉભી રહેલી પોલીસે તેને બહાર નીકળતા અટકાવ્યો હતો. ભૂલથી અવ્યવસ્થા સર્જાઈ

હવે આવું કેમ થયું ? તો મેસીએ પોતે કરેલી એક ભૂલને કારણે આવું બન્યું છે. વાસ્તવમાં મેસી પાસે આર્જેન્ટિના અને સ્પેન બંનેનો પાસપોર્ટ છે. પરંતુ તે ભૂલથી પોતાનો સ્પેનિશ પાસપોર્ટ ચીન લઈ આવ્યો હતો. આ મામલે ઘણો હંગામો થયો હતો, જેના કારણે મેસ્સીને પોલીસે એરપોર્ટ પર થોડો સમય રોક્યો હતો. મામલો ઉકેલાયા બાદ મેસ્સીને વિઝા આપવામાં આવ્યો અને તે એરપોર્ટની બહાર આવ્યો. મેસ્સી 15 જૂને બેઇજિંગ ચીન મુલાકાત છે. આર્જેન્ટિના અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ફ્રેન્ડલી મેચની વાત કરીએ તો તે 15 જૂને બેઈજિંગમાં રમાશે. સારી વાત એ છે કે એરપોર્ટના કડવા અનુભવ બાદ ત્યાંથી બહાર નીકળ્યા બાદ મેસ્સીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# બ્રાયન લારાએ WTC ફાઈનલ બદલવાની રોહિત શર્માની માગની ઉડાવી મજાક



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં હાર્યા બાદ રોહિત શર્માએ ICC પર સવાલો ઉઠાવ્યા હતા, જે બાદ દિગ્ગજ ક્રિકેટરોએ આના પર પોતાન અભિપ્રાય આપ્યા છે, તો બ્રાયન લારાએ રોહિતના નિવેદન પર નિશાન સાધ્યું છે. કેપ્ટન રોહિત શર્માની આગેવાનીમાં ટીમ ઈન્ડિયાનું સપનું તૂટી ગયું હતું. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રોહિતની ટીમને ઓસ્ટ્રેલિયાના હાથે 209 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ફાઈનલમાં બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ ત્રણેય ડિપાર્ટમેન્ટમાં ઓસ્ટ્રેલિયાએ દબદબો જમાવ્યો હતો. ટાઈટલ મેચ હાર્યા બાદ ભારતીય કેપ્ટને ટીમની હાર અંગે પણ વાત કરી હતી, પરંતુ આ દરમિયાન તેણે ICC પર સવાલો પણ ઉઠાવ્યા હતા. જેના પર ક્રિકેટ જગતમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. ફાઈનલ બાદ પ્રેસ કોન્ફરન્સમાં રોહિતે જૂનમાં ફાઈનલ રમાડવા પર સવાલ ઉઠાવ્યા હતા. જે બાદ બ્રાયન લારા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી બાદ તે ભારતીય કેપ્ટન પર નિશાન સાધતો જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં રોહિતે કહ્યું હતું કે શા માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જૂનમાં જ યોજવામાં આવે. તેણે કહ્યું કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માર્ચમાં પણ યોજાઈ શકે છે. ફાઈનલ ઈંગ્લેન્ડની બહાર કોઈપણ અન્ય દેશમાં પણ રમાઈ શકે છે.

**રોહિત ભારતને એશિયાનો બાદશાહ પરંતુ વિશ્વ ટુર્નામેન્ટ જીતી શક્યો નહીં**

# શું હવે વિરાટ-રોહિત યુગમાંથી આગળ વધવાનો સમય આવ્યો છે બંનેની કેપ્ટનશિપમાં ICCની 6 ટૂર્નામેન્ટ રમ્યા, એક પણ ટ્રોફી જીતી શક્યા નથી

ઓસ્ટ્રેલિયાએ રવિવારે ભારતને હરાવી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટ્રોફી કબજે કરી હતી. ઓસ્ટ્રેલિયા સામે એકતરફી હાર બાદ ભારતીય ટીમ અને તેના નેતૃત્વ પર ઉઠેલા સવાલો વધુ મજબૂત બન્યા છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ભારતીય ક્રિકેટના બે સૌથી મોટા સ્ટાર્સ છે. વર્ષ 2016 પછી યોજાયેલી 6 ICC ટૂર્નામેન્ટમાં ભારતે તેની કેપ્ટનશીપ હેઠળ ભાગ લીધો હતો, પરંતુ તેમાંથી કોઈમાં સફળતા મળી નથી. આ બંને પહેલા ટીમના લીડર મહેન્દ્ર સિંહ ધોની હતા. તેમના નેતૃત્વમાં ભારતે 3 ICC ટ્રોફી જીતી હતી. છેલ્લી ટાઈટલ જીત 2013માં ચેમ્પિયન્સ ટ્રોફીના રૂપમાં મળી હતી. ત્યારથી ભારતની ટ્રોફી કેબિનેટ ખાલી છે. ધોની તેની કેપ્ટનશિપના છેલ્લા ત્રણ વર્ષમાં એકપણ ટાઈટલ જીતી શક્યો નથી. તેના ગયા પછી ભારતીય ચાહકોને આશા હતી કે વિરાટ કોહલીના આગમનથી ટ્રોફીનો દુષ્કાળ ખતમ થઈ જશે. કોહલી બાદ રોહિત શર્મા સાથે આ આશા બંધાઈ હતી પરંતુ બંને ટાઈટલની સફળતા મેળવી શક્યા ન હતા.



### વિરાટની કેપ્ટનશિપમાં બે ફાઈનલ હારી

કેપ્ટન તરીકે મેચો જીતવાના મામલે કોહલીનો રેકોર્ડ શાનદાર રહ્યો છે, પરંતુ તે મોટી ટુર્નામેન્ટમાં ટીમને સફળતા અપાવી શક્યો નથી. વિરાટે 213 આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતની કેપ્ટનશિપ કરી અને 135માં ટીમને જીત અપાવી. માત્ર 60માં હારનો સામનો કરવો પડ્યો હતો. 3 મેચ ટાઈ, 11 ડ્રો અને 4માં પરિણામ નહી. જીત/હારની સરેરાશ 2.250 હતી. એટલે કે તેની કેપ્ટનશીપમાં ભારતે હારેલી મેચોની સંખ્યાથી બમણી કરતા પણ વધુ મેચ જીતી હતી. જોકે, સુકાની વિરાટ માટે આઈસીસી ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતવું સપનું બનીને રહી ગયું. હા, તેણે જુનિયર સ્તરે અંડર-19 વર્લ્ડ કપ ચોક્કસપણે જીત્યો છે.

### IPLમાં રોહિતનો ટ્રેક રેકોર્ડ શાનદાર રહ્યો હતો

રોહિત IPLમાં વિરાટ કરતા ઘણો આગળ નીકળી ગયો હતો. રોહિતે મુંબઈ ઈન્ડિયન્સને 5 ટાઈટલ જીત્યા હતા. એશિયા કપ જીત્યા બાદ ચાહકો રોહિત શર્માની ICC ટૂર્નામેન્ટની પણ રાહ જોઈ રહ્યા હતા. વિરાટ કોહલીએ કેપ્ટન્સી છોડતાની સાથે જ 2021માં રોહિતને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. રોહિતના કેપ્ટન બનતાની સાથે જ ટીમ ઈન્ડિયાના ચાહકોને ICC ટ્રોફીની આશાઓ દેખાવા લાગી હતી, પરંતુ રોહિતની કેપ્ટનશીપમાં પણ ભારત ખાલી હાથ રહ્યું હતું. ટીમ ઈન્ડિયા 2021 T20 વર્લ્ડ કપમાં સેમીફાઈનલમાં પણ નથી પહોંચી શકી. એટલે કે વિરાટ ભારતને બે ટૂર્નામેન્ટની ફાઈનલમાં લઈ ગયો.

### રોહિતની ટીમ મોટી મેચોમાં દબાણમાં આવે છે

વિરાટની જેમ રોહિત પણ મેચ જીતવામાં ઘણો સફળ રહ્યો છે. તેમના નેતૃત્વમાં ભારતે 84 આંતરરાષ્ટ્રીય મેચોમાંથી 62 જીતી છે. 21માં જ હાર મળી. 1 મેચ ડ્રો રહી છે. રોહિતની જીત/હારની સરેરાશ 2.952 છે, જે વિરાટ (2.250) કરતા પણ સારી છે.

પરંતુ મોટી ટુર્નામેન્ટની મોટી મેચમાં તેની ટીમ ફ્લોપ રહી હતી. 2021 T20 વર્લ્ડ કપ એ ICC ટૂર્નામેન્ટમાં રોહિતની પ્રથમ મોટી કસોટી હતી. ઈંગ્લેન્ડે સેમિફાઈનલમાં ભારતને 10 વિકેટે કારમી હાર આપી હતી. બીજો પડકાર WTCની અગાઉની ફાઈનલનો હતો. આપણે બધા જાણીએ છીએ કે આનું પરિણામ શું આવ્યું.

**કોહલી અને રોહિત શર્મા છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ભારતીય ક્રિકેટના બે સૌથી મોટા સ્ટાર્સ છે**

### વીડિયોમાં નામની સાથે ફોટા પણ બતાવવામાં આવ્યા છે

# વધતા પડકારો: પાક.ના નારાજ સેના અધિકારી આતંકવાદી સંગઠનમાં જોડાયા

કરાંચી તા 13

પાકિસ્તાનમાં સેના અને સુરક્ષાદળોને નિશાન બનાવનાર આતંકી સંગઠન તહરિક-એ-તાલિબાન પાકિસ્તાન મજબૂત બની રહ્યું છે. સરકારીની નીતિઓથી અસંતુષ્ટ એવા સેનાના અધિકારીઓ તેની સાથે જોડાઈ રહ્યા છે. બળવાખોરોમાં સેનાની સાથે નેવી અને એરફોર્સના અધિકારીઓ પણ આતંકી સંગઠનને સમર્થન આપી રહ્યા છે. ટીટીપીએ આ લોકોના નામ જેહાદી ચેનલ 'તકબીર મીડિયા'માં પર વીડિયો મારફતે જાહેર કર્યા છે. વીડિયોમાં નામની સાથે ફોટા પણ બતાવવામાં આવ્યા છે. એક સુરક્ષા વિશ્લેષકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ટીટીપીએ અબ્બાસીના નામને ગુપ્ત રાખ્યું છે. અબ્બાસીની તાલિબાન સાથેની સાંઠગાંઠ વિશેની માહિતી તે સમયે પણ જાહેર કરાઈ ન હતી જ્યારે તેને કોર્ટ માર્શલ કરાયું હતું. બળવાના નિષ્ફળ પ્રયાસને તેને "ઓપરેશન ખિલાફ" નામ આપ્યું હતું



### ભારતીય ચોકીઓ પર હુમલો કરનાર મેજર જનરલ સામેલ

આ યાદીમાં મેજર જનરલ (નિવૃત્ત) ઝહીર ઉલ ઈસ્લામ અબ્બાસીનું નામ પણ સામેલ છે. સિયાચીન વિસ્તારમાં પોસ્ટિંગ દરમિયાન તેણે ભારતીય સેનાની ચોકીઓ પર હુમલાની યોજના બનાવી અને તેને અંજામ આપ્યો. અબ્બાસીને 1995માં બેનઝીર ભુટ્ટોની સરકાર સામે બળવાના પ્રયાસમાં સામેલ થવા બદલ 7 વર્ષની સજા થઈ હતી. બીજી તરફ એક સુરક્ષા વિશ્લેષકે પ્રતિબંધિત ટીટીપીમાં સામેલ સેનાના જવાનો મુદ્દે ચિંતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ તાલિબાનો દ્વારા અધિક સશસ્ત્રદળોના કર્મીઓની ભરતી કરવાનો એક પ્રયાસ છે. અદનાન રાશિદ કેટલો ઘાતક હતો તે આપણે જોઈ ચૂક્યા છીએ.

### પૂર્વ અધિકારી સાથે ટીટીપીની ચેનલ તકબીર મીડિયા

તકબીર મીડિયા ટીટીપીમાં સામેલ થયેલા પૂર્વ એરફોર્સ અધિકારી અદનાન રશીદ સાથે જોડાયેલ હોવાનું મનાય છે. રશીદ 2003માં તત્કાલીન રાષ્ટ્રપતિ અને આર્મી ચીફ જનરલ પરવેઝ મુશર્રફ પર થયેલા હુમલામાં પણ સામેલ હતો. વઝીરિસ્તાનમાં એક ઓપરેશનમાં ધરપકડ થઈ હતી. ત્યારબાદ તેને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. તેને તાલિબાન દ્વારા જેલ બ્રેકમાં છોડાવવામાં આવ્યો હતો.આર્મી મેજર અરશદ, નાઈક ઉસ્માન અકીલ, મેડિકલ કોર્પ્સ જુનિયર ટેક્નિશિયન ઝહીર, જુનિયર ટેક નિયાઝ મુહમ્મદ, અબ્દુલ રઉફ, ઈસ્લામ સિદ્દીકી. નેવી: લેફ્ટનન્ટ. અવૈસ ઝાકરાણી, લે. ઝીશાન રફીક, અબ્દુલ વદુદ. એરફોર્સ: ચીફ ટેક ખાલિદ મેહમૂદ, અર્ધલશ્કરી કોન્સ્ટેબલ મલક.

**ન્યૂઝ કોર્નર**

### પરમાણુ બોમ્બના ઢગલા પર બેઠી છે દુનિયા

ચીને પરમાણુ હથિયારોના મામલે મોટી છલાંગ લગાવી છે. SIPRIના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર ચીને એક વર્ષમાં 60 નવા પરમાણુ બોમ્બ બનાવ્યા છે. આ ભારત અને પશ્ચિમી દેશો માટે મોટો ખતરો છે. તે જ સમયે, રાજકીય અને આર્થિક અસ્થિરતાના યુગમાં ચાલી રહેલ પાકિસ્તાન પણ સતત પરમાણુ બોમ્બ બનાવી રહ્યું છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ એટલે કે SIPRIના લેટેસ્ટ રિપોર્ટમાં આ મોટો ખુલાસો થયો છે. SIPRIએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે હાલમાં વિશ્વમાં 12,512 એટમ બોમ્બ છે.

### બ્રિટનના નોટિંગહામશાયરમાં 3 વ્યક્તિની હત્યા, 31 વર્ષીય આરોપીની ધરપકડ

બ્રિટનના નોટિંગહામશાયરમાં મંગળવારે ત્રણ લોકોની હત્યા કરવામાં આવી હતી. બ્રિટનના સમય અનુસાર આ ઘટના સવારે લગભગ 4 વાગ્યે બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, 31 વર્ષીય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, બે લોકોના મૃતદેહ રસ્તાની બાજુમાંથી મળ્યા હતા, જ્યારે ત્રીજો મૃતદેહ રસ્તાથી થોડા અંતરે મળ્યો હતો.

આ સિવાય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને સ્થળ પર તહેનાત કરવામાં આવી છે.

### કારની ટક્કર, ગોળીબાર અને સ્ટેબિંગની ઘટનામાં અનેક ઘાયલ

ન્યૂયોર્કના સિરાક્યુઝ વિસ્તારમાં રવિવારે સવારે એક સ્ટ્રીટ પાર્ટી દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં 13 લોકો ઘાયલ થયા છે. સિરાક્યુઝ પોલીસે જણાવ્યું હતું કે ડેવિસ સ્ટ્રીટના 100 બ્લોકની નજીકની સ્ટ્રીટ પાર્ટીમાં 100 થી વધુ લોકોએ હાજરી આપી હતી. આ દરમિયાન કોઈ મુદ્દે હિંસા થઈ હતી અને પછી ચાકુ અને બંદૂકનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. હિંસામાં ગોળી વાગવાથી 4 લોકો ઘાયલ થયા છે, છરા અને કારની ટક્કરથી 3 લોકો ઘાયલ થયા છે. કેસની તપાસ ચાલી રહી છે. પોલીસે જણાવ્યું કે ઘાયલોમાં 3 પુરુષ અને 10 મહિલાઓનો સમાવેશ થાય છે.

### સેક્સ સ્કેન્ડલ્સ અને ટેક્સ ફ્રોડને કારણે ખુરશી ગુમાવી

## ઈટલીના પૂર્વ વડાપ્રધાન બર્લુસ્કોનીનું નિધન: 17 વર્ષ સુધી સત્તા સંભાળી

રોમ તા 13

1994 થી 2011 સુધી ઈટલીના વડાપ્રધાન રહેલા સિલ્વીયો બર્લુસ્કોનીનું સોમવારે નિધન થયું હતું. તેમને 9 વર્ષથી બ્લડ કેન્સર હતું. સિલ્વિયોની ફોર્ઝા પાર્ટી પણ ઈટાલીની વર્તમાન સરકારમાં સહયોગી છે. 'લા ઈટાલિયા'ના એક રિપોર્ટ અનુસાર - 2011માં ખુરશી ગુમાવ્યા બાદ બર્લુસ્કોનીની ખ્યાતીમાં ઘટાડો થયો હતો. તેમના પર સેક્સ સ્કેન્ડલ, ભ્રષ્ટાચાર અને ટેક્સ ફ્રોડના ઘણા આરોપો લાગ્યા હતા. આ હોવા છતાં, બર્લુસ્કોનીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું - હું રાજકારણ જાણું છું, કારણ કે એક મીડિયા ટાયકૂન તરીકે મેં નેતાઓને ખૂબ નજીકથી સમજ્યા છે.

2017માં પણ તેણે પુનરાગમન કરવાનો પ્રયાસ કર્યો અને ગઠબંધન કર્યું. તે હાલમાં સત્તામાં છે. આમ છતાં તેઓ ફરીથી વડાપ્રધાન ન બની શક્યા કારણ કે તેમના પર ઘણા કેસ ચાલી રહ્યા હતા. 1936માં જન્મેલા બર્લુસ્કોનીએ શરૂઆતમાં પ્રોપર્ટી ડેવલપમેન્ટમાં કામ કર્યું હતું. આ પછી મીડિયાસેટ નામની બ્રોડકાસ્ટિંગ કંપનીની રચના કરવામાં આવી.



બર્લુસ્કોની ખૂબ ધનિક હતા. તેનું ઉદાહરણ એ છે કે 1986 થી 2017 સુધી તેમની કંપની એસી મિલાન જેવી અબજ ડોલરની ફૂટબોલ ક્લબ ચલાવી હતી. 1993માં તેમણે ફોર્ઝા ઈટાલિયા પાર્ટી બનાવી અને થોડા વર્ષો પછી વડાપ્રધાન બન્યા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને બર્લુસ્કોની સારા મિત્રો હતા.

રાજીનામું આપવા માટે મજબુર કરાયા બર્લુસ્કોની ત્રણ વખત વડાપ્રધાન રહ્યા હતા. જ્યારે તેઓ 2001 થી 2006 સુધી વડાપ્રધાન હતા, ત્યારે તેમણે ઈટલીના નાણાકીય ક્ષેત્રને યુરોપમાં સૌથી શક્તિશાળી બનાવ્યું હતું. 2008માં, તેઓ ત્રીજી વખત વડાપ્રધાન બન્યા, પરંતુ ઈટલી, જે યુરોપની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાંનું એક હતું, અચાનક નાણાકીય સંકટમાં ફસાઈ ગયું. બર્લુસ્કોનીના અનેક સેક્સ સ્કેન્ડલ્સ સામે આવ્યા હતા. ટેક્સ ફ્રોડના પુરાવા પણ મળી રહ્યા છે. રાજકીય દબાણ હેઠળ તેમણે રાજીનામું આપ્યું હતું. ઈટલીના આ વડાપ્રધાનના ચાહકો તેને કિંગમેકર કહીને બોલાવતા રહ્યા.

### સૌથી ખતરનાક તબક્કા તરફ આગળ વધી રહ્યું છે

## ભારત કરતાં વધુ ઝડપી પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે ચીન-પાકિસ્તાન

ચીન| તા.13

ચીન અને પાકિસ્તાને તેમના પરમાણુ હથિયારોની સંખ્યામાં ભારત કરતાં વધુ ઝડપથી વધારો કર્યો છે. આ દાવો સ્વીડિશ થિંક ટેન્ક SIPRI દ્વારા કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ચીને પોતાના શસ્ત્રાગારમાં 60 પરમાણુ હથિયારો અને પાકિસ્તાને 5 પરમાણુ હથિયારો ઉમેર્યા છે. જ્યારે ભારતે 4 નવા પરમાણુ હથિયારો વિકસાવ્યા છે. રિપોર્ટ અનુસાર ઓપરેશનલ ન્યુક્લિયર વેપનનો સ્ટોક માત્ર એશિયામાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સતત વધી રહ્યો છે. માનવતા સૌથી ખતરનાક તબક્કામાંથી પસાર થઈ રહી છે. વિશ્વમાં 12,512 પરમાણુ શસ્ત્રો




વિશ્વમાં હવે 12,512 પરમાણુ શસ્ત્રો છે. તેમાંથી 9576 હુમલો કરવા માટે તૈયાર છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે 86 પરમાણુ હથિયારો વધ્યા છે. ચીને સમગ્ર વિશ્વમાં તેમના પરમાણુ શસ્ત્રોના સ્ટોકમાં ઝડપથી વધારો કર્યો છે. શીત યુદ્ધના અંત પછી, વિશ્વમાં પરમાણુ હથિયારોમાં ઝડપથી ઘટાડો થયો. હવે આ ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. પરમાણુ હથિયારોની રેસ ફરી શરૂ થઈ છે.

### પાકિસ્તાનને રશિયા સાથે સબંધ પણ સુધારવા છે

પાકિસ્તાનની આ બેવડી નીતિ દુનિયા સમક્ષ ખુલ્લી પડેલી છે ત્યારે દેશના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યુ હતુ કે, પાકિસ્તાન આ યુધ્ધમાં તટસ્થ છે. પાકિસ્તાન તમામ દેશો સાથે સારા સબંધો રાખવા માંગે છે પણ મારી ઈચ્છા છે કે, રશિયાની સરકાર સાથે અમારા સબંધ વધારે મજબૂત બને. રશિયા સાથે અમારે સહયોગ વધારવો છે. બિલાવલે આપેલા આ નિવેદન પહેલા પાકિસ્તાની સેનેટના ચેરમેન સાદિક સંજરાનીએ રશિયાને લઈને ટિપ્પણી કરી હતી.તેમણે કહ્યુ હતુ કે, પાકિસ્તાનના વેપારી તેમજ ઉદ્યોગ સમુદાયે રશિયા સાથે વેપારી સબંધો વિકસાવવામાં રસ દાખવ્યો છે.

### પહેલા મહાકાલ પછી પશુપતિનાથ, નેપાળના નાસ્તિક પીએમ મંદિરોમાં કેમ માથું ટેકવે છે ?

નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અચાનક મંદિરો લાવવાનું શરૂ કરી દીધું છે. તેમની છબી એક એવા નેતાની છે જે મંદિરમાં જવામાં માનતા નથી. પહેલા મહાકાલ પછી પશુપતિનાથ, નેપાળના નાસ્તિક પીએમ મંદિરોમાં કેમ માથું ટેકવે છે ? નેપાળમાં એક અલગ જ પવન ફૂંકાવા લાગ્યો છે. જે વ્યક્તિની ઓળખ નાસ્તિક તરીકેની હતી. જે વ્યક્તિ પર આરોપ છે કે તેની ઉશ્કેરણી પર નેપાળમાં ડઝનબંધ મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા.એ જ વ્યક્તિ આજે દરેક મંદિરમાં માથું ટેકવે છે. અમે વાત કરી રહ્યા છીએ નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'ની. નેપાળી પીએમે રવિવારે એક દિવસ પહેલા આખા દેશને ચોંકાવી દીધા હતા.

### સરકાર સુધી પહોંચાડવામાં ટ્વિટરે મહત્વની ભૂમિકા ભજવી છે

## ખેડૂત આંદોલનને લઈને જેક ડોર્સીનો મોટો દાવો, કહ્યું 'સરકારે ટ્વિટર પર દબાણ કર્યું હતું

અમેરિકા | તા.13

ગયા વર્ષે ટ્વિટરના બોર્ડમાંથી રાજીનામું આપનાર ડોર્સીને પૂછવામાં આવ્યું હતું કે શું તેમને વિદેશી સરકારોના દબાણનો સામનો કરવો પડ્યો હતો. હામાં જવાબ આપતાં તેમણે ભારતનું નામ લીધું અને ખેડૂત આંદોલનની યાદ અપાવી.ખેડૂત આંદોલનને લઈને જેક ડોર્સીનો મોટો દાવો, કહ્યું 'સરકારે ટ્વિટર પર દબાણ કર્યું હતું'ટ્વિટરના સહ-સ્થાપક જેક ડોર્સીએ (jack dorsey) દાવો કર્યો છે કે ખેડૂતોના આંદોલન દરમિયાન સરકારની ટીકા કરનારાઓના એકાઉન્ટ બ્લોક કરવા દબાણ કરવામાં આવ્યું હતું. ટ્વિટરને આ માટે ઘણી વિનંતીઓ મળી હતી. ઈન્ટરનેટના આજના યુગમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કોમ્યુનિકેશનમાં મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. જો કોઈ મુદ્દા પર કોઈની ઝડપી પ્રતિક્રિયા જાણવી હોય, તો આજના સમયમાં સૌથી



પહેલા તેમનું ટ્વિટર એકાઉન્ટ સર્ચ કરવામાં આવે છે. આ માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. ભારતમાં ખેડૂત આંદોલન સહિત અનેક મુદ્દાઓ પર લોકોની વાત જનતા કે સરકાર સુધી પહોંચાડવામાં ટ્વિટરે મહત્વની ભૂમિકા ભજવી છે. હવે ટ્વિટરના કો-ફાઉન્ડર જેક ડોર્સીએ મોટો દાવો કર્યો છે, જેનો વીડિયો યુથ કોંગ્રેસના નેતાએ શેર કર્યો છે.ડોર્સીના દાવાને લઈને હવે રાજકારણ શરૂ થઈ ગયું છે. યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીનિવાસ બીવીએ તેમના ટ્વિટર હેન્ડલથી ડોર્સીની તે મુલાકાતની ક્લિપ શેર કરી છે.

### પંજાબ પોલીસે ભારતીય વિદ્યાર્થીઓના દેશ નિકાલ પર SITની રચના કરી

વિદ્યાર્થીઓએ કહ્યું કે તે સંપૂર્ણપણે નિર્દોષ છે. 29 મેના રોજ તેઓએ તેમના મુદ્દાને લઈને કેનેડાના મિસિસાઉગા, ટોરોન્ટોમાં કેનેડિયન બોર્ડર સિક્યોરિટી એજન્સી (CBSA) હેડ ઓફિસના ગેટ પર વિરોધ શરૂ કર્યો. પંજાબ પોલીસે કેનેડામાંથી વિદ્યાર્થીઓના દેશનિકાલની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. જણાવી દઈએ કે લુધિયાણા રેન્જના આઈજી કૌસ્તુભ શર્મા આ મામલાની તપાસ કરશે. આ મામલો 700 વિદ્યાર્થીઓ સાથે સંબંધિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર જલંધરમાં તેમના એજન્ટે તેમને 'બનાવટી ઑફર લેટર' આપ્યો, જેના કારણે તે દેશનિકાલનો સામનો કરી રહ્યો છે. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર તેઓ શરૂઆતમાં આ છેતરપિંડીથી અજાણ હતાવિદ્યાર્થીઓએ કહ્યું કે તે સંપૂર્ણપણે નિર્દોષ છે. 29 મેના રોજ તેઓએ તેમના મુદ્દાને લઈને કેનેડાના મિસિસાઉગા, ટોરોન્ટોમાં કેનેડિયન બોર્ડર સિક્યોરિટી એજન્સી (CBSA) હેડ ઓફિસના ગેટ પર વિરોધ શરૂ કર્યો.

### વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી લોકશાહીઓ વચ્ચેનો અનોખો સંબંધ

## પીએમ મોદીની મુલાકાત મહત્વની, યુએસએ કહ્યું – તે ભારતનું વધતું મહત્વ દર્શાવે છે

વૉશિંગ્ટન | તા.13

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પીએમ મોદી તેમના ચાર દિવસીય પ્રવાસ દરમિયાન અમેરિકી સંસદને સંબોધિત કરશે. આ સિવાય પીએમ મોદી અન્ય ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. PM Modi America Visit: વડાપ્રધાન નરેન્દ્ર મોદી 21 થી 24 જૂન સુધી અમેરિકાના પ્રવાસે છે. સમગ્ર વિશ્વની નજર પીએમ મોદીની આ મુલાકાત પર ટકેલી છે. ભારત અને અમેરિકાના સંબંધોની સાથે સાથે આ મુલાકાતને અન્ય ઘણી રીતે પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પીએમની આ મુલાકાત અંગે અમેરિકાના વરિષ્ઠ રાજદ્વારી અતુલ કેશપે કહ્યું છે કે આ પ્રવાસ વૈશ્વિક મંચ પર ભારતના વધતા મહત્વ અને અમેરિકા વચ્ચેના ગાઢ સંબંધોને પણ દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો. યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુએસઆઈબીસી) ના પ્રમુખ કેશપે કહ્યું છે કે પીએમ



મોદીની યુએસ મુલાકાત ખરેખર ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે ભારતથી યુનાઈટેડ સ્ટેટ્સની માત્ર ત્રીજી રાજ્ય મુલાકાત હશે. તેમણે વધુમાં કહ્યું કે આ અમેરિકા અને ભારતના લોકો વચ્ચેની મિત્રતા અને વિશ્વાસનું પ્રતિબિંબ છે. છેલ્લી બે રાજ્ય મુલાકાતો વિશે વાત કરીએ તો, પ્રથમ મુલાકાત જૂન 1963માં તત્કાલિન રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણન અને નવેમ્બર 2009માં તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહ દ્વારા કરવામાં આવી હતી. હવે આ ત્રીજી વખત છે, જ્યારે અમેરિકા તરફથી રાજ્યની મુલાકાત માટે આમંત્રણ મળ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ તરફથી રાજ્યની મુલાકાત માટે આમંત્રણ મળ્યું પીએમને રાષ્ટ્રપતિ જો બાયડેન અને ફર્સ્ટ લેડી જીલ બાયડેન તરફથી યુએસની સત્તાવાર રાજ્ય મુલાકાત માટે આમંત્રણ મળ્યું છે.

**યુએસ-ઓસ્ટ્રેલિયા સાથે પણ સમાન વર્તન**

### ચીને ભારતના છેલ્લા પત્રકારને પણ દેશ છોડવાનો આદેશ આપ્યો છે

## ભારતીય પત્રકારોને ચીનમાં રહેવાની મંજૂરી નથી

નવી દિલ્હી | તા 13

ચીને ભારતના છેલ્લા પત્રકારને પણ દેશ છોડવાનો આદેશ આપ્યો છે. આ પત્રકાર ન્યૂઝ એજન્સી પીટીઆઈનો છે અને તેના ચીનમાં રોકાણ સાથે સંબંધિત દસ્તાવેજો રિન્યૂ કરવામાં આવ્યા નથી. ચીનનો આરોપ છે કે ભારતમાં તેના પત્રકારો સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવતો નથી. તેથી તેને પણ કડક પગલાં લેવાની ફરજ પડી છે. જોકે સોમવારે ચીનના વલણમાં થોડી નરમાઈ જોવા મળી હતી. તેમના વિદેશ મંત્રાલયે કહ્યું- આશા છે કે બંને દેશ આ તણાવને દૂર કરવા માટે કોઈ મધ્યમ રસ્તો કાઢશે.જો કે ભારત પહેલા અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ આ જ ટ્રીટમેન્ટ કરવામાં આવી છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમણે ચીનની આ હરકતોનો જડબાતોડ જવાબ આપ્યો હતો.



### ચીને ભારત પર આરોપ લગાવ્યો છે

સોમવારે પ્રથમ વખત ચીનના વિદેશ મંત્રાલયે બંને દેશોમાં પત્રકારોને લઈને ચાલી રહેલા તણાવ પર પ્રતિક્રિયા આપી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું- તાજેતરના વર્ષોમાં ભારતમાં ચીની પત્રકારો સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો ન હતો. તે ભેદભાવનો શિકાર બન્યો. આ હોવા છતાં, અમે આશા રાખીએ છીએ કે ભારત અમારા પત્રકારોને વિઝા આપવાનું ચાલુ રાખશે.વાંગે આગળ કહ્યું- અમે એ પણ આશા રાખીએ છીએ કે ભારતમાં અમારા પત્રકારો માટે સર્જાયેલી સમસ્યાઓ દૂર થઈ જશે. બંને દેશોના પત્રકારો એકબીજાના દેશમાં આરામથી કામ કરી શકે તે માટે એવી પરિસ્થિતિઓ બનાવવામાં આવશે.

### ભારત સાથે વાટાઘાટો કરવાની ઓફર

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગે કહ્યું- એ અફસોસની વાત છે કે ભારતે આ મુદ્દાના ઉકેલ માટે કોઈ પગલું ભર્યું નથી. અમે ઈચ્છીએ છીએ કે ભારત સરકાર પરસ્પર સન્માનના આધારે આ મામલો ઉકેલે. અમે ઈચ્છીએ છીએ કે વાતચીત દ્વારા કોઈ ઉકેલ મળે.

## પાક.ના 'મુકેશ અંબાણી' ભારતની કરે છે પ્રશંસા, પાકિસ્તાન સરકારને વખોડી

પાકિસ્તાન તા 13

પાકિસ્તાનની ગરીબીની કહાની કોઈનાથી છુપી નથી. પોતાનું ઘર ચલાવવા માટે કોઈને કોઈની સામે હાથ ફેલાવવો પડે છે. નવી લોન આપવા માટે IMFની સમયમર્યાદા પૂરી થઈ રહી છે. હવે આવી દયનીય પરિસ્થિતિનો સામનો કરવા માટે પાકિસ્તાનીઓ ભારતને યાદ કરવા લાગ્યા છે. હવે પાકિસ્તાનના 'મુકેશ અંબાણી' નામના દેશના સૌથી અમીર વ્યક્તિએ કહ્યું છે કે સંકટની આ ઘડીમાં માત્ર ભારત જ મદદગાર સાબિત થઈ શકે છે. પાકિસ્તાનના સૌથી ધનિક વ્યક્તિ મિયાં મોહમ્મદ મંશાએ ભારતની પ્રશંસાના પુલ બાંધ્યા છે. આ સાથે સરકારને પાડોશી દેશો સાથેના સંબંધો સુધારવાની સલાહ આપવામાં આવી છે. મિયાં મોહમ્મદ મંશાનું કહેવું છે કે પાકિસ્તાને ભારતની મદદ લેવી જોઈએ અને તેની સાથે ફરીથી વેપાર શરૂ કરવો જોઈએ. નહિંતર પરિસ્થિતિ વણસી શકે છે. પાકિસ્તાનના સૌથી મોટા બિઝનેસ ગ્રુપ 'નિશાત ગ્રુપ'ના ચેરમેને 'ધ ડૉન'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે જો આપણે આપણા દેશની અર્થવ્યવસ્થાને આગળ લઈ જવા ઈચ્છીએ છીએ તો મુશ્કેલ નિર્ણયો લેવા પડશે. આપણે પાયાની સમસ્યાઓ ઉકેલવી પડશે. ચીન ભારત સાથે વેપાર કરી શકે છે.

### આખી દુનિયા ભારત પર વિશ્વાસ કરી રહી છે. આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું તમારું લક્ષ્ય છે : PM મોદી

# PM મોદીએ 70 હજાર યુવાનોને નિમણૂંક પત્રો આપ્યા, કહ્યું રોજગાર મેળાઓ NDA સરકારની નવી ઓળખ

નવી દિલ્હી : PM નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લગભગ 70 હજાર જેટલા યુવાનોને નિમણૂંક પત્રો આપ્યા છે. આ યુવાનોને સરકારના વિવિધ વિભાગોમાં નોકરી આપવામાં આવી છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, આ રોજગાર મેળાઓ NDAએ અને ભાજપ સરકારની નવી ઓળખ બની ગયા છે. PMએ કહ્યું મને ખુશી છે કે ભાજપ શાસિત સરકારો પણ આવા રોજગાર મેળાનું સતત આયોજન કરી રહી છે. આ સમયે જે લોકો સરકારી નોકરીમાં આવી રહ્યા છે તેમના માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સમય છે. આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું તમારું લક્ષ્ય છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે મુદ્રા યોજનાએ કરોડો યુવાનોને મદદ કરી છે. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા જેવા



અભિયાનોએ યુવાનોની ક્ષમતામાં વધુ વધારો કર્યો છે. સરકાર તરફથી મદદ મેળવનાર આ યુવાનો હવે પોતે ઘણા યુવાનોને નોકરી આપી રહ્યા છે.રાજકીય ભ્રષ્ટાચાર એ જૂની સરકારોની ઓળખ હતી. આજે ભારતની ઓળખ તેના નિર્ણાયક નિર્ણયથી થાય છે. ભારતે આગામી 25 વર્ષમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું છે. આખી દુનિયા ભારત પર વિશ્વાસ કરી રહી છે. ભારત તમામ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ પોતાની અર્થવ્યવસ્થાને આગળ લઈ રહ્યું છે. વિપક્ષી પાર્ટીઓ પર નિશાન સાધતા પીએમએ કહ્યું દેશમાં ચાલી રહેલા આ રોજગાર અભિયાન પારદર્શિતા અને સુશાસનનો પણ પુરાવો છે. આપણે જોયું છે કે કેવી રીતે આપણા દેશમાં કુટુંબ આધારિત રાજકીય પક્ષોએ દરેક વ્યવસ્થામાં ભાઈ-ભત્રીજાવાદને પ્રોત્સાહન આપ્યું છે. સરકારી નોકરીની વાત આવે ત્યારે પણ તેઓ ભાઈ-ભત્રીજાવાદ અને ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા રહેતા હતા. આ પાર્ટીઓએ દેશના કરોડો લોકો સાથે દગો કર્યો છે. અમારી સરકારે પારદર્શિતા પણ લાવી છે અને અમે ભાઈ-ભત્રીજાવાદ પણ ખતમ કર્યો છે.

## વડાપ્રધાન નરેન્દ્રમોદી લોકસભાની ચૂંટણી તમિલનાડુથી લડે એવા સંકેત

નવી દિલ્હી : દક્ષિણ ભારતમાં ભારતીય જનતા પાર્ટી માટે હમેશા કપરાં ચઢાણ રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે તમિલનાડુથી લોકસભાની ચૂંટણી લડે એવા સંકેત મળી રહ્યા છે. સુત્રોએ જણાવ્યું હતું કે રવિવારે ગૃહ મંત્રી અમિત શાહના તમિલ વડાપ્રધાન બને એવા નિવેદનથી પક્ષની આ સ્ટ્રેટેજીને વધારે બળ મળી રહ્યું છે.વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં વડોદરા અને ઉત્તર પ્રદેશના વારાણસી ખાતેની બન્ને બેઠક જીતી વડાપ્રધાન પદના દાવેદાર તરીકે મોદીએ પોતાની દેશવ્યાપી લોકચાહનાનો પરિચય આપ્યો હતો. આ પછી બીજી વખત પણ તેમણે વારાણસીથી ચૂંટણી જીતી હતી. બન્ને વખતે, બન્ને રાજ્યોમાં નરેન્દ્ર મોદી લોકસભા લડી રહ્યા હોવાથી ભાજપને મોટો ફાયદો થયો હતો. વડાપ્રધાન બન્યા બાદ મોદીએ વારાણસી શહેરની કરેલી કાયાપલટ પણ તેમને ફાયદો કરાવી શકે એમ છે. છેલ્લા પાંચ દાયકાથી તમિલનાડુના રાજકરણ ઉપર ડીએમકે અને એઆઈડીએમકેનું પ્રભુત્વ રહ્યું છે. કોંગ્રેસ કે અન્ય કોઇપણ રાષ્ટ્રીય પક્ષને સ્થાનિક પક્ષ સાથે જ હાથ મિલાવી ચૂંટણી લડવી પડે છે. આ સ્થિતિમાં વડાપ્રધાન પોતે ચૂંટણી લડે તો ભાજપને બહુ મોટો ફાયદો થઇ શકે એવી પ્રાથમિક ગણતરી કરવામાં આવી રહી છે. અમિત શાહે બંધ બારણે થયેલી બેઠકમાં તમિલ વ્યક્તિ વડાપ્રધાન બને કે આગામી વડાપ્રધાન તમિલનાડુમાંથી આવશે એ પ્રકારની વાત કરી છે. આ અંગે ત્યારે કોઈ સ્પષ્ટ ચર્ચા નથી પણ એટલું ચોક્કસ છે કે અગામી ચૂંટણીમાં આ રાજ્યમાંથી સૌથી વધુ બેઠક જીતનાર પક્ષ તરીકે ભાજપ ઉભરી આવે એ માટે તમામ પ્રયાસ થઇ રહ્યા છે.

## ન્યૂઝ કોર્નર

### નીતીશકુમાર વડાપ્રધાનપદની સ્પર્ધામાં નથી 23 જૂનની વિપક્ષી બેઠક પૂર્વે લાલનસિંહે કરેલી જાહેરાત

પટણા : નીતીશકુમાર વડાપ્રધાનપદની સ્પર્ધામાં નથી તેમ જ.દ.(યુ)ના પ્રમુખ લાલનસિંહે રવિવારે સાંજે પત્રકારોને જણાવ્યું હતું. ઉલ્લેખનીય તો તે છે કે ૨૩મી જૂને અહીં યોજાનારી વિરોધ પક્ષોની બેઠક પૂર્વે આ બેઠકના આયોજક નીતીશકુમારના નિકટના સાથી અને જ.દ.(યુ)ના પ્રમુખ લાલનસિંહે આ જાહેરાત કરી છે.

આ સાથે લાલનસિંહે વધુમાં પત્રકારોને જણાવ્યું હતું કે વાસ્તવમાં તેઓ (નીતીશકુમાર) ભારતને ભાજપ મુક્ત કરવા કટિબદ્ધ છે. તેઓ વિપક્ષી એકતાને મજબૂત કરવા માટે પણ કૃતનિશ્ચયી છે. નીતીશકુમાર વડાપ્રધાન તે પ્રકારના સૂત્રોચ્ચારો નહીં કરવા લાલનસિંહે પક્ષના કાર્યકરોને જણાવ્યું હતું.

### ટેકાના ભાવ મુદ્દે પાંચ રાજ્યના ખેડૂતોએ દિલ્હી-ચંડીગઢ હાઇવે જામ કર્યો

કુરુક્ષેત્ર : હરિયાણાના ખેડૂતોએ ટેકાના ભાવને લઈને દિલ્હી-ચંડીગઢ હાઈવે જામ કરી દીધો હતો. કુરુક્ષેત્રમાં ખેડૂતોએ ટેકાના ભાવ મુદ્દે એમએસપી આપો, ખેડૂતો બચાવો નામે મહાપંચાયત યોજી હતી, જે બાદ દિલ્હી-ચંડીગઢ હાઈવે પર મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા હતા અને કલાકો સુધી ચક્કાજામ કર્યો હતો. જેને પગલે હાઈવે પર મોટી સંખ્યામાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. આ મહાપંચાયતમાં હરિયાણા, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાનથી મોટી સંખ્યામાં ખેડૂતો આવ્યા હતા. ખેડૂતોએ પહેલવાનોને બ્રિજ ભુષણની ધરપકડ મુદ્દે સમર્થન આપ્યું હતું તેથી હવે પહેલવાનોએ પણ ખેડૂતોની સમસ્યાને લઈને સમર્થન જાહેર કર્યું હતું.

### ઓડિશાના ટાટા સ્ટીલ પ્લાન્ટમાં ગેસ ગળતર, 19 શ્રમિકો ઈજાગ્રસ્ત

ભુવનેશ્વર : ઓડિશાના મીરમાંડલીમાં ટાટા સ્ટીલ લિમિટેડના એક પ્લાન્ટમાં ગેસ ગળતર થવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં કેટલાક શ્રમિકોને અસર થી છે. કંપનીએ મંગળવારે એક નિવેદનમાં કહ્યું કે, કર્મચારીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઓડિશાની એક ખાનગી ટીવી ચેનલે કહ્યું કે, 19 લોકો ઈજાગ્રસ્ત થયા છે. જોકે ઈજાગ્રસ્ત મામલે હજુ સુધી ટાટા સ્ટીલ દ્વારા પુષ્ટી કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર દુર્ઘટના બાદ શ્રમિકોને તુરંત પ્લાન્ટની હોસ્પિટલ અને કટક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ ઘટના અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

### રામ મંદિર 380 ફૂટ લાંબુ, 250 ફૂટ પહોળુ અને 161 ફૂટ ઊંચુ હશે

# અયોધ્યા: ભવ્ય રામ મંદિરનું નિર્માણકાર્ય અંતિમ તબક્કામાં, આગામી વર્ષે રામલલાની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા



લખનૌ : ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિર નિર્માણ કાર્ય ઝડપથી કરવામાં આવી રહ્યુ છે. રામ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરનું કામ હવે અંતિમ તબક્કામાં છે. દરમિયાન શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય નૃપેન્દ્ર મિશ્રા નિર્માણ કાર્યોનું નિરીક્ષણ કરવા માટે અયોધ્યા પહોંચ્યા. જ્યાં તેમણે નિર્માણ કાર્યની પ્રગતિને લઈને અધિકારીઓ સાથે વાતચીત કરી.

આશા વ્યક્ત કરાઈ રહી છે કે રામ મંદિરનું ભોંયતળિયુ આ વર્ષે ઓક્ટોબર સુધી બનીને તૈયાર થઈ જશે. આગામી વર્ષે જાન્યુઆરીમાં રામ લલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય નૃપેન્દ્ર મિશ્રાએ રામ મંદિર નિર્માણ સ્થળે જઈને જાણકારી મેળવી. નિર્માણ કાર્યની દરરોજ દેખરેખ કરવામાં આવી રહી છે અને કામ ઝડપથી ચાલી રહ્યુ છે. રામ મંદિર ત્રણ માળનું હશે. ગર્ભગૃહમાં રામલલાની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા આગામી વર્ષે જાન્યુઆરીમાં કરવામાં આવશે. આ માટે હાલ તારીખનું એલાન કરવામાં આવ્યુ નથી પરંતુ મકર સંક્રાંતિ બાદ આનું આયોજન થશે તેવુ જણાવાયુ છે. આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રિત કરવામાં આવશે. રામ મંદિર 380 ફૂટ લાંબુ, 250 ફૂટ પહોળુ અને 161 ફૂટ ઊંચુ હશે. કુબેર ટીલે પર શિવ મંદિર અને જટાયુ ભક્તોને આકર્ષિત કરશે. રામ મંદિરમાં સાગના લાકડાના 46 દરવાજા હશે. સાથે જ ગર્ભગૃહનો દરવાજો સુવર્ણજડિત હશે. સાથે જ મંદિરમાં 392 સ્તંભ હશે.

### દમોહની નગર પાલિકાએ સ્કૂલને નોટિસ ફટકારી

# મ. પ્રદેશમાં હિન્દુ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરાવતી સ્કૂલ પર બુલડોઝરની તૈયારી



ભોપાલ : મધ્ય પ્રદેશની એક સ્કૂલમાં હિન્દુ વિદ્યાર્થિનીઓને પણ હિજાબ પહેરાવવામાં આવી રહ્યો હોવાનો મામલો સામે આવ્યો હતો. જે બાદ આ સ્કૂલને સરકાર દ્વારા બંધ કરાવી દેવામાં આવી હતી. હવે એવા અહેવાલો છે કે હવે મધ્ય પ્રદેશની ચર્ચામાં આવેલી ગંગા જમુના સ્કૂલ પર બુલડોઝર પણ ફેરવવામાં આવી શકે છે.

મધ્ય પ્રદેશના દમોહ જિલ્લામાં સ્થિત આ વિવાદિત સ્કૂલની એક ઈમારત ગેરકાયદે બનાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જેને પગલે સ્કૂલને નગરપાલિકા દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે અને અનુમતી વગર આ ઈમારત કેમ ઉભી કરવામાં આવી તેનો ત્રણ દિવસમાં જવાબ આપવા માટે કહ્યું છે. તેથી હવે સ્કૂલે ત્રણ દિવસની અંદર સંતોષકારક જવાબ આપવાનો રહેશે. યોગ્ય જવાબ ન મળે તો આ ગેરકાયદે ઈમારત પર બુલડોઝર ફેરવવાનો નિર્ણય પણ લેવામાં આવી શકે છે.

આ નોટિસ સ્કૂલના આચાર્યાના પતિ રાશિદ ખાનના નામે મોકલવામાં આવી છે. અગાઉ આ જ સ્કૂલમાં હિન્દુ વિદ્યાર્થિનીઓને ફરજિયાત હિજાબ પહેરાવવાનો મામલો સામે આવ્યો હતો. સાથે જ સ્કૂલમાં કેટલાક શિક્ષકોએ હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ અપનાવ્યો હોવાનો આરોપ પણ થઈ રહ્યો છે. જોકે આ આરોપોને સ્કૂલ પ્રશાસન દ્વારા નકારવામાં આવ્યા હતા.

એવામાં મધ્ય પ્રદેશના ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું હતું કે દમોહના વિવાદિત ગંગા જમના સ્કૂલમાં કથિત ધર્માંતરણ મામલે તપાસ ચાલી રહી છે. અને જેવી રીતે ડુંગળીની છાલ ઉતારવામાં આવે છે તેવી જ રીતે આ મામલામાં પણ ઘણુ બહાર આવી રહ્યું છે.

### પુત્રીએ 81 વર્ષના પિતાને પ્રોપર્ટી અને પૈસા માટે માર મારી ગોંધી રાખ્યા

મુંબઇ : પૈસા અને પ્રોપર્ટી માટે વૃદ્ધ માતા-પિતાની સતામણીના કેસમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે. વૃદ્ધોને ભોજનથી વંચિત રાખવા, તિરસ્કૃત કરવા જેવી ઘટના સતત બની રહી છે. આવી જ એક ઘટના સાંતાક્રુઝ વિસ્તારમાં બની છે. જેમાં ફ્લેટ વેચવા અને પૈસા માટે દબાણ લાવવા એક પુત્રીએ વૃદ્ધ પિતાને માર-મારી એક મહિનો બેડરુમમાં ગોંધી રાખ્યા હતા. જોકે વૃદ્ધને મોકો મળતા તેઓ ઘરમાંથી ભાગી છૂટ્યા હતા અને સંબંધીઓને મળી પોતાને આપવામાં આવતા ત્રાસથી અવગત કર્યા હતા. અંતે સાંતાક્રુઝ પોલીસે આ મામલે પુત્રી સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આધરી છે. આ સંદર્ભે ૮૧ વર્ષના પીડિત પિતાએ પોલીસમાં કરેલ ફરિયાદ મુજબ તેઓ પ્રિન્ટીંગનો વ્યવસાય ધરાવતા હતા અને આ વ્યવસાયમાં ઠરીઠામ થઇ તેમણે બાળકોનો ખૂબ જ સરસ ઉછેર કર્યો અને સારું શિક્ષણ આપ્યું હતું.

### ગણપતિ પુલેમાં અચાનક જ ઊંચાં મોજાં ઉછળતાં નાસભાગ

મુંબઈ : રત્નાગીરી પાસેના ગણપતિ પુલે ખાતે પર્યટકો બીચ પર મજા માણી રહ્યા હતા ત્યારે અચાનક જ ઊંચા મોજાં ઉછળી આવ્યાં હતાં. તેનાથી લોકો ડરીને ભાગ્યા હતા. આ નાસભાગના વીડિયો વાયરલ થયા છે. રવિવારે સાંજે મોટી સંખ્યામાં લોકો ગણપતિ મંદિરની બહાર જ બીચ પર ઉમટયા હતા. અચાનક જ એકદમ ઊંચા મોજાં આવવાં શરુ થયાં હતાં. શરુઆતમાં તો લોકોએ મજા માણી હતી પરંતુ આ મોજાં ભયાનક સ્વરુપ ધારણ કરી રહ્યાનું જણાતાં જ ચીચીયારીઓ સાથે નાસભાગ મચી ગઇ હતી. લોકો મોજાંથી બચવા આમતેમ દોડી રહ્યાના વીડિયો વાયરલ થયા હતા. આ વખતે જોકે કોઇ દુર્ઘટના સર્જાઇ ન હતી પરંતુ બીચ પાસેની તમામ દુકાનોમાં દરિયાના પાણી ઘૂસી જતાં વેપારીઓને નુકસાન થયું હતું.

### જુલાઈ 1થી શરૂ થઈ રહેલી યાત્રાની તૈયારીઓ

# અમરનાથના બેઝ કેમ્પને 29 સીસીટીવી કેમેરાથી સજ્જ કરાશે



જમ્મુ : જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાને લઈને તીર્થયાત્રીઓ માટે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. તીર્થયાત્રીઓના મુખ્ય કેમ્પમાં અને તેની આસપાસ ૨૯ સીસીટીવી કેમેરા લગાવવાની સરકારી અધિકારી દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

જમ્મુના ભગવતી નગરમાં તીર્થયાત્રીઓ માટે મુખ્ય કેમ્પ બનાવવામાં આવ્યો છે. અમરનાથની ૩,૮૮૦ મીટરની ઊંચાઈ પર સ્થિત પવિત્ર ગુફા મંદિરના શિવલિંગ પર દર્શન કરવા માટે તીર્થયાત્રીઓ અહીંથી રવાના થાય છે. ૧ જુલાઈના રોજ, બે રસ્તાઓથી શરૂ થવામાં આવનારી યાત્રા માટે અહીં ૨૯ સીસીટીવી કેમેરા અને બે ૩૬૦ ડિગ્રી વિઝનવાળા કેમેરા લગાવવામાં આવશે. આ ક્ષેત્રની સુરક્ષાને ધ્યાને રાખીને પૂરા વિસ્તારમાં ૨૪ કલાક સુધી ઈલેક્ટ્રોનિક રીતે નજર રાખવામાં આવશે. બીજી તરફ, અહીં બોડી સ્કેનર પણ લગાવવામાં આવશે. આ સાથે જ યાત્રીઓની સુવિધા માટે સેન્ટ્રલી એસી રસોઈ હોલ બનાવવામાં આવ્યો છે. મુખ્ય શિબિરની તમામ ઈમારતો અને સેટઅપમાં ક્લોઝ સર્કિટેડ ફાયર હાઈડ્રેટ સિસ્ટમ લગાવવામાં આવશે. બીજી તરફ, સરકારે યાત્રાળુઓના આરોગ્યને લઈને ગાઈડલાઈન ઈશ્યુ કરી છે. અહીં, જંક ફૂડ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

ડઝનથી વધારે વસ્તુઓને યાત્રાળુઓ પોતાની સાથે લઈ જઈ શકશે નહીં. પ્રતિબંધિત ફૂડમાં કોલ્ડ ડ્રિંક,કૂરકૂરે, ડીપ ફ્રાઈડ ખોરાક, જલેબી, હલવા, મિઠાઈ, પૂરી, છોલે-કુલ્ચા, પિઝા, બર્ગર, પેસ્ટ્રી અને પેટિસ જેવા ખોરાકનો સમાવેશ થાય છે.

### નવી મુંબઈના વૃદ્ધાશ્રમમાં એક વૃદ્ધા દ્વારા અન્ય વૃદ્ધાની હત્યા

મુંબઈ : નવી મુંબઈમાં વૃધ્ધાશ્રમમાં ગઈકાલે રાતે માનસિક રીતે બીમાર વૃધ્ધાઓ વચ્ચે થયેલો ઝઘડો જીવલેણ બન્યો હતો. ૬૫ વર્ષીય વૃધ્ધાએ માથા પર સ્ટીલની પ્લેટથી હુમલો કરીને અને બચકા ભરીને સાથે રહેતી ૬૦ વર્ષીય વૃધ્ધાની હત્યા કરી હતી. આ દરમિયાન આરોપીએ અન્ય એક વૃધ્ધા પર પણ હુમલો કર્યો હતો પરંતુ તે દોડીને બાથરૂમ જઈ દરવાજો બંધ કરી દેતા બની ગઈ હતી. આ મામલે વૃધ્ધાશ્રમના કર્મચારીઓ રબાળે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે મનોરોગી વૃધ્ધા કમલ માંડે (ઉં.વ.૬૫) સામે કલમ ૩૦૨ હેઠળ કેસ દાખલ કર્યો હતો. પરંતુ આરોપીની માનસિક હાલત સારી ન હોવાથી તેની ધરપકડ કરવામાં આવી નહોતી. પોલીસે આ કેસમાં વધુ તપાસ આદરી છે.

રબાળે પોલીસ સ્ટેશનના એપીઆઈ કાંબળેએ જણાવ્યું હતું કે 'નવી મુંબઈના ઐરોલી સેકટર નં. ૪માં આવેલા વૃધ્ધાશ્રમમાં રાખવામાં આવેલા નંદા બોબાટે (ઉં.વ.૬૦) અને કમલ માંડે (ઉં.વ.૬૫)નો ગઈકાલે રાતે ઝઘડો થયો હતો.

### ઘંઉમાં ભાવ વધારો રોકવા 2008 પછી ફરી સ્ટોક મર્યાદા

# દેશમાં ઘંઉમાં માર્ચ 2024 સુધી સ્ટોક લિમિટ હોલસેલર માટે 3,000 ટન, રિટેલર માટે 10 ટન



નવી દિલ્હી : દેશમાં ઘઉંના ભાવ વધી જતા તેની સંગ્રહખોરી અટકાવવાના ભાગરૂપ સરકારે તેના પર સ્ટોક લિમિટ લાગુ કરી છે. આ સ્ટોક લિમિટ ૩૧મી માર્ચ, ૨૦૨૪ સુધી લાગુ રહેશે, એમ કેન્દ્ર દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં જણાવાયું હતું. સરકાર ખુલ્લા બજારમાં ૧૫ લાખ ટન ઘઉં પણ વેચવા માટે કાઢશે. સ્ટોક લિમિટ તાત્કાલિક અમલમાં આવે તે રીતે લાગુ કરવામાં આવી છે. દેશના દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ટોક લિમિટ લાગુ રહેશે. નોટિફિકેશન પ્રમાણે ટ્રેડર્સ તથા હોલસેલર માટે ૩૦૦૦ ટન્સ તથા રિટેલરો માટે આ મર્યાદા ૧૦ ટન રખાઈ છે, જ્યારે મોટી રિટેલ ચેઈન માટે તેમના દરેક એકમ દીઠ ૧૦ ટન સ્ટોક લિમિટ રહેશે. આ અગાઉ ૨૦૦૮માં ઘઉં પર સ્ટોક લિમિટ લાગુ કરવામાં આવી હતી.

પ્રોસેસર્સને પણ સ્ટોક લિમિટમાં આવરી લેવાયા છે. સંબંધિતોએ પોતાની સ્ટોક લિમિટ અન્ન તથા જાહેર વિતરણ વિભાગના પોર્ટલ પર જાહેર કરવાની રહેશે. તેમની પાસેનો સ્ટોકસ જાહેર કરાયેલી મર્યાદા કરતા વધુ હોય તો તે ૩૦ દિવસની અંદર લિમિટની અંદર લાવી દેવાનો રહેશે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ટી સ્ટોલ ખાતે કેટરીંગ સેવાઓની આપૂર્તિ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે **નીચે જણાવેલા સ્ટેશનો ખાતે 05 વર્ષના સમયગાળા માટે ટી-સ્ટોલ ખાતે કેટરીંગ સેવાઓની જોગવાઈ** માટે ફુડ અને કેટરીંગ સેવાઓ પ્રદાતાઓ તરફ થી સ્પર્ધાત્મક, સિંગલ સ્ટેજ, બે પેકેટ સિસ્ટમ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નોટીસ નં. | સ્ટેશન | સ્થળ | પ્રતિ વર્ષ રિઝર્વ કિંમત (રૂા.) | અર્નેસ્ટ મની (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1. | C45/GMU/ 2023-24/ SIOB-1 | સામાખ્યાલી<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.1, SM ઓફિસ પાસે, ગાંધીધામ તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,88,871/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **2,07,759/-** + GST લાગુ | ₹ 19,700/- |
| 2. | C45/GMU/ 2023-24/ SIOB-2 | સામાખ્યાલી<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.1, FOB હેઠળ માળીયા મિયાણા તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,82,161/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **2,00,378/-** + GST લાગુ | ₹ 19,000/- |
| 3. | C45/GMU/ 2023-24/ NBVJ-4 | ન્યુ ભુજ<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.1, નલીયા તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,74,240/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **1,91,664/-** + GST લાગુ | ₹ 18,200/- |
| 4. | C45/GMU/ 2023-24/ NBVJ-3 | ન્યુ ભુજ<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.1, કેમા તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,74,240/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **1,91,664/-** + GST લાગુ | ₹ 18,200/- |
| 5. | C45/GMU/ 2023-24/ B-2 | ભુજ<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.2/3, FOB પાસે, કુકમા તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,74,240/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **1,91,664/-** + GST લાગુ | ₹ 18,200/- |
| 6. | C45/GMU/ 2023-24/ BCOB-3 | ભચાઉ<br>**નિર્ધારીત :** સામાન્ય (મહિલાઓ) | પ્લેટફોર્મ નં.1, ગાંધીધામ અંત તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **62,000/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **68,200/-** + GST લાગુ | ₹ 6,500/- |
| 7. | C45/GMU/ 2023-24/ MSH-10 | મહેસાણા<br>**નિર્ધારીત :** સામાન્ય | પ્લેટફોર્મ નં.2/3, FOB પાસે, ભાંડુ મોટીદાઉ તરફ | 1. પ્રથમ ત્રણ વર્ષ માટે ₹ **1,95,750/-** + GST લાગુ<br>2. ચોથા અને પાંચમા વર્ષ માટે ₹ **2,15,325/-** + GST લાગુ | ₹ 20,400/- |

**યુનિટનો પ્રકાર :** ટી-સ્ટોલ, **ટેન્ડર ફોર્મ ફી:** ₹ 5,900/-, **ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા. 14-07-2023 ના 15:00 કલાક સુધી અને તા.14-07-2023 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વ્યવહાર માટે સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) ની ઓફિસ, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે, ચામુંડા માતા મંદિર પાસે, નરોડા રોડ, પોસ્ટ-સૈજપુર બોઘા, અમદાવાદ-382345. **વેબસાઈટ:** www.ireps.gov.in

ADI-062

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા | પશ્ચિમ ભારતમાં યાત્રાળુઓ માટે પરવડે તેવી ધાર્મિક યાત્રા યોજનાઓ

# ભારતીય રેલવે દ. ભારતમાં વિવિધ તીર્થસ્થાનો માટે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન શરૂ કરશે

નવી દિલ્હી : રેલવે મંત્રાલય દ્વારા દેશની મહત્વની ઐતિહાસિક સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થળો સાથે સાથે જોડાયેલ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવા માટે 'ભારત ગૌરવ ટ્રેન' ની શરૂઆત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં દેશભરમાં ભારત ગૌરવ ટ્રેનની 29 ટ્રીપ દોડાવવામાં આવી છે. આ અનોખી પહેલને આગળ વધારતા, ભારતીય રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) દ્વારા 23 જૂન, 2023 ના રોજ સાબરમતી સ્ટેશનથી 'શ્રી રામેશ્વરમ તિરુપતિ દક્ષિણ દર્શન યાત્રા' શરૂ કરવામાં આવશે. આ યાત્રા 08 દિવસ સુધી ચાલશે. વધુ વિગતો અને ઓનલાઈન બુકિંગ માટે કૃપા કરીને www.irctctourism.com/bharatgaurav ની



મુલાકાત લો અથવા 8287931718/9321901849 પર ફોન કરી શકો છો. આ યાત્રા સાબરમતીથી શરૂ થશે અને 7 રાત અને 08 દિવસ (23 જૂનથી 30 જૂન, 2023 સુધી)ના પ્રવાસમાં પાંચ યાત્રાધામોને આવરી લેશે. ટૂર પેકેજની કિંમત સ્ટાન્ડર્ડ 3AC માટે રૂ. 27,500 અને ઈકોનોમી સ્લીપર ક્લાસ માટે રૂ. 15,900 પ્રતિ વ્યક્તિ હશે. ટ્રેનમાં મુસાફરોને તિરુપતિ, રામેશ્વરમ, મદુરાઈ અને કન્યાકુમારીની મુલાકાત લેવાની અનોખી તક મળશે. તમામ રેલ મુસાફરોના લાભ માટે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોના 9 મહત્વના સ્ટેશનો પર બોર્ડિંગ (અને મુસાફરીના અંતે.ઉતરવાની) સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. આ પવિત્ર યાત્રાનો પ્રથમ દિવ્ય હોલ્ટ તિરુપતિ બાલાજી મંદિરના દર્શન માટે રેનિગુંટા સ્ટેશન પર હશે. આ પછી યાત્રા બીજા દિવસે પદ્માવતી મંદિરના દર્શન માટે આગળ વધશે. આગલા દિવસે યાત્રાળુઓ રામેશ્વરમ રેલ્વે સ્ટેશન પહોંચશે અને રામનાથસ્વમ જ્યોતિર્લિંગ મંદિર નાં દર્શન કરશો. આ પછી યાત્રીઓ મીનાક્ષી મંદિરના દર્શન કરવા માટે મદુરાઈ જશે. અંતે, મુસાફરો નાગરકોઈલ સ્ટેશન તરફ આગળ વધશે અને પોતે વિવેકાનંદ રોક મેમોરિયલ, કન્યાકુમારી મંદિર, સનસેટ અને સનરાઈઝ પોઈન્ટ ગાંધી મંડપમ અને કન્યાકુમારી બીચની મુલાકાત લેશે. આ ટ્રેન રેલ મુસાફરોને તેમની મુસાફરી સંબંધિત તમામ જરૂરિયાતોનું ધ્યાન રાખીને સર્વગ્રાહી સેવા પૂરી પાડશે ટૂર પેકેજમાં તમામ પ્રવાસ સુવિધાઓ (રેલ અને રોડ ટ્રાન્સપોર્ટ સહિત), સ્ટાન્ડર્ડ 3એસી માટે એસી બજેટ હોટલમાં રહેઠાણ અને ઈકોનોમી સ્લીપર ક્લાસ માટે નોન-એસી બજેટ હોટલ, ટ્વીન અને ટ્રિપલ શેરિંગ ધોરણે રૂમ, કપડાં ધોવા અને બદલવા, ની સુવિધા કેટરિંગ (સવારની ચા, નાસ્તો, લંચ અને ડિનર - ઓન-બોર્ડ અને ઓફ-બોર્ડ બંને), વ્યાવસાયિક અને મૈત્રીપૂર્ણ ટૂર એસ્કોર્ટ્સની સેવાઓ, ટ્રેનમાં સુરક્ષા - તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 14 JUNE-2023
AHMEDABAD

## ગિફ્ટસિટી બેઝ પોલીસ મથકમાં કર્મચારીઓને બેસવાની સુવિધા નહીં

ગાંધીનગર | શહેર પાસેના ગીફ્ટસિટીમાં સુવિધાઓ વધારવામાં આવી રહી છે. વિશ્વકક્ષાની ગીફ્ટસિટી બનાવવામાં આવી રહી છે. ત્યારે હાલમાં અનેક બિલ્ડીંગો નવી આકાર લઇ રહી છે. તેને જોતા સરકાર દ્વારા ગીફ્ટસિટી પોલીસ મથક બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે ગીફ્ટસિટીમાં બેઝ પોલીસ મથક શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે હાલમાં કાર્યરત પોલીસ કર્મચારીઓને બેસવા માટે ખુરશી પણ નશીબ નથી. તમામ પ્રકારની સુવિધાઓ અભાવ જોવા મળી રહ્યો છે.


## રશિયન યુવતીને પતિ પાસેથી પોલીસે પાસપોર્ટ પરત અપાવ્યો

અમદાવાદ | રશિયન યુવતીને વિવાદ થતા પત્ની અને તેના બાળકોના વિઝા અને પાસપોર્ટ લઈ પતિ રાજકોટ જતો રહ્યો હતો. વિદેશી યુવતીએ પતિ પાસે પાસપોર્ટ અને વિઝાની માંગણી કરતા વેપારીએ આપવાની ના પાડી દીધી હતી. વિદેશી મહિલાએ ચાંદખેડા પોલીસનો સંપર્ક કરતા પોલીસે મહિલાના પતિને બોલાવીને પાસપોર્ટ અને વિઝા પરત અપાવ્યા હતા.ગોવામાં રાજકોટના વેપારી સાથે પ્રેમ થતા લગ્ન કર્યા : પાસપોર્ટ લેવા ચાંદખેડા પોલીસનો સંપર્ક કર્યો બનાવની વિગત મુજબ ૩૨ વર્ષીય રશિયન યુવતી ગોવા ફરવા માટે આવી હતી.



## બિપરજોય વાવાઝોડાને લઈ મુખ્યમંત્રીની અપીલ

# સ્થળાંતર માટે સહયોગ આપો, સૂચનાઓનું પાલન કરો



- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટની વ્યવસ્થાઓ ગોઠવી દીધી છે
- રાજ્ય સરકાર દિવસ રાત સૌની સલામતી માટે સેવારત
- ભારે વરસાદ અને તિવ્ર પવનની આગાહીને પગલે બને ત્યાં સુધી ઘરમાં જ સલામત રહીએ અને બહાર નિકળવાનું ટાળીએ
- વૃક્ષ નીચે, થાંભલાઓ પાસે કે જુના જર્જરીત મકાનોમાં આશ્રય લેવાનું ટાળીએ
- વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડીએ નહી અને વીજ થાંભલાથી દૂર રહીએ

ગાંધીનગર | તા. 13

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડાની સંભવિત આપદાને પગલે નાગરિકોને સુરક્ષા- સલામતી માટે વહીવટી તંત્રનો સહયોગ કરવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ બિપરજોય વાવાઝોડાની આ સંભવિત આપતીને પહોંચી વળવા રાજ્ય સરકારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં જે આગોતરૂ આયોજન કર્યું છે તેની વિગતો આપી હતી. ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને કરેલી અપિલમાં જણાવ્યું કે, ઝિરો કેઝ્યુઆલિટીના એપ્રોચ સાથે રાજ્ય સરકારે આગોતરા બચાવ- રાહત, પૂન:વ્યવસ્થાપનના આયોજન સુનિશ્ચિત કરી લીધા છે. મુખ્યમંત્રીએ નાગરિકોને રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વખતો વખત અપાતી સૂચનાઓ-નિર્દેશીકાનું પાલન કરવાની પણ અપીલ કરી છે.



### નિર્દેશિકાનું લોકોએ પાલન કરવું જોઇએ

તેમણે લોકોને અપીલ કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વખતો વખત અપાતી સૂચનાઓ અને નિર્દેશિકાનું લોકોએ પાલન કરવું જોઈએ. ખાસ કરીને ભારે વરસાદ અને તિવ્ર પવનની આગાહીને પગલે બને ત્યાં સુધી ઘરમાં સલામત રહીએ અને બહાર નિકળવાનું ટાળીએ. વૃક્ષ નીચે, વીજળીના થાંભલાઓ પાસે કે જુના જર્જરીત મકાનોમાં આશ્રય લેવાનું ટાળીએ. વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડીએ નહીં અને વીજ થાંભલાથી દૂર રહીએ. જરૂરિયાતના સમયે સ્થળાંતર માટે તંત્રનો સહયોગ કરો.

## ગુજરાત હાઇકોર્ટનો મહત્વનો નિર્ણય

### વાવાઝોડા દરમિયાન કોર્ટ બંધ રાખવા પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક જજને સત્તા સોંપી

અમદાવાદ | તા. 13

બિપરજોય વાવાઝોડાનો ખતરો ગુજરાત તરફ આગળ વધી રહ્યો છે. દરિયાકાંઠાના જિલ્લાઓમાં તેની સૌથી વધુ અસર દેખાવવાની શરૂ થઈ ચૂકી છે. ત્યારે સમગ્ર રાજ્યમાં ભારે પવન અને વરસાદ વરસી શકે છે. આ શક્યતાઓને જોતા જજ, વકીલ અને પક્ષકારોની તથા કર્મચારીઓની જાન માલની સલામતીને ધ્યાને રાખીને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકોની સલામતી માટે નિર્ણય લેવાયો ગુજરાત હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ આશિષ જે દેસાઈ દ્વારા તમામ 33 જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક જજને વાવાઝોડા દરમિયાન કોર્ટ બંધ રાખવાની સત્તા આપવામાં આવી છે.

## અમદાવાદમાં હવે ટ્રાફિક પોલીસ જ નહીં પરંતુ AMCની ટીમ પણ વાહનો ટો કરીને લઇ જશે, 7 ક્રેન ભાડે લેવાશે



અમદાવાદ | તા. 13

અમદાવાદ શહેરમાં સૌથી મોટી સમસ્યા ટ્રાફિક સમસ્યા છે. રોડ પર આડેધડ વાહનો મૂકવાના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય છે. જો હવે તમારું વાહન રોડ ઉપર આડેધડ પાર્ક કરી દેશો તો માત્ર ટ્રાફિક પોલીસ જ નહીં પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ વાહન ટો કરી લેશે. જોકે, કોર્પોરેશનની ટીમ વાહન પકડશે તો દંડ 100થી 500 સુધી ભરવો પડશે. ટ્રાફિકમાં નડતરરૂપ વાહનોને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ લોક મારી દેશે અને વાહનોને ટો કરીને પણ લઈ જશે. જેના માટે સાત જેટલી ક્રેન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભાડે લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક ઝોનમાં એક ક્રેન ફાળવવામાં આવશે અને દરરોજ અલગ અલગ વોર્ડમાં મુખ્ય રોડ ઉપર જ્યાં નો-પાર્કિંગ હોવા છતાં પણ વાહનો પાર્ક કરેલા હશે તો તેને ટો કરીને લઈ જવામાં આવશે. મ્યુ. કોર્પોરેશન દ્વારા ક્રેન ભાડે લેવામાં આવશે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા વાહનો ટો કરીને લઈ જશે. જેના માટે થઈ અને દંડની રકમ ટુ વહીલર માટે 100થી 500 અને ગાડીની 500 લેવામાં આવે છે.

## ફ્લાઇટમાં અમદાવાદથી દિલ્હી જતા 14 કલાક લાગ્યા

અમદાવાદ | અમદાવાદથી દિલ્હી આમ તો ટ્રેનમાં 14 કલાકનો સમય લાગે છે, પણ અમદાવાદ એરપોર્ટ પરથી દિલ્હી જતી ફ્લાઈટ પણ સાડા બાર કલાકના વિલંબ બાદ રવાના થતા 57 પેસેન્જરો મુશ્કેલીમાં મુકાયા હતા. અન્ય બીજી ફ્લાઈટનો વિકલ્પ ન હોવાથી તમામે આખી રાત એરપોર્ટ પર પસાર કરવી પડી હતી. સ્પાઈસ જેટની અમદાવાદથી દિલ્હી જતી ફ્લાઈટ રવિવારે રાતે 9.35 વાગ્યે ઉડાન ભરવાની હોવાથી પેસેન્જર સાંજે 7 વાગ્યે એરપોર્ટ પહોંચી ગયા હતા. જોકે રવિવારે મુંબઈ, દિલ્હીમાં ભારે વરસાદને કારણે મોટા ભાગની ફ્લાઈટ્સના શેડ્યુલ ખોરવાયા હોવાથી દિલ્હીની ફ્લાઈટ પણ મોડી પડી હતી.

# સિંધુભવન રોડ પર મલ્ટિલેવલ પાર્કિંગ, 68 દુકાનોની હરાજી કરી 200 કરોડ મેળવાશે

## પાંચમા માળે ઓપન ટેરેસનો કોમર્શિયલ ઉપયોગ કરી શકાશે નહીં

અમદાવાદ | તા. 13

AMC દ્વારા શહેરના પોશ ગણાતા સિંધુ ભવન રોડ પર તૈયાર કરવામાં આવેલ મલ્ટિલેવલ પાર્કિંગમાં કુલ 68 દુકાનોનું હરાજીથી વેચાણ કરવાની કવાયત હાથ ધરી છે અને આ દુકાનોની હરાજી મારફતે રૂ. 200 કરોડ એકત્રિત કરવાની ધારણા છે. આ મલ્ટિલેવલ પે એન્ડ પાર્કનાં પાંચમા માળ સાથે ઓપન ટેરેસનાં હક આપવા અંગે સર્જાયેલાં વિવાદ બાબતે ટીપી કમિટી ચેરમેને એવી સ્પષ્ટતા કરી હતી કે, પાંચમા માળનાં ઓપન ટેરેસનો કોમર્શિયલ ઉપયોગ કરી શકાશે નહિ. સિંધુભવન રોડની આસપાસના વિસ્તારમાં અનેક કોમર્શિયલ અને રહેણાંકની સ્કીમો બની ગઇ હોવાથી ટ્રાફિકનું ભારણ વધવાને કારણે સિંધુભવન રોડ પર વિશાળ પ્લોટમાં 391 ફોર વ્હીલર અને 900 ટુ- વ્હીલરની કેપેસિટી ધરાવતું પે એન્ડ પાર્ક બનાવ્યુ છે અને સિંધુભવન પે એન્ડ પાર્કની તમામ કોમર્શિયલ સ્પેસનાં વેચાણ માટે જે બેઝ પ્રાઈસ રાખવામાં આવી છે તેની ગણતરી કરતાં 200 કરોડ જેટલી થાય છે. પરંતુ ઈ-ઓકશનમાં મોટી કંપનીઓ જેવા ભાગ લેશે તે જોતાં આવક 200 કરોડથી વધુ થવાની ધારણા છે. સિંધુભવન પરના પે એન્ડ પાર્કના ગ્રાઉન્ડ ફ્લોરમાં 23 દુકાન-શો-રૂમ બનાવવામાં આવ્યા છે. પહેલા માળે 16 જેટલી દુકાન-શો-રૂમ તથા ઓફિસ ઉપયોગ થઇ શકે તે પ્રકારની કોમર્શિયલ સ્પેસ છે.



## TAT પરીક્ષામાં ઉમેદવારો મુંઝાયા

# પરીક્ષાના 5 દિવસ બાકી છતાં કટઓફ બહાર ન પડતા તૈયારી અંગે મુંઝવણ

અમદાવાદ | તા. 13

4 જૂને TATની પ્રિલીમરી પરીક્ષા યોજાઈ હતી.18 જૂને TAT ની મુખ્ય પરીક્ષા યોજાશે. જોકે 4 જૂને જે ઉમેદવારોએ પરીક્ષા આપી હોય તે ઉમેદવારોએ કટ ઓફમાં આવશે તે જ ઉમેદવારો મુખ્ય પરીક્ષા આપી શકશે.હવે પરીક્ષાના 5 દિવસ બાકી છે છતાં કટ ઓફ ના આવતા ઉમેદવારો તૈયારી કરવી કે નહીં તે અંગે મુંઝવણ છે. 1.65 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી શિક્ષણ વિભાગમાં સ્કૂલોમાં શિક્ષકોની ભરતી કરવા માટે TATની પરીક્ષા લેવામાં આવી હતી.માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ભરતી માટે TATની પરીક્ષા લેવામાં આવે છે.4 જુનના રોજ TAT ની રાજ્યભરમાં પરીક્ષા યોજાઈ હતી.રાજ્યભરમાં 1.65 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.રાજ્યના અલગ અલગ 5 કેન્દ્રોમાં પરીક્ષા યોજવામાં આવી હતી.આ પરીક્ષામાં કટ ઓફની અંદર આવનાર ઉમેદવારોની 18 જુનના રોજ મુખ્ય પરીક્ષા યોજાશે ત્યારબાદ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. હવે 5 દિવસ બાકી છે TATના ઉમેદવાર સુભાન સૈયદે જણાવ્યું હતું કે ભરતી પ્રક્રિયા કરવામાં સરકારને રસ ના હોય તેવું લાગી રહ્યું છે.4 જૂને પરીક્ષા થઈ છતાં હજુ કટ ઓફ જાહેર કરવામાં આવ્યું નથી.હવે 5 દિવસ બાકી છે છતાં કટ ઓફ ના આવતા ક્યાં ઉમેદવારોએ પરીક્ષાની તૈયારી કરવી અને ક્યાં ઉમેદવારોએ તૈયારી ના કરવી તર અંગે સવાલ છે તો ઝડપથી કટ ઓફ જાહેર કરવામાં આવે.

## રાજ્યભરની 90 બોગસ પેઢી પાસેથી 2.50 કરોડ વસૂલાયા

અમદાવાદ | સમગ્ર દેશમાં બોગસ પેઢીઓ શોધવા માટે જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા ડ્રાઈવ શરૂ કરાઈ હતી, જેમાં સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટે રાજ્યભરમાંથી 90 બોગસ પેઢી શોધી કાઢી છે. આ બોગસ પેઢીઓમાં પાસેથી 2.25 કરોડની રિકવરી કરાઈ છે. સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં કેન્દ્ર સરકારના આદેશ બાદ બોગસ પેઢીઓ શોધવાનું શરૂ કરાયું હતું. ડિપાર્ટમેન્ટનાં સૂત્રોએ જણાવ્યું કે, સ્થળ તપાસમાં એસજીએસટીને 90 બોગસ પેઢી રાજ્યમાંથી મળી આવી હતી. આ બોગસ પેઢીઓમાં સૌથી વધારે સ્ક્રેપ, ફાર્મા, કેમિકલ અને ટ્રેડિંગ માટેની પેઢીઓ હતી.

## કંપનીને બ્રિજની ગુણવત્તાનું સુપરવિઝન સોંપાયું હતું

# હાટકેશ્વર બ્રિજ કેસમાં SGSના 2 કર્મચારીને 7 દિવસના રિમાન્ડ

અમદાવાદ | તા. 13

હાટકેશ્વર બ્રિજનું નબળુ બાંધકામ કરી નિર્દોષ પ્રજાનો જીવ જોખમમાં મુકી મ્યુનિ.ને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવાના ગુનામાં એસ.જી.એસ કંપનીના કર્મચારી પ્રવિણ દેસાઇ અને ભાઈલાલ પંડયાની ખોખરા પોલીસે ધરપકડ કરી છે. પોલીસે બન્ને આરોપીને મેટ્રો કોર્ટમાં રજૂ કરી 7 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. કોર્પોરેશને હાટકેશ્વર બ્રિજના બાંધકામનો કોન્ટ્રાક્ટ અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રાસ્ટ્રકચરને આપ્યો હતો. કંપનીએ બ્રિજના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળું મટીરિયલ વાપર્યુ હતું. જેના કારણે બ્રિજને તાત્કાલિક બંધ કરી દેવાયો હતો અને કોર્પોરેશને અજય એન્જિનિયરિંગના ડાયરેક્ટરો અને આ બ્રિજનું સુપરવિઝન કરતી એસ.જી.એસ કંપની કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં પોલીસની સંભવિત ધરપકડ ટાળવા માટે અજય એન્જિનિયરિંગના 4 ડાયરેક્ટરો સેશન્સ કોર્ટ થી લઈને સુપ્રીમ કોર્ટ સુધી આગોતરા જામીન અરજી કરી હતી. જે અરજીઓ કોર્ટે ફગાવી દેતા 4 આરોપીઓએ આખરે ખોખરા પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતાં.

## મેયર સમિટમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે

# જુલાઈમાં યુ-20 સમિટ, 55 દેશના મેયર શહેરના મહેમાન બનશે



અમદાવાદ | તા. 13

જુલાઈમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યુ-20 મેયર સમિટ યોજાવાની છે. મેયર સમિટની સંપૂર્ણ વ્યવસ્થા કરવાની જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની છે. મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ તરફથી અમદાવાદ મ્યુનિ. ને વિદેશના 105 શહેરનો સંપર્ક કરવાની સૂચના મળી છે. 7 અને 8 જુલાઈ દરમિયાન યોજાનારી સમિટમાં વિવિધ શહેરના કુલ 105 મેયર ભાગ લેશે.

### આ વર્ષને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ જાહેર કર્યું

આ પૈકી 55 મેયર વિદેશની ધરતી પરથી આવવાના છે. અત્યાર સુધી એમ્સ્ટરડેમ, લોસ એન્જલિસ, મોસ્કો, રિયાધ જેવા 14 મોટા શહેરના મેયરોએ સમિટમાં ભાગ લેવા સંમતિ આપી છે. સંકલન, પ્રોટોકોલ, ઈવેન્ટ સહિતની વિવિધ આનુષાંગિક કામગીરી માટે 7 ડેપ્યુટી મ્યુનિ. કમિશનર, 2 સિનિયર આસિસ્ટન્ટ કમિશનર, 5 આસિસ્ટન્ટ કમિશનર સહિત 50 અધિકારીની ટીમ તૈયાર કરાઈ છે.

## આરોપી મહિલા વકીલોને પણ હેરાન કરતો હતો

# 18 ગુનામાં સજા કાપી રહેલા આરોપીએ જામીન અરજી કરી

અમદાવાદ | તા. 13

ગુજરાત હાઈકોર્ટમાં એક વિચિત્ર પ્રકારનો કિસ્સો નોંધાયો છે. 18 ગુનાઓમાં જેલમાં સજા કાપી રહેલા આરોપીએ હંગામી જામીન મેળવવા અરજી કરી છે. પોતાની નાદુરસ્ત તબિયતનું બહાનું કાઢીને જામીન માગવામાં આવ્યા હતા, પરંતુ આશ્ચર્ય વચ્ચે તેની માતાએ દીકરાને જામીન પર નહી છોડવા રજૂઆત કરી છે. સુનાવણી ચાલતી હતી ત્યારે હાઈકોર્ટના મહિલા વકીલે કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે, આ આરોપી માથાભારે છે તેણે જામીન પર છુટીને હાઈકોર્ટના 3 મહિલા વકીલો સાથે અણછાજતું વર્તન કર્યુ છે. જે મહિલા વકીલો તેના જામીન અપાવવામાં નિષ્ફળ ગયા તેમની સાથે કોર્ટમાં ખરાબ વર્તન કરાતા પોલીસને પણ બોલાવી હતી. જસ્ટિસ નિર્ઝર દેસાઈની કોર્ટે આરોપીના જામીન અરજી ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટમાં 18 ગુના ધરાવતા આરોપીએ તબિયતને ધ્યાનમાં લઈને હંગામી જામીન મેળવવા અરજી કરી હતી. તે અંગે તેની માતાને જાણ થતા તેણે હાઈકોર્ટમાં સોંગદનામું કરીને દીકરાને જામીન નહી આપવા માગણી કરી છે. તેની માતાએ એવી રજુઆત કરી હતી કે, તેનો દિકરો જામીન પર છુટીને તેને મારે છે, હેરાન કરે છે.

## શહેરમાં એમ્બ્રોઇડરીનાં 3 લાખ કારખાનાં બંધ થયા

# 2015 બાદ બંધ થયેલી સરકારી સહાય શરૂ કરવા માટે એસોસિયેશનની માગ

અમદાવાદ | તા. 13

અમદાવાદ જિલ્લા ઉદ્યોગ અને અમદાવાદ એમ્બ્રોઈડરી એસોસિએશનની મળેલી મીટિંગ રવિવારે મળી હતી. જેમાં એમ્બ્રોઈડરી મશીન પર મળતી સરકાર સહાય ફરી શરૂ કરવા માંગ કરવામાં આવી હતી. આ સહાય બંધ થવાના કારણે એમ્બ્રોઈડર ઉદ્યોગને ખાસો માર મળ્યો છે. સરકારી સહાય બંધ થવાથી 3 લાખ કારખાના બંધ થયા હોવાનું પ્રમુખ દલસુખ પટેલે જણાવ્યું હતું. અમદાવાદ શહેરમાં એમ્બ્રોઈડરી મશીનના 1.50 લાખ કારખાના હાલમાં ચાલે છે. અગાઉ શહેરમાં 4.50 લાખથી વધારે એમ્બ્રોઈડરી મશીનો ચાલતા હતા. પરંતુ સરકાર સહાય બંધ થવાના કારણે આ સેકટરને મોટું નુકશાન થયું છે. તેમાં 2015 પછી કેન્દ્ર સરકાર દ્વારા મશીન ઉપર મળતી સબસીડી બંધ કરી છે. વર્ષ 2015 પછી નવા મશીનો જેમણે લીધા હોય તેમને ત્યારથી સબસીડી ચાલુ કરી આપવા ચર્ચાઓ કરવામાં આવી હતી.



### સહાય બંધ થવાના કારણે આ સેકટરને મોટું નુકશાન

આ અંગે એસોસિએશનના પ્રમુખ દલસુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ ગૃહ ઉદ્યોગે લાખો લોકોની રોજગારીને ટકાવવી રાખવા સરકારે જમીન ફાળવી શેડ બાંધીને રાહત આપવી જોઈએ. કેમ કે આજે પણ મોટા ભાગના લોકો ભાડાના શેડ રાખી રહ્યા છે તેમજ મોટા ભાગના મશીનો રહેણાંક વિસ્તારમાં ચાલે છે તેના કારણે અનેક વાર વિસ્તારના રહીશો સાથે બોલાચાલી અને મારામારી જેવા ઘર્ષણ થાય છે. બીજી તરફ જોબવર્ક ન મળવાથી રો-મટીરીયલ ખરીદી પ્રોડક્શન કરવું પોસાય તેમ નથી તેથી સહાય આપવી જોઈએ.

# લિવઈનમાં રહેતી યુવતીને કોર્ટે કહ્યું, ખોટી રીતે પૈસા પડાવવાનું બંધ કરો

## યુવકે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાની યુવતીએ હાઈકોર્ટમાં ફરિયાદ કરી

અમદાવાદ | તા. 13

યુવક પાસેથી લાખો રૂપિયા પડાવ્યા બાદ ફ્લેટ અપાવવાની ઈચ્છા પૂરી નહીં થતા યુવતીએ લિવઈન પાર્ટનર સામે સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યની ફરિયાદ નોંધાવી. પોલીસને પુરાવા નહીં મળતા યુવક સામે કોઈ પગલા નહીં લેતા યુવતીએ હાઈકોર્ટ પહોંચી હતી. અરજીમાં એવી રજૂઆત કરી છે કે, તેને યુવક સાથે સોશિયલ મીડિયા પર પરિચય થયો હતો. પ્રત્યક્ષ મળીને બન્ને લિવઈનમાં રહેવા લાગ્યા હતા. બે વર્ષ સુધી લિવ ઈનમાં રહ્યા હતા. લિવ ઈન દરમિયાન યુવક તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરતો હતો. યુવક સામે આઈપીસીની કલમ 377 હેઠળ ધરપકડ કરવા અને ભરણપોષણની દાદ માગી છે. અરજીમાં ભરણપોષણની માગણી કરતા હાઈકોર્ટે સખત નારાજગી દર્શાવીને એવી ટકોર કરી હતી કે, તમે પુખ્ત છો તો તમને ખ્યાલ નથી કે શું કરાય? ખોટી રીતે યુવક પાસેથી પૈસા પડાવવાના ધંધા બંધ કરો. હાઈકોર્ટે પોલીસ અને યુવકને નોટિસ પાઠવીને વધુ સુનાવણી 15 દિવસ બાદ મુકરર કરી છે. પુનામાં રહેતા યુવક સાથે અમદાવાદની યુવતી સોશિયલ મીડિયા મારફતે પરિચયમાં આવી હતી. યુવક પુનાની આઈ.ટી કંપનીમાં નોકરી કરતો હતો, જ્યારે યુવતીએ પોતાને આર્કિટેકટ બતાવી હતી. યુવક જ્યારે અમદાવાદ આવ્યો ત્યારે યુવતીએ કહ્યું કે, તેને પૈસાના અભાવે આર્કિટેકટનો અભ્યાસ છોડી દેવો પડશે. તેથી યુવકે તેને ફી અને ભાડાના બે લાખ રૂપિયા આપ્યા હતા અને ભણવાનું નહીં છોડવા કહ્યુ હતુ. ત્યારબાદ બન્નેએ લિવઈનમાં રહેવાનું નક્કી કર્યુ હતુ. યુવકે ગાંધીનગરની કંપનીમાં નોકરી શોધી લીધી. યુવતી સાથે રહેવા લાગ્યો હતો. યુવતી મોંઘી દાટ વસ્તુઓ માગણી કરી હતી અને તેના બિલ પોતાના નામે બનાવતી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...